RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા　૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ ભાદરવા વદ - ૧૦　મંગળવાર તા.૦૬-૧૦-૨૦૨૬　અંક : ૮૯ વર્ષ : ૨૨　email :rajkot@aaspassindia.com　કિંમત રૂા. ૨-૫૦　પાના - ૮

# નાઈજીરિયામાં વાયુસેનાનું પ્લેન ક્રેશ: ૩૨ લોકોના મોત

## મૃતકોમાં૨૫મુસાફરોઅને૭સૈન્યક્રૂસભ્યોનોસમાવેશ, બેનિનસિટીથીલાગોસજઈરહ્યુંહતુંATR-42વિમાન

ઓંડો,

પશ્ચિમ આફ્રિકન દેશ નાઈજીરિયામાંથી એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. દેશના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં આવેલા ઓંડો રાજયમાં નાઈજીરિયન વાયુસેનાનું એક સૈન્ય વિમાન અનિયંત્રિત થઈને જમીનદોસ્ત થયું છે. આ દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં કુલ ૩૨ લોકો સવાર હતા, જેમાં ૨૫ સામાન્ય મુસાફરો અને ૭ સૈન્ય ક્રૂ સભ્યોનો સમાવેશ થતો હતો. નાઈજીરિયાના પ્રમુખ બોલા અહમદ ટિનુબુએ આ ભયાનક અકસ્માતની સત્તાવાર




પુષ્ટિ કરી છે અને મૃતકોના શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, નાઈજીરિયન વાયુસેનાનું છ્ઈ-૪૨ મોડેલનું વિમાન બેનિન સિટીથી લાગોસ તરફ પોતાના નિયમિત મિશન પર ઉડાન ભરી રહ્યું હતું. આ કોઈ વિશેષ ઈમરજન્સી કે ઓપરેશનલ ફ્લાઈટ નહોતી પરંતુ રોજિંદી સામાન્ય સૈન્ય સફર હતી. ઉડાન ભર્યા બાદ થોડા જ સમયમાં અચાનક એર ટ્રાફિક કંટ્રોલ સાથેનો સંપર્ક તૂટી ગયો હતો અને ક્ષણભરમાં પ્લેન ઓંડો રાજયના ઈગ્બોકોડા વિસ્તારમાં તૂટી પડ્યું હતું. નાઈજીરિયાના ઉડ્ડયન મંત્રી ફેસ્ટસ કીયામોએ ઘટનાક્રમની વિગતો આપતાં જણાવ્યું કે એર ટ્રાફિક કંટ્રોલે સોમવારે સવારે વિમાન સાથેનો સંપર્ક ગુમાવી દીધો હતો. ત્યારબાદ વિમાન ક્રેશ થયાની પુષ્ટિ થઈ હતી. પ્લેનનો કાટમાળ કોસ્ટલ વિસ્તાર પાસે મળી આવ્યો હતો. જે બાદ તાબડતોબ બચાવ ટુકડીઓ દોડી ગઈ હતી અને બોટની મદદથી પાણી અને કાંઠાના વિસ્તારોમાં મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પ્રમુખ બોલા અહમદ ટિનુબુએ વાયુસેનાને તાત્કાલિક અસરથી સમગ્ર અકસ્માતની નિષ્પક્ષ તપાસ શરૂ કરવાનો કડક આદેશ આપ્યો છે, જેથી કયા ટેકનિકલ કે હવામાન સંબંધિત કારણોસર આ દુર્ઘટના સર્જાઈ તે જાણી શકાય અને ભવિષ્યમાં આવા જીવલેણ બનાવોને અટકાવી શકાય.

## અમદાવાદમાં ૮૯૦ સ્થળે ગરબાનું આયોજન

### સુરક્ષા માટે પોલીસે એક્શન પ્લાન તૈયાર, દરરોજ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરાશે

અમદાવાદ,

અમદાવાદ ગ્રામ્યમાં નવરાત્રી દરમિયાન સુરક્ષા માટે પોલીસે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. જિલ્લામાં કુલ ૮૯૦ સ્થળે ગરબાનું આયોજન છે, જેમાં ૧૭ કોમર્શિયલ ગરબાની અરજીઓ મળી છે.

બોપલ અને અમદાવાદ શહેરને અડીને આવેલા ગરબા આયોજનો પર ખાસ નજર રાખવામાં આવશે. કોમર્શિયલ ગરબા આયોજકો માટે ૨૪ પોઈન્ટની ચેકલિસ્ટ તૈયાર કરાઈ છે અને પોલીસ દ્વારા દરરોજ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવશે. ગરબા સ્થળે ઝ્રઝ્ર રૂમ, મહિલા-બાળકો માટે અલગ હેલ્પ ડેસ્ક, પોલીસ અને મેડિકલ ડેસ્ક ફરજિયાત રહેશે. દ્વઈં અને ય્ઁદ્ઘ ઢ માટે અંગ્રેજીમાં સૂચના માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવશે. ફાયર, મેડિકલ અને ઈશ્ સ્ વિભાગની સંયુક્ત ટીમ ૯



ઓક્ટોબરે જોઈન્ટ ડ્રિલ પણ યોજશે. ફાયર વિભાગના ઓનલાઈન પોર્ટલ પર ૨૬ અરજીઓ આવી છે. સાયબર ક્રાઈમથી બચવા લોકોને અધિકૃત પ્લેટફોર્મ પરથી જ પાસ ખરીદવા સૂચના આપવામાં આવી છે.

## બ્રિટિશ એરવેઝની ફ્લાઈટમાં ઈમરજન્સી!

### ૩૭,૦૦૦ ફૂટથી અચાનક લગભગ ૯,૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવી ગયું

લંડન,

ફ્લાયદુબઈ ફ્લાઈટમાં પાઈલટ વચ્ચે હિંસક મારપીટને કારણે ગણતરીની સેકન્ડમાં ફ્લાઈટ હજારો ફૂટ નીચે આવી જવાના બનાવ પછી વધુ એક ફ્લાઈટ અચાનક હજારો ફૂટ નીચે આવી ગઈ હતી. લંડનથી અમેરિકાના શિકાગો જનારી બ્રિટિશ એરવેઝની ફ્લાઈટને આયર્લેન્ડના ઉપરથી ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી, જેમાં સ્કવોક ૭૭૦૦ સિગ્નલ (ઈમરજન્સી) સિગ્નલ મોકલવામાં આવ્યું હતું, જેને પ્રવાસીઓમાં અફડાતફડીનો માહોલ ઊભો થયો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી.

બ્રિટિશ એરવેઝની ફ્લાઈટ (મ્ર૯૫)ને આયર્લેન્ડના આકાશથી ઉપર ઉડતી વખતે અચાનક ઝડપથી નીચે ઉતારવાનું શરુ કર્યું હતું. વિમાનના કેપ્ટને અચાનક ૩૭,૦૦૦ ફૂટથી લગભગ ૯,૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવી ગયું હતું એના પછી વિમાનચાલકે ૭૭૦૦ ઈમરજન્સી કોડ જાહેર કર્યો હતો. આ વિમાનનો ઈમરજન્સી સ્થિતિનો સંકેત આપે છે. મળતી માહિતી અનુસાર બ્રિટિશ એરવેઝની બોઈંગ ૭૭૭-૨૦૦ઈઇ ફ્લાઈટે લંડનના હીથ્રો ટર્મિનલ પાંચ પરથી સવારના ૧૧.૫૦ વાગ્યે ઉડાન ભરી હતી, જ્યારે તેનો ટ્રાવેલ ટાઈમ ૮.૪૦ કલાક નિર્ધારિત કર્યો હતો એ વખતે આયર્લેન્ડના આકાશમાં અચાનક એની ઊંચાઈ પરથી ઘટીને છેક નવ હજારો ફૂટ નીચે આવી ગયું હતું.

એરલાઈન મીડિયાના અહેવાલ અનુસાર અચાનક ઓપરેશન સંબંધિત સમસ્યા આવી હતી એના પછી પાઈલટે વિમાનને ઝડપથી ઓછી કરી હતી, ત્યાર

## રાજ્યની ૧૫ હજાર સરકારી ઈમારતો પર લગાવાશે સોલાર

### પરંપરાગત વીજળી સ્ત્રોતો પરની નિર્ભરતા ઘટાડવા સાથે સરકારના વીજ ખર્ચમાં ઘટાડો કરવાનો ઉદ્દેશ, ૩૧૪ કરોડની ફાળવણી કરાઈ

ગાંધીનગર,

ગુજરાતમાં ૧૫ હજાર સરકારી ઈમારતો પર સોલાર રૂફટોપ લગાવવામાં આવશે. જે અંતર્ગત ૨૦૨૬-૨૭ માટે રૂ. ૩૧૪ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ગુજરાત સરકારી ઈમારતો પર ગ્રીડ-કનેક્ટેડ રૂફટોપ સોલાર સિસ્ટમ્સના વિસ્તરણ સાથે સ્વચ્છ ઊર્જા તરફ આગળ વધી રહ્યું છે. આ કાર્યક્રમ હેઠળ ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન રાજ્યએ ૧૫ હજાર સરકારી ઈમારતોને આવરી લેવાનો લક્ષ્યાંક રાખ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોએ જણાવ્યું કે, ક્લાઈમેટ ચેન્જ વિભાગ હેઠળ ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી દ્વારા ૨૦૧૧-૧૨થી અમલમાં મુકાયેલી આ પહેલનો હેતુ પુનઃપ્રાપ્ય ઊર્જાને પ્રોત્સાહન આપવાનો, પરંપરાગત વીજળી સ્ત્રોતો પરની નિર્ભરતા ઘટાડવાનો અને સરકારના વીજ ખર્ચમાં ઘટાડો કરવાનો છે. સૂત્રોએ જણાવ્યું કે, ૨૦૨૫-૨૬ દરમિયાન આ કાર્યક્રમમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી હતી, જેમાં ૧૩૭૭ સરકારી ઈમારતો પર રૂફટોપ સોલાર સિસ્ટમ્સ લગાવવામાં આવી હતી અને



૧૭.૧ મેગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતાનો ઉમેરો થયો હતો. આ વિસ્તરણ સાથે, માર્ચ ૨૦૨૬ સુધીમાં રૂફટોપ સોલાર સિસ્ટમ ધરાવતી સરકારી ઈમારતોની કુલ સંખ્યા ૬૦૧૪ પર પહોંચી ગઈ હતી, જેનાથી આ પહેલ હેઠળ કુલ સ્થાપિત ક્ષમતા ૯૫ મેગાવોટ થઈ હતી.સૂત્રોએ ઉમેર્યું કે, આ વર્ષે સરકારી ઈમારતો પર રૂફટોપ સોલાર સિસ્ટમ્સ લગાવવાનું સૌથી મોટું વિસ્તરણ થઈ રહ્યું છે. ૧૫,૦૦૦ સરકારી ઈમારતો પર તે લગાવવામાં આવશે. જેનાથી આશરે ૬૫ મેગાવોટ સૌર ક્ષમતા ઉમેરાવાની અપેક્ષા છે, જે રાજ્યના જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉપયોગને વધુ મજબૂત બનાવશે.આ કાર્યક્રમ માટે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં રૂ.૩૧૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તેમાંથી સામાન્ય સરકારી ઈમારતો માટે રૂ. ૨૭૮ કરોડ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની ઈમારતો માટે રૂ. ૩ કરોડ અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સંચાલિત ઈમારતો માટે રૂ. ૩૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

## હુથી બળવાખોરો સામે સાઉદીની રક્ષા કરવા તૂર્કીયે-પાકિસ્તાનની સેના મેદાને

### સામૂહિક રક્ષા અને 'એક પર હુમલો, બધા પર હુમલો' ની નીતિ, સુરક્ષાને લઈને આક્રમક વલણ

રિયાધ,

રિયાધમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય કટોકટી બેઠક બાદ પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તૂર્કિયેએ હૂતી હુમલાઓના સખત જવાબમાં મક્કા રક્ષા કરાર હેઠળ સામૂહિક રક્ષા જવાબદારી તાત્કાલિક લાગુ કરવા પર સહમતિ દર્શાવી છે. આ મહત્વપૂર્ણ નિર્ણય બાદ નક્કી કરાયેલા લશ્કરી દળોની સાઉદી અરેબિયામાં વ્યાપક તૈનાતી, સહિયારી સુરક્ષા વ્યવસ્થા અને ઉભરતા જોખમો સામે નિવારક તૈયારીઓ પર વિશેષ ભાર મૂકવામાં આવશે. ત્રણેય દેશોએ સુરક્ષાને લઈને આક્રમક વલણ અપનાવ્યું છે.

પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તૂર્કિયેએ ગત ઓગસ્ટ મહિનામાં જ મક્કા જોઈન્ટ ડિફેન્સ



એગ્રીમેન્ટ પર ઐતિહાસિક હસ્તાક્ષર કર્યા હતા. આ કરારની શરતો મુજબ ત્રણેય દેશોમાંથી કોઈપણ એક દેશ પર સશસ્ત્ર હુમલો થવાની સ્થિતિને તમામ ત્રણેય દેશો પર થયેલો હુમલો ગણવામાં આવશે. હવે હૂતી જૂથના હુમલાઓ વચ્ચે આ કરારને સક્રિય કરવાથી ત્રણેય દેશો વચ્ચે લશ્કરી સહયોગ અને વ્યૂહાત્મક ભાગીદારીનું સ્તર અભૂતપૂર્વ રીતે વધવાની વાત સામે આવી છે. સાઉદી રક્ષા મંત્રી ખાલિદ બિન સલમાને સોશિયલ મીડિયા પર સત્તાવાર પોસ્ટ શેર કરતા જણાવ્યું કે ગઠબંધનની રૂપરેખા હેઠળ સામૂહિક નિવારક પગલાં તાત્કાલિક સક્રિય કરવામાં આવ્યા છે. આ મોટો નિર્ણય યમનના ઈરાન સમર્થિત હૂતી જૂથ દ્વારા કરવામાં આવેલા હુમલાઓ અને તેના માટે જવાબદાર તત્વોના સંદર્ભમાં લેવામાં આવ્યો છે. કરાર હેઠળ મંજૂર વ્યવસ્થા મુજબ સાઉદી અરેબિયામાં લશ્કરી દળો અને સુરક્ષા ક્ષમતાઓ તૈનાત કરવાની ત્વરિત તૈયારીઓ હાથ ધરવામાં આવશે.

## ફ્લાયદુબઈ પ્લેન હાઈજેક ષડ્યંત્ર પાછળ ઈરાનનો હાથ: પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આક્ષેપથી ખળભળાટ

### ૯/૧૧ જેવો હુમલો કરવાની હતી ઘાતક યોજના, ઓમાનના રહેવાસી કો-પાઈલટ અલ-હમ્મામીનું આયોજન અત્યંત ભયાનક હતું

વોશિંગટન,

આકાશમાં સેંકડો નિર્દોષ મુસાફરો મુસાફરી કરી રહ્યા હોય અને અચાનક કોકપિટની અંદરથી જ મોતનું તાંડવ શરૂ થઈ જાય તો? ૩૦ સપ્ટેમ્બરના રોજ ફ્લાયદુબઈની ફ્લાઈટ હ્લઢ૧૦૭૩ માં બનેલી ઘટનામાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ નિષ્ફળ આતંકવાદી કાવતરા માટે સીધો ઈરાન પર આરોપ લગાવીને આંતરરાષ્ટ્રીય ચર્ચા જગાવી છે.

દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટમાં બનેલી ઘટના સામાન્ય ક્રાઈમ નહોતી, પરંતુ એક આતંકવાદી કાવતરું હતું. વ્હાઈટ હાઉસ પરિસરમાં જયારે પત્રકારોએ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પૂછ્યું કે શું આ નિષ્ફળ આતંકવાદી હુમલા પાછળ ઈરાન જવાબદાર છે, ત્યારે તેમણે કોઈપણ ખચકાટ વિના કહ્યું. હા, મને એવું જ લાગે છે. હું અંગત રીતે એવું માનું છું કે આ ષડયંત્ર માટે ઈરાન જ જવાબદાર છે. ટ્રમ્પના આ નિવેદન બાદ હવે આંતરરાષ્ટ્રીય તપાસ એજન્સીઓ અને રાજદ્વારી વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે.

તપાસ અહેવાલો મુજબ, ઓમાનના રહેવાસી કો-પાઈલટ અલ-હમ્મામીનું આયોજન અત્યંત ભયાનક હતું. તેની યોજના ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર પર જીવલેણ હુમલો કરી તેમને બેભાન કે ખતમ કરીને વિમાનનું સંપૂર્ણ નિયંત્રણ પોતાના હાથમાં લેવાની હતી. ત્યારબાદ તે ઈઝરાયલના બેન ગુરિયન એરપોર્ટ પર ઉતરાણની મંજૂરી મેળવીને વિમાનને કોઈ ઈમારત સાથે અથવા એરપોર્ટ પર પહેલેથી ઊભેલા અન્ય કોઈ વિમાન સાથે

## દેશમાં ૫ વિધાનસભા,એક લોકસભાની પેટાચૂંટણીનું સવારથી મતદાન શરૂ



નવીદિલ્હી,

દેશના ત્રણ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની છ બેઠકો પર યોજાઈ રહેલી પેટાચૂંટણી માટે આજે સવારથી જ મતદાન શરૂ થઈ ગયું છે.જેમાં મતદારો ઉત્સાહભેર કતારોમાં ઉભા રહીને પોતાના મત આપી રહ્યા છે. ભાજપ, કૉંગ્રેસ, ટીએમસી, ડીએમકે અને સીપીઆઈ સહિતના મુખ્ય રાજકીય પક્ષો વચ્ચે કાંટે કી ટક્કર જોવા મળી રહી છે, જેમાં પશ્ચિમ બંગાળની નંદીગ્રામ અને રેજીનગર, તમિલનાડુની મધુરાંતકમ તથા ધારાપુરમ બેઠકો, પુડુચેરીની થટ્ટનચાવડી બેઠક અને આસામની નાગાંવ લોકસભા બેઠક પર રાજકીય ભવિષ્ય ઈફસ માં કેદ થઈ રહ્યું છે.

## યુએસ-ચીન દુશ્મનાવટએ વિશ્વભરના વિવિધ દેશો પાસે રહેલી શક્તિ અને સંસાધનોને પણ હથિયાર બનાવી દીધા છે: જયશંકર

### અમેરિકાની એકલતાથી લઈને ચીનની વધતી શક્તિ સુધી, જયશંકર વિશ્વની ગતિશીલતા ઉજાગર કરે છેં

નવીદિલ્હી,

બદલાતા વૈશ્વિક રાજકારણનું ચિત્ર રજૂ કરતા વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે વિશ્વ ઝડપથી એવા તબક્કામાં પ્રવેશી રહ્યું છે જ્યાં અમેરિકાની ભૂમિકા બદલાઈ રહી છે અને ચીન સતત તાકાત મેળવી રહ્યું છે. તેમણે કહ્યું કે અમેરિકાએ પોતાની પસંદગીથી પોતાને "એકલી શક્તિ" બનાવી છે, જ્યારે ચીનનો ઉદય ઝડપથી વૈશ્વિક ગતિશીલતામાં ફેરફાર કરી રહ્યો છે. જયશંકરે કહ્યું કે યુએસ-ચીન દુશ્મનાવટ હવે આ બે દેશો સુધી મર્યાદિત નથી. આ દુશ્મનાવટએ વિશ્વભરના વિવિધ દેશો પાસે રહેલી શક્તિ અને સંસાધનોને પણ હથિયાર બનાવી દીધા છે.

નવી દિલ્હીમાં આયોજિત મ્યુનિક લીડર્સ મીટિંગ ૨૦૨૬ ના ઉદઘાટન સત્રમાં બોલતા જયશંકરે કહ્યું કે આજના વિશ્વની સૌથી મહત્વપૂર્ણ લાક્ષણિકતા અમેરિકાનું "આમૂલ પુનઃસ્થાપન" છે, જે તેની વૈશ્વિક ભૂમિકામાં એક મોટો ફેરફાર છે. તેમણે કહ્યું કે આ પરિવર્તન અમેરિકાની પોતાની પસંદગી છે અને તે એક રીતે જાણી જોઈને "એકલી શક્તિ" બની ગયું છે. બીજો મુખ્ય મુદ્દો ચીનનો ઉદય છે. ચીન પોતાને એક ખાસ અને અનોખો દેશ માને છે, અને ઘણી રીતે, તેની સ્થિતિ પણ આનું પ્રતિબિંબ પાડે છે. જયશંકરે કહ્યું કે બંને વચ્ચે તીવ્ર સ્પર્ધા છે, જે વિશ્વભરમાં સંબંધો અને નિર્ણયોને અસર કરી રહી છે.જયશંકરે કહ્યું કે વર્તમાન સ્પર્ધા ફક્ત અમેરિકા અને ચીન વચ્ચે જ નથી. તે વિશ્વભરના અન્ય દેશોને પણ અસર કરી રહી છે. તેમના મતે, કોઈપણ દેશ જેની પાસે સૌથી મજબૂત સંસાધનો અથવા ફાયદા છે તે તેનો ઉપયોગ તેના ફાયદા માટે કરી રહ્યો છે. તેમણે પ્રશ્ન કર્યો કે શું સપ્લાયર અથવા ખરીદનાર પાસે વ્યવહારમાં વધુ શક્તિ છે? શું ઉત્પાદન પર નિયંત્રણ વધુ મહત્વપૂર્ણ છે કે મોટા બજારમાં હિસ્સો? કોની પાસે વધુ ખરીદ શક્તિ છે? જયશંકરે કહ્યું કે વિવિધ ક્ષેત્રોમાં વધુ નિયંત્રણ, પ્રતિબદ્ધતા અને નિર્ણય લેવાની ક્ષમતા ધરાવતો ખેલાડી તેમના પ્રભાવનો વધુ સારી રીતે ઉપયોગ કરી શકશે.

જયશંકરે અમેરિકા અને ચીન વચ્ચેની સ્પર્ધા વચ્ચે "ગોલ્ડીલોક" પરિસ્થિતિ વિશે વાત કરી હતી. તેમનો મતલબ એવી વ્યવસ્થાનો હતો જે ન તો ખૂબ તંગ હોય અને ન તો એટલી છૂટી હોય કે એક શક્તિ પ્રભુત્વ મેળવે. તેમણે કહ્યું કે વિશ્વને સંપૂર્ણ સંતુલનની સ્થિતિની જરૂર છે.

## કાર્ગો શીપ પર રશિયાનો ડ્રોન એટેક

રોમાનિયા સ્થિત ભારતીય દૂતાવાસે માહિતી આપી છે કે રશિયન ડ્રોન દ્વારા થયેલો હુમલો રોમાનિયાની દરિયાઈ સીમાની બહાર થયો હતો. બ્લેક સીમાં રશિયન ડ્રોન દ્વારા એમવી રોયાડ મમાદોવ નામના કાર્ગો શિપને નિશાન બનાવવામાં આવ્યું હતું. આ કાર્ગો શિપમાં ત્રણ ભારતીય નાગરિકો પણ હતાં. આ હુમલામાં શિપનો કેપ્ટન મોતને ભેટ્યો હતો. જ્યારે એક ભારતીય ક્રૂ મેમ્બરને ઈજા પહોંચી હતી. જ્યારે અન્ય ભારતીયો સુરક્ષિત હોવાનું જણાવાયું છે. હુમલા બાદ 'એમવી રોયાડ મમાદોવ' નામના આ કાર્ગો શિપમાં ભીષણ આગ લાગી ગઈ હતી અને બાદમાં તે ડૂબી ગયું હતું.

## આસામના નગાંવમાં ૪.૫ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

નગાંવ,

આસામના નગાંવમાં આજે મંગળવારે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાતા ધરતી ધ્રૂજી ઉઠી હતી અને લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ ભૂકંપની તીવ્રતા ૪.૫ નોંધાઈ હતી, જેની અસર નગાંવ તેમજ આસપાસના વિસ્તારોમાં વર્તાતા લોકોમાં દહેશતનો માહોલ છવાઈ ગયો છે, લોકો નીદરમાંથી જાગી ગયા હતા જોકે હાલ કોઈ મોટા નુકસાનના અહેવાલની રાહ જોવામાં આવી રહી છે.

# દંપતીને અમેરિકા મોકલવાના બહાને ૮૦ લાખની છેતરપિંડી

## બિઝનેસ વિઝાના નામે ચાર દિવસમાં જ વિદેશ મોકલવાની લાલચ આપી અમદાવાદમાં આવેલી ફેક્ટરીના માલિકને ઠગ ટોળકીએ સીસામાં ઉતાર્યા

અમદાવાદ,

અમદાવાદના ઓઢવ વિસ્તારમાં ડાય કાસ્ટિંગની ફેક્ટરી ધરાવતા વેપારીના પુત્ર અને પુત્રવધૂને માત્ર ચાર જ દિવસમાં ઈ-બિઝનેસ વિઝા પર અમેરિકા મોકલી આપવાના બહાને કલોલના બે એજન્ટો અને ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્કમાં આવેલી ટોળકીએ બોગસ વિઝા અને એર ટિકિટ બતાવી ૮૦ લાખ રૂપિયા પડાવી લઈ છેતરપિંડી આચરી છે. સમગ્ર મામલે ભોગ બનનાર વેપારીએ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમની આર્થિક ગુના નિવારણ શાખામાં કલોલના બે યુવકો સહિત કુલ ૬ શખસો સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી અનુસાર, નાના ચિલોડા ખાતે રહેતા અને ઓઢવમાં ફેક્ટરી ચલાવતા જીતેન્દ્ર પટેલે તેના પુત્ર જીલ અને પુત્રવધૂ કંચનબહેનને અમેરિકા મોકલવા માટે તેના સાળા મારફતે સંપર્ક સાધ્યો હતો. આ દરમિયાન ઈન્સ્ટાગ્રામ આઈડી ચલાવતા સુખબિરસિંઘ બાજવા અને તેના માણસો સાથે મેમકો ઓમનગર ફાટક પાસે એક મીટિંગ યોજાઈ હતી. જેમાં કલોલના શિવેન બારોટ અને જય બારોટે વેપારીના પુત્ર-પુત્રવધૂને ચાર દિવસમાં ઈ-બિઝનેસ વિઝાથી અમેરિકા મોકલવા માટે કુલ ૧.૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ થશે તેમ કહી વિશ્વાસ કેળવ્યો હતો અને બંનેના અસલ પાસપોર્ટ મેળવી લીધા હતા.

ત્યારબાદ આરોપીઓએ વિઝા પ્રોસેસિંગના બહાને બાપુનગર ખાતે આવેલી આંગડિયા પેઢીમાં નાણાં જમા કરાવવા જણાવ્યું હતું. ફરિયાદીએ સગા-સંબંધીઓ પાસેથી નાણાં એકઠા કરીને છઠ્ઠી નવેમ્બર ૨૦૨૩ના રોજ ૫૫ લાખ રૂપિયા અને સાતમી નવેમ્બર ૨૦૨૩ના રોજ ૨૫ લાખ રૂપિયા મળીને કુલ ૮૦ લાખ રૂપિયા આંગડિયા પેઢીમાં જમા કરાવ્યા હતા. નાણાં મેળવ્યા બાદ આરોપીઓએ વોટ્સએપ પર પીડીએફ ફોર્મેટમાં ઈ-વિઝા મોકલ્યા હતા. જોકે, તેની ઓનલાઈન ચકાસણી કરતા તેમાં દર્શાવેલ મોબાઈલ નંબર અને ઈમેલ અન્ય જ વ્યક્તિના હોવાથી વિઝા તદ્દન બનાવટી હોવાનું ખુલ્લું પડ્યું હતું. આ ઉપરાંત વોટ્સએપ પર મોકલેલી ફ્લાઈટ ટિકિટ પણ માત્ર એક એપ્લિકેશનમાં જ શો થતી હોવાનું સામે આવ્યું હતું.

પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનો એહસાસ થતાં વેપારીએ નાણાં પરત માંગતા આરોપીઓ વાયદા કરવા લાગ્યા હતા. બાદમાં તપાસ કરતા સામે આવ્યું હતું કે બાપુનગરમાં જમા કરાવેલા નાણાં પૈકી ૫૫ લાખ રૂપિયા રાજકોટની રૈયા રોડ શાખામાંથી જય બારોટના નામે અજાણ્યો શખ્સ તથા સુરતની સરથાણા શાખામાંથી ૨૫ લાખ રૂપિયા અન્ય અજાણ્યો શખસ ઉપાડી ગયો હતો. ઠગાઈનો ભોગ બનેલા જીતેન્દ્ર પટેલે અંતે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે કલોલના બે એજન્ટો સહિત ૬ સભ્યોની ટોળકી સામે આકરા પગલાં ભરવાની તજવીજ શરૂ કરી છે.

# વિદેશથી MBBS કરેલા ઈન્ટર્ન ડોક્ટરોને સ્ટાઈપેન્ડ આપવા અંગે રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

## વિદેશથી MBBS કરેલા ઈન્ટર્ન ડોક્ટરોને પણ હવેથી પ્રતિ માસ રૂ.૨૧,૮૪૦/- સ્ટાઈપેન્ડ મળશે

ગાંધીનગર,

આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, યુવાહિતને પ્રાધાન્ય આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સબળ માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા વિદેશથી સ્નાતક અભ્યાસક્રમ પાસ કરેલા ઈન્ટર્ન તબીબોના હિતમાં આ મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. તેમણે વિગતો આપતાં જણાવ્યું હતું કે, નેશનલ મેડિકલ કમિશન, ન્યુ દિલ્હીના નિયમો મુજબ વિદેશ ખાતેથી સ્નાતકનો અભ્યાસ પૂર્ણ કરેલ દેશના દરેક તબીબી વિદ્યાર્થીએ ભારતમાં ફરજિયાત એક વર્ષની ઈન્ટર્નશીપ કરવાની હોય છે.

રાજ્યની સરકારી અને જીએમઈઆરએસ મેડિકલ કોલેજો ખાતે ઈન્ટર્નશીપ કરતા આવા સ્નાતક ઈન્ટર્ન તબીબોને રાજ્યના અન્ય ઈન્ટર્ન તબીબો જેટલું જ, એટલે કે પ્રતિ માસ રૂ. ૨૧,૮૪૦/- નું સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવશે.

રાજ્ય સરકારના આ વિદ્યાર્થીહિતલક્ષી નિર્ણયથી નેશનલ મેડિકલ કમિશન, ન્યુ દિલ્હીના નિયમોનુસાર ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા રાજ્યની સરકારી અને જીએમઈઆરએસ મેડિકલ કોલેજો ખાતે તા. ૦૧/૦૬/૨૦૨૬ અને તા. ૦૧/૧૦/૨૦૨૬ થી ઈન્ટર્નશીપ પોસ્ટીંગ મેળવનારા આશરે ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રતિ માસ રૂ. ૨૧,૮૪૦/- નું સ્ટાઈપેન્ડ મળવા પાત્ર રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાના માર્ગદર્શન હેઠળ લેવાયેલા આ સંવેદનશીલ નિર્ણયથી વિદેશથી અભ્યાસ કરીને પરત ફરેલા રાજ્યના હોનહાર તબીબી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને આર્થિક ટેકો મળશે.

# અમદાવાદમાં ટ્રાફિક પીએસઆઈ ભરત પંડ્યાને ફરજ મોકૂફ કરાયા

## કાર અકસ્માત અને કારમાંથી દારૂની બોટલો મળી આવ્યા બાદ કરાઈ કાર્યવાહીં



અમદાવાદ,

શહેરમાં ફરી એકવખત પોલીસ વિભાગને શર્મસાર કરતી એક મોટી ઘટના સામે આવી છે જેમાં એક ટ્રાફિક પીએસઆઈની કારમાંથી ૯ દારૂની બોટલ મળી આવતાં ખળભળાટ મચ્યો છે. ત્રાગડના રબારીવાસના નાકે પીએસઆઈ ભરત પંડ્યાની ક્રેટા કચરાના ઢગલામાં ઘૂસી ગઈ હતી. અકસ્માત બાદનો વીડિયો વાયરલ થતાં પીએસઆઈ નશાની હાલતમાં હોવાની શંકા વ્યક્ત થઈ હતી. સમગ્ર મામલે સાબરમતી પોલીસે જૈં સામે બે અલગ-અલગ કેસ નોંધી તપાસ શરૂ કરી છે.

એમ ડિવિઝનમાં ફરજ બજાવતા ટ્રાફિક પોલીસના પીએસઆઈ ભરત પંડ્યા સામે ગંભીર ફરિયાદ નોંધાઈ છે. ત્રાગડ વિસ્તારમાં રબારીવાસના નાકે તેમની ક્રેટા કાર કચરાના ઢગલામાં ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો, જેમાં પીએસઆઈ નશાની હાલતમાં હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી. બનાવની જાણ થતાં સાબરમતી પોલીસની પીસીઆરની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને પીએસઆઈ ભરત પંડ્યાને પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા.

# વિદ્યાર્થીઓના વર્તનને લઈને ડીઈઓનો મોટો આદેશ: તમામ શાળામાં કાઉન્સેલિંગ, શિક્ષકોને ખાસ સૂચના

## શાળાઓમાં છેલ્લા એક અઠવાડિયામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે જોડાયેલી ચાર ગંભીર ઘટનાઓ સામે આવ્યા બાદ શિક્ષણ વિભાગ સક્રિય

અમદાવાદ,

અમદાવાદ શહેરની અલગ-અલગ શાળાઓમાં છેલ્લા એક અઠવાડિયામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે જોડાયેલી ચાર ગંભીર ઘટનાઓ સામે આવ્યા બાદ શિક્ષણ વિભાગ સક્રિય બન્યો છે. વિદ્યાર્થીઓના વર્તનમાં કોઈ નકારાત્મક ફેરફાર જોવા મળે તો શરૂઆતથી જ તેની નોંધ લઈ જરૂરી પગલાં લેવા માટે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તમામ શાળાઓને સૂચના આપવામાં આવી છે.

શાળાઓમાં હવે માત્ર અભ્યાસ પર જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓના માનસિક અને શારીરિક વર્તન, પરસ્પર વ્યવહાર અને સામાજિક વર્તન પર પણ ધ્યાન આપવા જણાવાયું છે. જરૂરિયાત મુજબ વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરવા ઉપરાંત શિક્ષકોને તેમની સાથે સતત સંવાદ જાળવવા માટે પણ સૂચના આપવામાં આવી છે.દાન સ્વીકારો

બાપુનગરની જીવન સાધના સ્કૂલમાં ધોરણ-૧૧ના એક વિદ્યાર્થીને કેટલીક વિદ્યાર્થિનીઓ વારંવાર સામે જોવાના મુદ્દે ટોકવામાં આવ્યો હતો. વિદ્યાર્થિનીઓએ આ અંગે શિક્ષકને પણ જાણ કરી હતી. આ પછી સ્કૂલની બહાર વિદ્યાર્થીએ ત્રણ વિદ્યાર્થિનીઓ સાથે મારામારી કરી હોવાનો આક્ષેપ છે. ઘટનામાં બે વિદ્યાર્થિનીઓને ઈજા થઈ હોવાનું સામે આવ્યું હતું. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને શાળા સંચાલને વિદ્યાર્થીને એલસી આપી શાળામાંથી દૂર કર્યો હતો.

પાલડીની શારદા મંદિર સ્કૂલમાં ધોરણ-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ વચ્ચે એક વિદ્યાર્થિની સાથે વાતચીત કરવાના મુદ્દે વિવાદ થયો હતો. શાળામાં થયેલી બોલાચાલી બાદ મામલો ઉગ્ર બન્યો અને વિદ્યાર્થીઓ વચ્ચે મારામારી થઈ હતી.આ ઘટના બાદ શાળા સ્તરે જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.મણિનગરની પ્રગતિ સ્કૂલમાં કોમ્પ્યુટર શિક્ષક સામે વિદ્યાર્થિનીને સોશિયલ મીડિયા મારફતે અભદ્ર સંદેશા મોકલવાનો આક્ષેપ થયો હતો. વિદ્યાર્થિનીએ આ અંગે તેના મિત્રને જાણ કર્યા બાદ તેણે શિક્ષકનો મોબાઈલ તપાસ્યો હતો. પોલીસ અને શાળા સ્તરે મામલો પહોંચ્યા બાદ શાળા સંચાલને શિક્ષકને નોકરીમાંથી દૂર કર્યો હતો. સમગ્ર મામલે જરૂરી તપાસ અને કાર્યવાહી કરવામાં આવી હોવાનું શિક્ષણ વિભાગે જણાવ્યું છે.

# ગાંધીનગરમાં યોજાશે માર્ગ-મકાન વિભાગની બેદિવસીય ચિંતન શિબિર

## ફ્યુચર રેડી ગવર્નન્સના વિષયો પર ફોકસ રહેશે



ગાંધીનગર,

રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગની વિભાગવ્યાપી પ્રથમ ચિંતન શિબિર-૨૦૨૬ આગામી ૮ અને ૯ ઓક્ટોબરે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણાથી આ દ્વિદિવસીય શિબિરનું આયોજન માર્ગ મકાન સચિવ પ્રભાત પટેલિયાના માર્ગદર્શનમાં થઈ રહ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ મુખ્ય સચિવ એમ. કે. દાસ આ ચિંતન શિબિરના પ્રથમ દિવસે વિશેષ ઉપસ્થિત રહેવાના છે.

ગતિ, ગુણવત્તા અને ગૌરવ સાથે વિકસિત ગુજરાત ૨૦૪૭ માટે માળખાકીય સુવિધાઓને વેગ એ વિષય વસ્તુ સાથે યોજાનારી આ ચિંતન શિબિરમાં માર્ગ મકાન વિભાગની કામગીરી, વર્તમાન પડકારો અને ભવિષ્યની દિશા અંગે વિસ્તૃત વિચાર-વિમર્શ સામૂહિક રીતે હાથ ધરવામાં આવશે.

માર્ગ મકાન વિભાગે પાયાથી ટોચ સુધીનો અભિગમ અપનાવીને વિભાગ કક્ષા તેમજ સર્કલ લેવલની અગાઉ યોજેલી ચિંતન શિબિરોમાં વર્ક આસિસ્ટન્ટથી લઈને ચીફ ઈજનેર સુધીના અધિકારીઓ સક્રિય પણે સહભાગી થયા હતા.

# અમદાવાદના એસપી રિંગ રોડ પર ૩૧ કાચા-પાકા અને કોમર્શિયલ દબાણ હટાવાયા, ભૂવાના કારણે ડાયવર્ઝન

## નાના ચિલોડા સર્કલ નજીક મનપાના ઉત્તર ઝોન એસ્ટેટ વિભાગનું મેગા ડિમોલિશન



અમદાવાદ,

અમદાવાદમાં વધતા ટ્રાફિકને હળવો કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રસ્તાઓ પરના નડતરરૂપ દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા એસપી રિંગ રોડ પર નાના ચિલોડા સર્કલ નજીક મનપાના ઉત્તર ઝોન એસ્ટેટ વિભાગે મેગા ડિમોલિશન હાથ ધર્યું હતું. કાર્યવાહી દરમિયાન સર્વિસ રોડ પર આવેલા કુલ ૩૧ કાચા-પાકા અને કોમર્શિયલ દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

નાના ચિલોડા નજીક એસપી રિંગ રોડના સર્વિસ રોડ પર લાંબા સમયથી ખાણીપીણીની લારીઓ સહિત વિવિધ પ્રકારના નાના-મોટા કોમર્શિયલ બાંધકામો ઊભા થઈ ગયા હતા. આ દબાણોને કારણે સર્વિસ રોડનો ઉપયોગ મુશ્કેલ બન્યો હતો અને મુખ્ય માર્ગ પર પણ ટ્રાફિકનું ભારણ વધતું હતું.આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગની ટીમે ૫ ઓક્ટોબરની સવારે કાર્યવાહી કરી હતી. એક હિટાચી અને બે જેસીબી મશીનની મદદથી આશરે ૯૦૦ મીટર વિસ્તારમાં આવેલા નડતરરૂપ બાંધકામો દૂર કરવામાં આવ્યા હતા.

મનપાની કાર્યવાહી દરમિયાન સર્વિસ રોડ પર આવેલા કુલ ૩૧ ગેરકાયદે દબાણોને દૂર કરવામાં આવ્યા છે.

# નવરાત્રીના પવીત્ર પર્વને લઈને પાવાગઢ ખાતે રોપવે સેવાના સમયમાં વધારો

પાવાગઢ,

આસો નવરાત્રીના પવીત્ર પર્વને ધનમાં રાખીને પાવાગઢ ખાતે માતાજીના દર્શન માટે ખુબ મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે આવતા હોવાથી રોપવે સેવા માટે ખાસ સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. ભક્તોની સંભવિત ભીડને ધ્યાનમાં રાખીને નવરાત્રિ દરમિયાન રોપવે સેવા સામાન્ય દિવસો કરતાં વહેલી સવારે શરૂ કરવામાં આવશે.

નવરાત્રીના કેટલાક દિવસોમાં રોપવે સેવા સવારે ૪:૦૦ વાગ્યાથી શરૂ થશે, જ્યારે અન્ય દિવસોમાં સવારે ૫:૦૦ વાગ્યાથી રોપવે શરૂ કરવામાં આવશે. ભક્તો અને મુસાફરોની સુવિધા માટે રોપવે સેવા રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી ચાલુ રાખવામાં આવશે. જો ભક્તોની ભીડ વધુ રહેશે તો રોપવે સેવાનો સમય લંબાવવામાં આવે તેવી શક્યતા પણ છે.

આસો નવરાત્રી દરમિયાન એકમ, ત્રીજ, સાતમ, આઠમ, નવમી, તેરસ, ચૌદશ અને પૂનમના દિવસે રોપવે સેવા સવારે ૪:૦૦ વાગ્યાથી શરૂ થશે.

જ્યારે બીજ, ચોથ, પાંચમ, છઠ્ઠ, દશમ, અગિયારસ અને બારસના દિવસે રોપવે સેવા સવારે ૫:૦૦ વાગ્યાથી શરૂ કરવામાં આવશે.

પવીત્ર નવરાત્રી દરમિયાન પાવાગઢમાં દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો પહોંચવાની શક્યતા છે. ત્યારે વહેલી સવારે રોપવે સેવા શરૂ કરવાનો નિર્ણય ભક્તોને સુવિધા આપવા અને ભીડનું સંચાલન સરળ બનાવવા માટે મહત્વપૂર્ણ રહેશે.

# અમદાવાદમાં મોટા ભાઈએ નાના ભાઈની ૧૨ વર્ષની દીકરીને પોર્ન વીડિયો બતાવી દુષ્કર્મ આચર્યું

## રામોલ પોલીસે આરોપીની અંકલેશ્વરથી ધરપકડ કરી

અમદાવાદ,

અમદાવાદના રામોલમાંથી ૧૨ વર્ષીય સગીરા સાથે દુષ્કર્મનો ગંભીર બનાવ સામે આવ્યો છે..સગીરાના જ પરિવારના નજીકના સગા સામે દુષ્કર્મનો આરોપ લાગ્યો છે. આરોપીએ સગીરાને પોર્ન વીડિયો બતાવી દુષ્કર્મ આચર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. રામોલ પોલીસે આરોપીની અંકલેશ્વરથી ધરપકડ કરી છે.કાળા બુરખામાં જોવા મળતા શખ્સની દુષ્કર્મ કેસમાં રામોલ પોલીસે ધરપકડ કરી છે.

આ આરોપીએ પોતાના સગા નાના ભાઈની ૧૨ વર્ષની દીકરી સાથે દુષ્કર્મ આચર્યું છે.. ૧૫ સપ્ટેમ્બરે ૧૨ વર્ષની દીકરી ઘરે એકલી હતી ત્યારે આરોપીએ તેની સાથે દુષ્કર્મ આચર્યાનો આરોપ છે.આરોપીએ સગીરાને પોર્ન વીડિયો બતાવ્યો હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે.ત્યારબાદ ગત ૨ ઓક્ટોબરે ફરી આરોપીએ સગીરા સાથે અડપલા કર્યા હોવાનો આક્ષેપ છેપસગીરાએ સમગ્ર ઘટના પોતાની માતાના મિત્રને જણાવી હતી..માતાના મિત્રએ સગીરાની માતાને જાણ કરતા સમગ્ર મામલો પરિવારના ધ્યાને આવ્યો હતો.. આ દરમ્યાન આરોપી મોબાઈલ બંધ કરીને ફરાર થઈ ગયો હતો. રામોલ પોલીસે મોબાઈલ લોકેશન અને ટેક્નિકલ મદદથી અંકલેશ્વરથી આરોપીની ધરપકડ કરી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી રામોલ વિસ્તારમાં પત્નિ અને બે બાળકો સાથે રહેતો હતો..પરંતુ પતિ પત્ની વચ્ચે ઝઘડો થતા પત્નિ રિસાઈને પિયર જતી રહી હતી..જેથી આરોપી છેલ્લા ૬ માસથી પોતાના સગા નાના ભાઈના ઘરે રહેવા આવ્યો હતો.. આરોપી અને તેનો નાનો ભાઈ ભરૂચ ખાતે દહેજ માં એક ફેક્ટરીમાં નોકરી કરતા હતા.. અને નોકરીમાંથી રજા લઈને ઘરે આવતા હતા.. ૧૫ સપ્ટેમ્બર ના રોજ આરોપી અને તેનો નાનો ભાઈ રજા લઈને આવ્યા હતા.. પરિવારના અન્ય સભ્યો બહાર ગયા હતા..ઘરે ૧૨ વર્ષની દીકરી અને તેનો નાનો ભાઈ ઘરે એકલા હતા.

# ગુજરાતમાં યુસીસીની જાહેરાત બાદ મેરેજ સર્ટિફિકેટ માટે અરજીઓમાં અચાનક વધારો

## અમદાવાદ સહિત અનેક સ્થળોએ લગ્ન નોંધણી કરાવવા માટે અરજીઓમાં વધારો

અમદાવાદ,

ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ને રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ ૧ ઓક્ટોબરે તેનું ગેઝેટ પ્રકાશન થયું છે. આ સમાચાર બાદ લગ્ન નોંધણી અને મેરેજ સર્ટિફિકેટને લઈને લોકોમાં ભારે ચર્ચા શરૂ થઈ છે. અમદાવાદ સહિત અનેક સ્થળોએ લગ્ન નોંધણી કરાવવા માટે અરજીઓમાં વધારો જોવા મળ્યો હોવાના અહેવાલો સામે આવ્યા છે.

નવા કાયદામાં લગ્નની નોંધણીને મહત્વ આપવામાં આવ્યું છે. કાયદા મુજબ, યુસીસી અમલમાં આવ્યા બાદ થયેલા લગ્ન માટે નોંધણીનું મેમોરેન્ડમ ૬૦ દિવસની અંદર રજૂ કરવાની જોગવાઈ છે. જાણીને નોંધણી ન કરાવવાના કિસ્સામાં ૧૦,૦૦૦ સુધીની પેનલ્ટીની જોગવાઈ છે. ત્યારબાદ નોટિસ છતાં પાલન ન થાય તો વધુ કાર્યવાહી અને દંડની જોગવાઈ પણ છે.અહીં એક મહત્વની બાબત એ છે કે યુસીસીનું ગેઝેટ પ્રકાશિત થઈ ગયું હોવા છતાં કાયદો કઈ તારીખથી સંપૂર્ણપણે અમલમાં આવશે તે રાજ્ય સરકાર દ્વારા નક્કી થવાનું છે. એટલે હાલ લગ્ન થયાને વર્ષો વીતી ગયેલા તમામ લોકોને ૬૦ દિવસની સમયમર્યાદા લાગુ પડી ગઈ છે એવું માનવું યોગ્ય નથી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ૧ ઓગસ્ટ ૨૦૨૬થી લગ્ન નોંધણીની પ્રક્રિયાને ઓનલાઈન અને પેપરલેસ બનાવી છે. હવે નાગરિકો ઘરે બેઠા અરજી કરી દસ્તાવેજો અપલોડ કરી શકે છે.આ ડિજિટલ વ્યવસ્થા વચ્ચે યુસીસીની જાહેરાત બાદ મેરેજ સર્ટિફિકેટ માટે અરજીઓમાં અચાનક વધારો થયો હોવાના અહેવાલો છે. સામાન્ય દિવસોમાં દૈનિક ૧૫૦થી ૨૦૦ જેટલી અરજીઓ સામે હવે ૭૦૦થી વધુ અરજીઓ નોંધાતી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. એટલે ઓનલાઈન અરજીનો પ્રવાહ અનેક ગણો વધ્યો હોવાનું કહેવાય છે.ઓનલાઈન અરજીની સંખ્યા વધતા માત્ર પોર્ટલ પર ફોર્મ ભરવાથી પ્રક્રિયા પૂર્ણ થતી નથી. જરૂરી દસ્તાવેજોની ચકાસણી અને આગળની પ્રક્રિયા માટે ઉપલબ્ધ એપોઈન્ટમેન્ટ સ્લોટ મહત્વના બની જાય છે.અરજીઓ વધતા અગાઉ થોડા દિવસમાં મળતા સ્લોટ માટે હવે વધુ રાહ જોવી પડી રહી હોવાના અહેવાલો છે. પરિણામે લોકો પોતાના લગ્નના દસ્તાવેજો તૈયાર કરાવીને વહેલી તકે નોંધણી પૂર્ણ કરવાની દોડમાં જોડાયા છે.

# અમદાવાદમાં અજાણ્યા નંબર પરથી ન્યૂડ વીડિયો કોલ આવ્યા બાદ બ્લેકમેઈલિંગ : યુવકે ૪૯.૭૮ લાખ ગુમાવ્યા

**વાડજ વિસ્તારમાં સાયબર છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો**



અમદાવાદ,

અમદાવાદ શહેરના વાડજ વિસ્તારમાં સાયબર છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ૨૬ વર્ષીય યુવકને અજાણ્યા નંબર પરથી ન્યૂડ વીડિયો કોલ આવ્યા બાદ તેના વીડિયો રેકોર્ડ થઈ ગયાનો દાવો કરી બ્લેકમેઈલિંગ શરૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગઠિયાઓએ પોતાની ઓળખ દિલ્હી સાયબર ક્રાઈમ બ્રાન્ચના અધિકારી અને યુટ્યૂબના અધિકારી તરીકે આપી યુવકને પોલીસ કાર્યવાહી અને ધરપકડનો ડર બતાવ્યો હોવાની ફરિયાદ છે.

આ રીતે અલગ-અલગ કારણો આપીને યુવક પાસેથી કુલ રૂ.૪૯.૭૮ લાખ ટ્રાન્સફર કરાવી લેવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે. મામલે સાયબર ક્રાઈમ બ્રાન્ચે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. ફરિયાદ મુજબ, ખાનગી કંપનીમાં નોકરી કરતા યુવકને ૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ની રાત્રે વોટ્સએપ પર અજાણ્યા નંબર પરથી વીડિયો કોલ આવ્યો હતો. યુવકે કોલ રિસીવ કરતાં સામે એક યુવતી ન્યૂડ અવસ્થામાં જોવા મળી હતી. આ જોઈને યુવકે તરત જ કોલ કટ કરી દીધો હતો અને નંબર બ્લોક કરી દીધો હતો.થોડા સમય બાદ અન્ય નંબર પરથી ફરી વીડિયો કોલ આવ્યો હતો. આ વખતે સામેની વ્યક્તિએ યુવકને કહ્યું હતું કે તેનો વીડિયો રેકોર્ડ થઈ ગયો છે અને તેને વાઈરલ થતો અટકાવવો હોય તો પૈસા ચૂકવવા પડશે. યુવકે કોલ કટ કરીને નંબર પણ બ્લોક કરી દીધો હતો. દરમિયાન મોકલવામાં આવેલો એક વીડિયો પણ તેણે ડિલીટ કરી દીધો હતો.ફરિયાદ મુજબ, ૨૭ સપ્ટેમ્બરે યુવકને ફરી અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. સામેની વ્યક્તિએ પોતાની ઓળખ દિલ્હી સાયબર ક્રાઈમ બ્રાન્ચના અધિકારી સંજય અરોરા તરીકે આપી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ

# “વરિષ્ઠ નાગરિકો માટે ડિજિટલ સાક્ષરતા” કાર્યક્રમ યોજાયો

## સાયબર ફ્રોડથી બચવા અજાણી લિંક, ઓ.ટી.પી. અને ડિજિટલ પેમેન્ટમાં સાવચેતી રાખવાવડીલોને માર્ગદર્શન અપાયું




રાજકોટ: ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત ધારાસભ્યશ્રી ડો. દર્શિતાબેન શાહ તથા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સંજયભાઈ પીપળીયાની ઉપસ્થિતિમાં રાજકોટની રાષ્ટ્રીય શાળા ખાતે “વરિષ્ઠ નાગરિકો માટે ડિજિટલ સાક્ષરતા” કાર્યક્રમ યોજાયો હતો.

સમાજ સુરક્ષા વિભાગ અને બોલબાલા ટ્રસ્ટના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વરિષ્ઠ નાગરિકોએ સહભાગી બની ડિજિટલ સેવાઓ, સાયબર સુરક્ષા તેમજ આરોગ્યલક્ષી માર્ગદર્શન મેળવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી ડો. દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના વડીલોના આરોગ્યની ચિંતા કરતાં કેન્દ્ર સરકાર દ્વારા આયુષ્માન ભારત જેવી મહત્વપૂર્ણ યોજના અમલમાં મૂકવામાં આવી છે, જેના થકી લાખો વડીલોને નિઃશુલ્ક સારવારનો લાભ મળી રહ્યો છે. તેમણે ઉમેર્યું કે, આજના ડિજિટલ યુગમાં વરિષ્ઠ નાગરિકો પણ ડિજિટલ સેવાઓનો સુરક્ષિત રીતે ઉપયોગ કરી શકે તે માટે સાયબર જાગૃતિ અત્યંત જરૂરી છે. વડીલોને સાયબર ફ્રોડથી સુરક્ષિત રાખવા માટે સતત જનજાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. વરિષ્ઠ નાગરિકોને સ્વચ્છતા સહિતની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં સહભાગી બની દેશસેવામાં યોગદાન આપવા પણ તેમણે આહવાન કર્યું હતું.

આ તકે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સંજયભાઈ પીપળીયાએ સાયબર ફ્રોડથી બચવા માટે સાયબર જનજાગૃતિ કાર્યક્રમોનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે વડીલોને ડિજિટલ સેવાઓનો ઉપયોગ કરતી વખતે સાવચેતી રાખવા અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તાત્કાલિક યોગ્ય વિભાગનો સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન સાયબર ક્રાઈમ વિભાગના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કે.જે. રાણાએ વરિષ્ઠ નાગરિકોને યુ.પી.આઈ., ડિજિટલ પેમેન્ટ અને ઓનલાઈન બેન્કિંગ સેવાઓના સુરક્ષિત ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# ખંભાળીડાની બૌદ્ધ ગુફામાં વિદ્યાર્થીઓએ કર્યું ધ્યાન; અનુભવ થકી ‘વિરાસત’ને સમજવા અનોખો પ્રયાસ

## ઐતિહાસિક વારસા અંગે છાત્રોમાં સમજ કેળવવા ઈન્ટેક- રાજકોટ ચેપ્ટરની અનોખી પહેલ




રાજકોટ: ઐતિહાસિક સ્થળને માત્ર જોવાને બદલે તેને અનુભવવું, નિરીક્ષણ કરવું, પ્રશ્નો પૂછવા અને તેની સાથે સંવાદ સાધવો — આ વિશેષ અભિગમ સાથે ઈન્ટેક રાજકોટ ચેપ્ટર દ્વારા રોઝરી સ્કૂલ, રાજકોટના ધોરણ ૯ના ૭૫ વિદ્યાર્થીઓ માટે ખંભાળીડાની બૌદ્ધ શિલાકોતર ગુફાઓ અને નજીક આવેલા બૌદ્ધ વિહાર ખાતે ‘વારસા-શિક્ષણ’ અને ‘વારસા-અર્થઘટન’નો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને એક જ સ્થળને વિવિધ દ્રષ્ટિકોણથી સમજવાની તક આપવામાં આવી હતી. આ સાથે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ખંભાળીડાના સ્થાપત્ય, શિલ્પ, અવકાશ, બૌદ્ધ પરંપરા અને સ્થળની સાંસ્કૃતિક સ્મૃતિને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ તકે વિદ્યાર્થીઓ માટે ખાસ Observation & Sketching Activity યોજાઈ હતી. જેમાં તેમને ઈમારત અને તેના વિવિધ ઘટકોને ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરી, વિગતો ઓળખી અને તેને સ્કેચ દ્વારા વ્યક્ત કરવાની તક મળી.

બૌદ્ધ સ્થળના મૂળભૂત સ્વભાવને સમજાવવા માટે વિદ્યાર્થીઓને Meditation Session દ્વારા શાંતિ, એકાગ્રતા અને આંતરિક અનુભૂતિ સાથે જોડવામાં આવ્યા. ત્યારબાદ ઈષ્ઠા-ષ્ઠેં છષ્ઠિરૈંષ્ઠેંીને સમજાવતી પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ ખડકમાંથી રચાયેલા અવકાશ, શિલ્પ અને સ્થાપત્ય વચ્ચેનો સંબંધ સમજ્યો હતો.

વિદ્યાર્થીઓ માટે Detective Gameનું આયોજન કરવામાં આવ્યું. જેમાં તેમને ગુફાઓ અને શિલ્પોમાં છુપાયેલી વિવિધ વિગતો શોધવાની, સંકેતો ઓળખવાની અને પોતાના અવલોકનના આધારે જવાબો શોધવાની તક મળી હતી. આ પ્રવૃત્તિએ ઐતિહાસિક સ્થળને એક રસપ્રદ ‘ક્લૂ’ તરીકે રજૂ કર્યું અને વિદ્યાર્થીઓને સક્રિય રીતે સ્થળ વાંચવા પ્રેરિત કર્યા હતા. વિદ્યાર્થીઓને બૌદ્ધ ધર્મ, તેના વિચારો અને સૌરાષ્ટ્રમાં બૌદ્ધ પરંપરાની હાજરી અંગે ઐતિહાસિક સંદર્ભ આપવામાં આવ્યો. ગુફાઓને માત્ર એક સ્મારક તરીકે નહીં, પરંતુ વિશાળ ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંદર્ભમાં સમજાવવામાં આવી હતી.

આ સાથે Music Session દ્વારા વિદ્યાર્થીઓએ અવાજ, સંગીત અને સંવેદનાત્મક અનુભૂતિને વારસા સાથે જોડવાનો પ્રયાસ કર્યો હતો. આ પહેલ અંગે ઈન્ટેક રાજકોટ ચેપ્ટરના કન્વીનર આર્કિટેક્ટ રિદ્ધિ શાહે જણાવ્યું હતું કે, “AIના યુગમાં ઐતિહાસિક સ્થળ વિશેની માહિતી મેળવવી અત્યંત સરળ બની છે. પરંતુ માહિતી અને અનુભૂતિ વચ્ચેનો તફાવત મહત્વનો છે. અનુભવ દ્વારા વારસાની સમજ અને અર્થઘટન વિદ્યાર્થીઓને સ્થળને માત્ર જાણવા નહીં, પરંતુ તેને જોવાની, અનુભવવાની, પ્રશ્ન કરવાની અને અર્થઘટન કરવાની તક આપે છે. ભવિષ્યમાં હેરિટેજ ટૂરિઝમ પણ માત્ર સ્થળદર્શન પૂરતું ન રહીને આવા અર્થસભર અનુભવો તરફ આગળ વધવું જરૂરી છે.”

આ સમગ્ર આયોજન ઈન્ટેક રાજકોટના સભ્યો તેમજ કલાકાર જયેશ શુક્લા, આર્કિટેક્ટ ભવ્ય બલદેવ, Heritage Enthusiast હરિઓમ ગોહિલ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈતિહાસ વિષયના અનુસ્નાતક વિભાગના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર મુલાકાતના પ્રી-વિઝિટ સંકલન માટે મિતેશ જોશીનો વિશેષ સહયોગ રહ્યો હતો.રોઝરી સ્કૂલ, રાજકોટના ડિરેક્ટર ડૉ. વિશાલ વારિયાએ આવા કાર્યક્રમોના મહત્વને સ્વીકારતાં જણાવ્યું કે "વર્ગખંડની બહાર ઐતિહાસિક સ્થળ સાથે સીધો સંવાદ વિદ્યાર્થીઓના શિક્ષણને વધુ રસપ્રદ, સક્રિય અને યાદગાર બનાવે છે."

# મહેસુલી કર્મચારીઓની માસ સી.એલ. નામંજુર કરતા કલેકટર : વહીવટી કામગીરી ઠપ્પ

## અણઉકેલ રહેલા પ્રશ્નો ન ઉકેલાય ત્યાં સુધી લડત ચાલુ રાખવા મહામંડળ મકકમ

રાજકોટ:રાજકોટ સહિત રાજ્યભરના મહેસુલી કર્મચારીઓએ લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નનો નહી ઉકેલાતા રાજ્ય સરકાર સામે બાયો ચડાવી આંદોલનનું શસ્ત્ર ઉગામેલ છે. જેમાં આજે માસ સી.એલ. પર ઉતરી જતા કલેકટર સહિતની મહેસુલી કચેરીઓની કામગીરી પર અસર થતા દેકારો બોલી જવા પામેલ છે.

રાજકોટ શહેર-જિલ્લાના ૪૫૦ સહિત રાજ્યભરના અંદાજે ૪૫૦૦ જેટલા કર્મચારીઓએ રાજ્ય મહેસુલી કર્મચારી મહામંડળના આદેશથી ઉઠાવેલા આ આંદોલનના શસ્ત્રમાં મહેસુલી કર્મચારીઓના ટેકાના કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારીઓ પણ આંદોલનમાં જોડાયા હતા. દરમિયાન રાજકોટ જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશએ આ અંગે જણાવ્યું હતું કે રાજકોટ જિલ્લામાં આજે જે મહેસુલી કર્મચારીઓએ માસ સીએલનો રિપોર્ટ મુકેલ છે તે નામંજુર કરી દેવામાં આવેલ છે.

કલેકટર ડો. ઓમપ્રકાશ એ જણાવેલ છે કે મહેસુલી કર્મચારી મહામંડળ દ્વારા આગામી તા.૭ને બુધવારથી અચોકકસ મુદતની




હડતાલનું જે એલાન આપવામાં આવેલ છે. તે સંદર્ભે રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબ કાર્યવાહી કરવામાં આવશે. અહી એ ઉલ્લેખનીય છે કે રાજ્ય મહેસુલી કર્મચારી મહામંડળ દ્વારા મહેસુલી કર્મચારીઓના વિવિધ સેવા વિષયક પ્રશ્નો જેવા કે બઢતી-બદલી, સિનીયોરિટી યાદી મહેસુલી તલાટીઓના જોબચાર્ટમાંથી અન્ય વિભાગની કામગીરી દુર કરવા સહિતના ૧૪ જેટલા પ્રશ્નો અંગે રાજ્ય સરકારમાં વારંવારની રજુઆત કરવા છતા આ પ્રશ્નો અંગે કોઈપણ જાતની કાર્યવાહી નહી કરાતા આ આંદોલનના મંડાણ કરવામાં આવેલ છે. જેમાં કર્મચારીઓની માસ સી.એલ.ના પગલે મહેસુલી કચેરીઓમાં કામગીરી ઠપ્પ બની જવા પામેલ હતી. કલેકટર કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું કે રાજકોટ શહેર-જિલ્લાની કલેકટર સહિતની મહેસુલી કચેરીઓમાં બિનખેતી અશાંતધારા હકક-દાવા સહિતના અંદાજે ૪૦૦ જેટલી ફાઈલોનો નિકાલ રોજ કરવામાં આવતો હતો.

પરંતુ કર્મચારીઓની આજની આ માસ સી.એલ.ના ફાઈલોનો નિકાલ અટકી જવા પામેલ હતો. રાજકોટ શહેર-જિલ્લાના તમામ મહેસુલી કર્મચારીઓ આજે ઉઘડતી કચેરીએ જ કલેકટર કચેરીએ ઉમટી પડયા હતા.

દરમિયાન આ અંગે મહેસુલી કર્મચારી મહામંડળના પ્રમુખ જામસંગ પરમાર તથા હોદેદારોએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા જયાં સુધી કર્મચારીઓના ગ્રેડ-પે પગાર વિસંગતતા સિનીયોરિટીનો લાભ નવી ભરતી પહેલા નાયબ મામલતદારોને બઢતી સહિતના પ્રશ્નો નહી ઉકેલાય ત્યાં સુધી તેઓનું આ આંદોલન શરૂ જ રહેશે.

# લોકશાહી બચાવો સપ્તાહ અંતર્ગત રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા વોર્ડ વાઈઝ વિવિધ કાર્યક્રમોનું આયોજન



રાજકોટ: AICC દ્વારા Save Democracy Week - લોકશાહી બચાવો સપ્તાહની ઉજવણીનું આહ્વાન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા પણ આવનારા દિવસોમાં લોકશાહી બચાવો અંતર્ગત શહેરના વિવિધ વોર્ડમાં શહેર માં કાર્યક્રમો યોજવામાં આવશે. આ કાર્યક્રમો દ્વારા લોકોને તેમના મતાધિકાર, લોકશાહી અને બંધારણીય અધિકારો અંગે જાગૃત કરવામાં આવશે.

આ સમગ્ર અભિયાનમાં ખાસ કરીને ફી Bachao - Desh Bachao(મત બચાવો - દેશ બચાવો)ના સંદેશને કેન્દ્રમાં રાખવામાં આવશે. તેમજ આવનારા દિવસોમાં રાજકોટ શહેરમાં મત બચાવો - દેશ બચાવોના સંદેશ સાથે રેલીનું પણ આયોજન કરવામાં આવશે.

આ અંગે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીજી છેલ્લા ઘણા સમયથી દેશમાં ચૂંટણી પ્રક્રિયા અને મતાધિકાર સાથે જોડાયેલા સવાલોને લઈને સતત અવાજ ઉઠાવી રહ્યા છે. તેઓ લોકોના મતના અધિકાર અને લોકશાહી વ્યવસ્થાના રક્ષણ માટે સતત સંઘર્ષ કરી રહ્યા છે.

આજે દેશના દરેક નાગરિકે જાગૃત થવાની જરૂર છે. લોકશાહીમાં દરેક વ્યક્તિનો મત મહત્વપૂર્ણ છે અને પોતાના મતાધિકારનો સંપૂર્ણ તથા જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો એ દરેક નાગરિકની જવાબદારી છે. દરેક વ્યક્તિએ પોતાના મતાધિકાર અંગે જાગૃત રહેવું અને અન્ય લોકોને પણ જાગૃત કરવા જરૂરી છે.

# સિવિલમાં પાન-માવાની પિચકારી મારતા અને ગંદકી કરતા ૪૦ લોકો દંડાયા

## આરોગ્ય મંત્રીની સૂચના પછી કાર્યવાહી : દર્દીના સ્વજનોને પાન-માવો ખાઈ હોસ્પિટલમાં ન આવવા સૂચના અપાઈ

રાજકોટ:સિવિલ હોસ્પિટલમાં પાન-માવાની પિચકારી મારતા અને ગંદકી કરતા ૪૦ લોકો દંડાયા હતા. ત્રણ દિવસ પહેલા રાજકોટ સિવિલ હોસ્પિટલની વિઝીટ વખતે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના ધ્યાને આવ્યું હતું કે, જ્યાં ત્યાં પાનની પિચકારીના ડાઘ છે.



ઉપરાંત કેટલીક જગ્યાએ ગંદકી છે. જેથી ખાસ સ્વચ્છતા ઉપર ધ્યાન આપવા સૂચના આપી હતી અને કોઈ પણ વ્યક્તિ પાન-માવો ખાઈ જ્યાં ત્યાં પિચકારી મારે તો તેમની સામે દંડ ફટકારવાની કાર્યવાહી કરવા સૂચના આપેલ. જે અનુસંધાને સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.કમલસિંહ ડોડીયાએ બીજા દિવસથી જ આ સૂચનાની અમલવારી શરૂ કરાવી દીધી હતી. આજે એક ટીમ દ્વારા પીડીયુ સિવિલ હોસ્પિટલ, ઝનાના હોસ્પિટલ કેમ્પસમાં ખાસ ડ્રાઈવ કરી હતી. સિક્યોરિટી સુપરવાઈઝર જગદીશભાઈ ચાંડેગ્રા સહિતનાએ પટાંગણ તેમજ તમામ વોર્ડમાં નિરીક્ષણ કર્યું હતું.

અનેક દર્દીના સ્વજનો પાન-માવો-તમાકુ ખાધેલી હાલતમાં જોવા મળ્યાં હતા. જેમને હોસ્પિટલ બહાર જતું રહેવા સૂચના અપાઈ હતી. પાન માવો ખાઈ હોસ્પિટલમાં ન આવવા સૂચના અપાઈ હતી. દરમિયાન જ્યાં ત્યાં થુંકવા લોકો પણ પકડાયા હતા. જેમને તેને રૂ.૧૦૦-૧૦૦નો દંડ કરવામાં આવ્યો હતો.

# આરપીએફ જવાનની તત્પરતાથી જામનગર સ્ટેશન પર મુસાફરનો જીવ બચ્યો




## ચાલુ ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે પડેલા મુસાફરને આરપીએફ કોન્સ્ટેબલ અમિત દહિયાએ સાહસ અને કોઠાસૂઝથી સુરક્ષિત બહાર કાઢ્યા

રાજકોટ: રાજકોટ ડિવિઝનના જામનગર રેલવે સ્ટેશન પર રેલવે સુરક્ષા દળના જવાનની સતર્કતા, તત્પરતા અને સાહસથી એક મુસાફરનો જીવ બચી ગયો. આ ઘટના ૩ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ ગાડી નંબર ૫૯૫૫૧ રાજકોટ–ઓખા પેસેન્જરના જામનગર સ્ટેશન પર બની હતી.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ૬૧ વર્ષીય મુસાફર શ્રી બટુક દાસ રાજકોટથી દ્વારકાની મુસાફરી કરી રહ્યા હતા. જામનગર રેલવે સ્ટેશન પર પાણી લેવા માટે તેઓ ટ્રેનમાંથી નીચે ઉતર્યા હતા. પાણી લીધા બાદ જ્યારે તેઓ ફરીથી ચાલુ ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે તેમનું સંતુલન બગડ્યું અને તેઓ ચાલુ ટ્રેન તેમજ પ્લેટફોર્મ વચ્ચે પડી ગયા.

ડ્યુટી પર તહેનાત રેલવે સુરક્ષા દળના કોન્સ્ટેબલ અમિત દહિયાએ સહેજ પણ સમય ગુમાવ્યા વગર તુરંત કાર્યવાહી કરીને મુસાફરને પ્લેટફોર્મ અને ચાલુ ટ્રેન વચ્ચેથી સુરક્ષિત રીતે બહાર કાઢી લીધા. તેમની તત્પરતા, સાહસ અને કોઠાસૂઝના કારણે મુસાફરનો અમૂલ્ય જીવ બચી શક્યો. સદ્ભાગ્યે મુસાફરને કોઈ પ્રકારની ઈજા પહોંચી ન હતી.

ઘટનાની જાણ થતાં જ સહાયક સબ-ઈન્સ્પેક્ટર મુકેશ કુમાર સ્ટાફ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મુસાફરની કુશળતાની ખાતરી કર્યા બાદ તેમને સુરક્ષિત રીતે તે જ ટ્રેનમાં બેસાડવામાં આવ્યા અને ટ્રેનને આગળની મુસાફરી માટે રવાના કરવામાં આવી.

રાજકોટ ડિવિઝન ના ડીવીઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીના તેમજ સહાયક સુરક્ષા કમિશનર (છજીઝ) – પ્રભારી શ્રી અશોક કુમાર ત્યાગી દ્વારા આરપીએફ કોન્સ્ટેબલ અમિત દહિયા દ્વારા દર્શાવવામાં આવેલી તત્પરતા, સાહસ અને કોઠાસૂઝની પ્રશંસા કરવામાં આવી છે. સમયસર લેવાયેલા તેમના પગલાંએ માત્ર એક મુસાફરનો જીવ જ નથી બચાવ્યો, પરંતુ રેલવે સ્ટેશનો પર સતર્કતા અને ત્વરિત કાર્યવાહીના મહત્વને પણ રેખાંકિત કર્યું છે.

રેલવે પ્રશાસન મુસાફરોને અપીલ કરે છે કે તેઓ ચાલુ ટ્રેનમાં ચઢવા કે ઉતરવાનો પ્રયાસ ન કરે. ટ્રેન સંપૂર્ણપણે થોભી જાય તે પછી જ સુરક્ષિત રીતે ટ્રેનમાં ચઢવું કે ઉતરવું. સહેજ પણ બેદરકારી ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે.

# ગુમશુદા મહિલાની ભાળ આપવા અંગે

રાજકોટ: રાજકોટ શહેરના ભારતનગર બી/૭, બી વિંગ ફ્લેટ નં- ૫૧૨, સ્પિડવેલ પાર્ટી પ્લોટ પાસે રહેતા ૧૯ વર્ષીય મહિલા બંસીબેન લાખાભાઈ ઓડેદરા ગત તારીખ ૦૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારના આશરે ૯ થી ૧૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયેલ છે.

બંસીબેન શ્યામ વાન ધરાવે છે, તેમની ઊંચાઈ આશરે ૫ ફૂટ ૨ ઈંચ, શરીરનો બાંધો મધ્યમ છે. તેમના ગળા પાસે તથા જમણા કાનની પાછળ તલનું નિશાન છે. ગુમ થતી વખતે તેમણે આછા કલરનો નાઈટ ડ્રેસ પહેર્યો હતો. આ વર્ણનવાળી મહિલા બાબતે કોઈને પણ જાણકારી કે ભાળ મળે તો તુરંત જ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા પોલીસ હેડ કોન્સ્ટેબલ, તાલુકા પોલીસ સ્ટેશન રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# અપહૃત મહિલાની ભાળ આપવા અંગે

રાજકોટ: સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના મોટા ઉભડા ગામે રહેતા ૧૪ વર્ષીય સગીરાને કોઈ અજાણ્યો ઈસમ કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયેલ છે. અપહરણનો ભોગ બનનાર સગીરા શ્યામવર્ણ વાન ધરાવે છે, તેમની ઊંચાઈ આશરે ૪ ફૂટ ૬ ઈંચ, શરીરનો બાંધો મધ્યમ અને ચહેરો લંબગોળ છે, આંખો કાળી, વાળ કાળા છે. તેઓ ગુજરાતી તથા હિન્દી ભાષા જાણે છે. આ વર્ણનવાળી મહિલા બાબતે કોઈને પણ જાણકારી કે ભાળ મળે તો તુરંત જ પાટડી પોલીસ સ્ટેશન મો.નં ૬૩૫૯૬ ૨૬૨૩૩ તથા પોલીસ કંટ્રોલરૂમ સુરેન્દ્રનગર ૦૨૭૫૨-૨૮૨૪૫૨નો સંપર્ક કરવા પોલીસ અધિક્ષક શ્રી, સુરેન્દ્રનગરની યાદીમાં જણાવાયું છે.

# અજાણ્યા મૃતક પુરુષની ઓળખ આપવા અંગે

રાજકોટ: આશરે ૨૫ થી ૩૦ વર્ષની વય ધરાવતાં એક અજાણ્યા પુરુષ ગત તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજના ૪:૧૫ વાગ્યે સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકા ખાતે આવેલી મહાત્મા ગાંધી હોસ્પિટલના કમ્પાઉન્ડમાંથી મૃત હાલતમાં મળી આવ્યા છે.

મૃતક શરીરે પાતળા બાંધાનાં, ઘઉંવર્ણો વાન તથા લંબગોળ ચહેરો ધરાવે છે. તેની ઊંચાઈ આશરે ૫ ફૂટ ૬ ઈંચ છે. માથાના વાળ કાળા-સફેદ , આંખો કાળી તેમજ દાઢી-મૂંછ કાળા રંગનાં છે. તેમણે સફેદ રંગનું ટી-શર્ટ તથા વાદળી રંગનું જીન્સનું પેન્ટ પહેરેલું છે. તેમના જમણા હાથ પર અંગ્રેજીમાં ‘RAVI’ તથા હિન્દીમાં ‘રવિ’ ત્રોફાવેલું છે. આ ઉપરાંત જમણા હાથના કાંડા પર ‘ઓમ’નું ટેટૂ તથા જમણી બાજુ કાન નીચે ગળાના ભાગે ટેટૂ ત્રોફાવેલું છે.

આ અજાણ્યા મૃતક પુરુષના વાલીવારસ અંગે કોઈને પણ માહિતી મળે તો સુરેન્દ્રનગર સિટી ‘બી’ ડિવિઝન પોલીસ સ્ટેશન અથવા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, સુરેન્દ્રનગરનો સંપર્ક કરવા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, સુરેન્દ્રનગરની યાદીમાં જણાવાયું છે.

# દિવાળીના ધંધા માટે મનપા ૭ પ્લોટ હરાજીથી આપશે, ૧૦ દિવસ માટે જગ્યા રાખી શકાશે

રાજકોટ:દિવાળીના તહેવાર નિમિતે સીઝનલ વ્યવસાય માટે જગ્યા ભાડે આપવા એસ્ટેટ વિભાગ દ્વારા જાહેર હરાજી રાખવામાં આવી છે. આ વખતે સમયસર હરાજીથી ધંધાર્થીઓને પણ પુરતો સમય મળશે.

આગામી દિવાળીના તહેવારો નિમિતે સીઝનલ ધંધા માટે સ્ટોલ કરવા કોર્પો.ની માલિકીના (૧) નાનામવા સર્કલ ખાતે આવેલ ટી.પી પ્લોટ (૨) અમીન માર્ગ કોર્નર પર આવેલ ટી.પી પ્લોટ (૩) સાધુવાસવાણી રોડ, રાજ પેલેસ (૪) પૂ. પ્રમુખ સ્વામી ઓડીટોરીયમની બાજુનો ટી.પી પ્લોટ (૫) સાધુવાસવાણી રોડ, શાક માર્કેટ સામે ’(૬) રાજનગર મે. રોડ, હોન્ડાના શો રૂમ સામેનો ટી.પી પ્લોટ (૭) ટી.પી.નં.૨૬(મવડી), એફ.પી.નં.૪/એ, સુવર્ણભૂમિની બાજુમાં, સ્પીડવેલ પાર્ટી પ્લોટની સામે આવેલ ટી.પી પ્લોટ ઓછામાં ઓછા દિન ૧૦ તા.૩૦-૧૦ થી ૮-૧૧ સુધી કે જરૂરીયાત મુજબ વધારાના દિવસો માટે જગ્યા ફાળવણી અંગે જાહેર હરરાજી તા.૨૧-૧૦ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ડો. આંબેડકર ભવન, સેન્ટ્રલ ઝોન ઓફિસ, કોન્ફરન્સ રૂમ, પ્રથમ માળ, ઢેબર રોડ ખાતે રાખવામાં આવેલ છે.

આ હરરાજીમાં ભાગ લેવા માંગતા ધંધાર્થીઓએ એસ્ટેટ શાખા ખાતેથી નિયત નમુનાનું ફોર્મ તથા શરતોની વિગતો મેળવી રૂ.૧૦,૦૦૦ની ડીપોઝીટ કોર્પો.ના સિવિક સેન્ટર ખાતે ભરી હરરાજીમાં ભાગ લઈ શકશે. ડીપોઝીટ ભરપાઇ કરેલ ન હોય તેવા વ્યકિતઓ હરરાજીમાં ભાગ લઇ શકશે નહિ તેમ ડે.કમિશ્નરે જણાવ્યું છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# વિમાન અપહરણ કાંડ અને તેના ભયાવહ પરિણામો

પશ્ચિમ એશિયામાં તણાવનું સ્તર ચરમસીમાએ પહોંચ્યું છે. ફ્લાય દુબઈના વિમાનમાં થયેલા ચોંકાવનારા અપહરણના પ્રયાસે અમેરિકા અને ઈરાન વચ્ચે પહેલેથી ચાલી રહેલા યુદ્ધ સંકટને વધુ ભડકાવી દીધું છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો આ ષડયંત્રમાં ઈરાનની સંડોવણી સાબિત થાય તો ઈરાનને ભયાનક પરિણામ ભોગવવું પડશે.ઈરાન અને અમેરિકા વચ્ચેનો સંઘર્ષ હવે એક નવા, વધુ જોખમી તબક્કામાં પ્રવેશી ચૂક્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં શરૂ થયેલા આ યુદ્ધે એક અભૂતપૂર્વ માનવીય અને રાજકીય સંકટ ઊભું કર્યું છે, જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનીની હત્યા પણ સામેલ છે. આ ઘટનાએ પ્રદેશને અનિશ્ચિતતાના એક એવા ઊંડા કૂવામાં ધકેલી દીધો છે જ્યાંથી બહાર નીકળવાનો કોઈ સ્પષ્ટ રસ્તો દેખાતો નથી.અમેરિકી લશ્કરી હસ્તક્ષેપોનું મુખ્ય લક્ષ્ય ઈરાનને તેની પરમાણુ મહત્વાકાંક્ષાઓથી દૂર કરવાનું અને હોર્મુઝની સાંકડી જળધારાને ખુલ્લી રાખવાનું રહ્યું છે. જોકે, ગુપ્તચર અંદાજો દર્શાવે છે કે આ હુમલાઓ ઈરાનને નમાવવામાં નિષ્ફળ રહ્યા છે. તેનાથી વિપરીત, ઈરાને પોતાનો પ્રતિકાર વધુ આક્રમક બનાવ્યો છે. ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ્સે અમેરિકી લશ્કરી ઠેકાણાઓ પર હુમલા કર્યા છે અને હોર્મુઝની જળધારામાં "પ્રતિબંધિત ક્ષેત્ર" જાહેર કર્યું છે, જેનાથી વૈશ્વિક ઉર્જા સપ્લાય પર સીધી અસર પડી છે .રાજદ્વારી સ્તરે, બંને પક્ષો વચ્ચે ઊંડો અવિશ્વાસ છે. સપ્ટેમ્બર ૨૦૨૬માં ન્યૂયોર્કમાં યોજાયેલી વાટાઘાટો નિષ્ફળ ગઈ, અને અમેરિકાએ ઈરાનના પ્રસ્તાવને ફગાવી દીધો. ટ્રમ્પે ખુલ્લેઆમ જણાવ્યું કે નવેમ્બરની મધ્યસત્ર ચૂંટણી પછી ઈરાન પર બોમ્બમારો વધારી શકાય છે . આ દરમિયાન, ઈરાન પણ યુદ્ધવિરામ માટે શરતો મૂકી રહ્યું છે, જેમાં હોર્મુઝની જળધારા ખોલવાના બદલે પ્રતિબંધો હટાવવાની માંગ સામેલ છે .

આ સંઘર્ષ ફક્ત લશ્કરી ક્ષેત્ર સુધી મર્યાદિત નથી. અમેરિકામાં, છમાંથી ચારથી વધુ અમેરિકનો આ યુદ્ધને ભૂલ ગણાવે છે, અને ટ્રમ્પ માટે તે રાજકીય જોખમ ઊભું કરે છે . ઈરાન તરફથી, વિશ્લેષકો માને છે કે તેહરાન ટ્રમ્પને રાજકીય રીતે નબળા પાડવા અને મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકનોને નુકસાન પહોંચાડવાની રણનીતિ અપનાવી રહ્યું છે .આ સંઘર્ષ હવે એક એવા મુકામે પહોંચ્યો છે જ્યાં ન તો લશ્કરી જીત શક્ય છે, ન તો રાજદ્વારી સમાધાન. બંને પક્ષો એક અનિશ્ચિત, લાંબા ગાળાના ગતિરોધમાં ફસાયેલા દેખાય છે, જેમાં દરેક નવો હુમલો શાંતિની આશાને વધુ દૂર ધકેલી દે છે .ગયા અઠવાડિયે દુબઈથી તેલ અવીવ જતા ફ્લાય દુબઈના વિમાનમાં એક ભયાનક ઘટના બની. ઉડ્ડયનના લગભગ બે કલાક પછી, સહ-પાયલોટે કેપ્ટન પર ચાકુ વડે હુમલો કર્યો અને વિમાનને ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો. આ હુમલાના કારણે વિમાન એક જ મિનિટમાં લગભગ ૧૭,૦૦૦ ફૂટ નીચે ધસી ગયું. જોકે, વિમાનમાં સવાર સાહસિક મુસાફરો અને ક્રૂના સભ્યોએ હુમલાખોરને કાબૂમાં લઈને વિમાનને સાઉદી અરેબિયામાં સુરક્ષિત ઉતારી લીધું. ભારતીય મૂળના કેપ્ટન સ્મિત મચ્છર, જેમણે ગંભીર ઈજા હોવા છતાં હિંમતથી લડત આપી, તેમને વિશ્વભરમાં હીરો તરીકે વખાણવામાં આવી રહ્યા છે.હુમલાખોર સહ-પાયલોટ ઓમાની નાગરિક હોવાનું જણાયું છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ દાવો કર્યો છે કે આ વ્યક્તિએ 'ઇસ્લામિક કટ્ટરપંથી શિક્ષણ' મેળવ્યું હતું અને તે આત્મઘાતી હુમલો કરવા માંગતો હતો.આ ઘટનાની તપાસ ચાલી રહી છે, પરંતુ અમેરિકી પ્રમુખ ટ્રમ્પે પહેલેથી જ ઈરાન તરફ આંગળી ચીંધી છે. વ્હાઇટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, "મેં જે સાંભળ્યું છે તેના આધારે, જવાબ 'હા' છે, પરંતુ અમે હાલ તપાસ કરી રહ્યા છીએ." તેમણે ચેતવણી આપી કે જો ઈરાનની સંડોવણી સાબિત થશે તો "તેમને ખૂબ જ જોરદાર ફટકો પડશે, ચિંતા ન કરો."

# જૂની આંખે નવું...!

**ધીકતા ધંધાની પેઢીના માલિકને પોતાની સીત્તેર વર્ષની વયે રોજમેળ અને ખાતાવહીમાં એક આંકડોય ન દેખાણો ત્યારે દીકરાને સોંપેલા કારોબાર સામે અશાંતિનો અનુભવ થયો પણ તે માટે થયેલી ડિજિટલ ખતવણી દીકરાએ બતાવી ત્યારે બાપાને શાંતિ થઈ.**

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

શશિકાંત એક સમયે સાવ સામાન્ય યુવાન હતા, પણ સમયનાં મોજાંઓ ઉપર સવારી કરીને અત્યારે બહુ ઊંચે પહોંચી ગયા. હવે પોતે બહુ આગળ નીકળી ગયા હતા. ખૂબ પૈસા બનાવ્યા. જે ધંધા ઉપર એ હાથ મૂકતા તે સોનાનો બની જતો, પણ એક વાતનું એમને દુઃખ હતું. શાંતિ નહોતી. મનમાં એ ખટકો કાયમ રહેતો હતો, ધંધાની દોડધામ વચ્ચે ક્યારેક એ આડશ આવી જતી હતી. ધંધામાં કોઈ મોટો કૂદકો મારવો હોય ત્યારે મન સહેજ આંચકો ખાઈ જતું હતું. પોતે સીત્તેર વરસ વટાવી ગયા હતા.

તેનો દીકરો મહર્ષિ સ્વાભાવિક જ બહુ લાડકોડમાં ઊછર્યો હતો પણ લાડકોડથી એ બગડ્યો નહોતો. સૌ કહેતા કે છોકરો ભાગ્યશાળી પણ એવો જ હતો. શશિકાંતને સ્વીકારવું પડ્યું હતું કે છોકરાના જન્મ પછી એમની સંપત્તિ અને રિદ્ધિસિદ્ધમાં વધારો થયો હતો.

દીકરો ચાલીસ વરસનો થયો હતો. હવે તે ધંધામાં કુશળ થયો. સોહામણો લાગે એવો નમણો, તેનામાં વિવેકનો ગુણ , શિષ્ટ આચાર, અને સુસંસ્કૃત પણ ખરો.

શશિકાંતને સતત ભણકારા વાગે કે એક સમયે સાંજ આવી જવાની. જીવનના લાંબા પટ ઉપર સાંજ પડશે. પોતે ધીકતી પેઢીના થડે બેઠા હતા. ભવિષ્યે આવનારી સાંજના આછા અજવાળાની કલ્પનામાં તેને પોતાનો દીકરો દેખાવા લાગ્યો. એ ઊભા થયા.દાદરો ચડીને જ્યાં પહોંચ્યા ત્યાં બીજા મજલાની ઑફિસમાં તકિયે બેઠેલો યુવાન દીકરો પેઢીની કામગીરીમાં વ્યસ્ત હતો. તે દીકરા પાસે જઈને બેઠા. દીકરો ફોનમાં કંઈક બોલતો હતો. બાજુમાં હિસાબનીશની ઑફિસ હતી. એક માણસ ત્યાંથી આવીને બાપદીકરાને ચા આપી ગયો. એ ચોકીદાર હતો ને અહીં ઘણાં વરસથી નોકરી કરતો હતો.




પહેલાં એના હાથ નીચે બીજા બે માણસો નોકરી કરતા હતા. હમણાં એ એકલો જ હતો. શશિકાંત પાસે આવીને એણે ધીમેથી કાંઈક પૂછ્યું. શશિકાંતે માથું હલાવ્યું. માથું શા માટે હલાવ્યું એની એમને પોતાને પણ ખબર ન પડી.

ચા પીવાનું આસ્તે આસ્તે ચાલ્યું. પૂરું થઈ ગયું. શશિકાંત ઊભા થયા, ટેબલ પરથી રોજમેળનો ચોપડો લઈને તેમાં જોવા લાગ્યા, પણ એમને અક્ષરો બિલકુલ દેખાયા નહીં, આંખોથી જોવા એમણે ઘણો પ્રયત્ન કર્યો. કાંઈ જ નહોતું. માત્ર સફેદ કાગળ જ દેખાતો હતો. રોજમેળનાં પાનાં ઉપર એ જોવા લાગ્યા. બારીકાઈથી જોવા લાગ્યા. દિવસ આથમી ગયો હતો. તેણે એકાએક ચોપડાનો ઘા કર્યો ને સામેના સોફામાં બેસી પડયા.

દીકરો ત્યાં આવ્યો. સ્વિચ દાબીને લાઈટ કરી. ' બાપાને શું થયું ! શા માટે એમ થયું ? ' આખાયે શશિકાંતમાં એક મોટી ઉથલપાથલ મચી ગઈ. ઘણા વખત પછી, એના મનમાં એક ધમાધમ થઈ ગઈ. વિચારોની ડમરીઓ ઉડી.

તે કંપતા હતા. દીકરો તેમની નજીક આવી કાંઈક બોલ્યો. બાપા તેની સામે તાકી રહ્યા, એમની આંખોની નીચેની કિનારી ઉપર લાલ આંસુ ભરાઈ આવ્યાં હતાં એમણે આંખો બંધ કરી દીધી. કરચલીવાળા ગાલ ઉપર આવી આંસુનાં બિંદુ સહેજ કંપ્યાં અને પછી ખરી પડ્યાં.

દીકરો દૂર ખસીને એક ખુરશીમાં બેસી ગયો. શશિકાંત સોફામાં સહેજ આડા પડ્યા અને દીકરા સામે જોઈ રહ્યા. તેના મન પર વિચારોનાં નાનાં વર્તુળો રચાતાં હતાં,જીવવાનું હતું. જીવ્યા કરવાનું હતું. તેમની આ સ્થિતિ જોઈને દીકરો બોલ્યો, ' આટલા બધાં અશાંત કેમ રહો છો ?'

' અશાંત ન થાઉં તો બીજું થાવું શું ?

' કેમ વળી શું થયું ? '

' થવામાં કાંઈ બાકી રહ્યું નથી.'

'કંઈક ફોડ પાડીને વાત કરો તો ખબર પડે ને !'

' ખબર તો તમે બધાં જુવાનિયાઓએ મને પાડી દીધી છે. '

' એવું તો વળી શું છે ? '

' એવું તો ઘણું બધું છે, જેણે મારી શાંતિ હણી નાંખી છે.'

' અમને જણાવો કે એવું બધું શું છે, જેણે તમારી શાંતિ હણી નાંખી હોય.'

' મારે તો દેખવું ને દાઝવું એવો ઘાટ થયો છે. આપણો ધીકતો ધંધો છતાં આ રોજમેળમાં એક આંકડો ય મંડાતો નથી. આખો રોજમેળ કોરો... ખાતાવહીમાં કોઈ ખતવણી નથી થાતી, ક્યાંય હવાલા નાખ્યા હોય એવું ય દેખાતું નથી. બધાં ચોપડા કોરેકોરા જોઉં છું ને મારો જીવ બળે છે. પેઢીમાં આટલાં બધાં માણસોનો પગાર ચૂકવાય છે, છતાં કોઈને કામ કરવાની દાનત નથી અને તું પણ આ બધી ખતવણી થાય તે દરરોજ જોતો નહીં હો, એટલે જ મારી ઉપાધિ વધતી જાય છે. હવે આમાં શાંતિ ક્યાંથી લેવી ?'

' અરે બાપા ! આ તો આંધળે બેરુ કૂટાણુ ! બાજુમાં એસી રૂમમાં ટેબલ ખુરશીની જે સજાવટ સામે કમ્પ્યુટર ગોઠવેલાં છે, ત્યાં બેસીને ત્રણ ઑપરેટરો રોજેરોજના હિસાબો અપટુડેટ તૈયાર કરતાં જાય છે. તેમાં રોજમેળ, ખાતાવહીની ફાઈલો બનતી જાય છે. જેમાં નિયમિત ખતવણી થતી હોય છે. હવે પેપર પેન્સિલ લેસ કામ થાય છે. મેન પાવરને બદલે મશીનપાવરનો જમાનો ચાલે છે.'

દીકરાએ બાપાને સોફેથી ઉઠાડીને કમ્પ્યુટરરૂમમાં લાવી ડિજિટલ ખતવણીની સઘળી માહિતી બતાવી ત્યારે તેમને શાંતિ થઈ અને રાજીપો વ્યક્ત કર્યો, ' આ તો જૂની આંખે નવું ! '

' હા, બાપુજી ! આને કહેવાય ડિજિટલ ઈન્ડિયા.

# દલીલ કરવાથી દિલ જીતાતું નથી

વિશેષ

લિંકન સાથે કામ કરતા અધિકારીઓ જાણતા હતા કે લિંકન સાચા છે, પ્રામાણિક છે, નિર્દોષ છે. અફવા જૂઠી છે. તેમણે લિંકનને કહ્યું, 'સર, આપ ન્યૂઝ રિપોર્ટરોને બોલાવી જૂઠી વાતોનું ખંડન કેમ નથી કરતા?

શ્રી વલ્લભાચાર્ય એકવાર માતા ઈલ્લામાજી સાથે મામાને ઘરે ગયા. મામાનું નામ સોમેશ્વર પંડિત હતું. તે રાજપુરોહિત હતા. રાજ્યના દાનાધ્યક્ષ પદ પર હતા. શ્રી વલ્લભ મામાને ત્યાં આવ્યા ત્યારે વિદ્યાનગરની રાજસભામાં વિદ્યાવાદવિવાદ ચાલતો હતો. મામાએ કહ્યું, 'વલ્લભ, તું જ્ઞાની છે. હું તને રાજસભામાં લઈ જઈશ. ત્યાં વિદ્વાનોની વચ્ચે જઈશ તો તારી કિર્તીમાં વધારો થશે.' શ્રી વલ્લભે એટલું જ કહ્યું, 'હરિ ઈચ્છા.'

જમવાનો સમય થયો. મામાએ સૌને ભોજન માટે બોલાવ્યા ત્યારે વલ્લભે કહ્યું, 'મામાશ્રી, મારે ઠાકોરજીની સેવા કરી સ્વયં સામગ્રી સિદ્ધ કરી-ભોગ ધરાવ્યા પછી. પ્રસાદ લેવાનો હોય છે. એટલે આપ સૌ જમી લો. હું ઠાકોરજીને ભોગ ધરાવ્યા બાદ પ્રસાદ લઈશ.'

શ્રી વલ્લભાચાર્યના ઠાકોરજીને ધરાવ્યા વગર કોઈપણ વસ્તુનો સ્વીકાર ના થાય તેવા નિયમનું રહસ્ય સમજતા ના હોવાથી મામા અકારણ ગુસ્સે થઈ ગયા. 'વલ્લભ, તને ખબર છે, તારા પિતા અને પિતામહ પણ મારે ત્યાં જમતા હતા. તું ક્યારથી ઠાકોરજીને સામગ્રી સિદ્ધ કરવાની વાત કરતો થઈ ગયો ? તું જાણે છે ને કે હું કોણ છું ! વિદ્યાભૂષણ, રાજ્યના દાનાધ્યક્ષ, રાજાનો માનીતો છું. મારી રાજા વગર રાજસભામાં વિદ્યાવિવાદ કરવા કોઈ પ્રવેશી શકતું નથી. !! હવે હું પણ જોઉં છું - કોણ તને વિદ્યાવિવાદ કરવા લઈ જાય છે.' દોષ દર્શનથી મામાનો ગુસ્સો ઈર્ષામાં બદલાઈ ગયો. શ્રી વલ્લભ જાણતા હતા કે મામા પૂજનીય હતા. નાનપણમાં એક ગુરૂને છાજે એમ આત્મપ્રતીતિને ઉજાગર કરાવે તેવી વાણીનો લાભ તેમને મળ્યો હતો. અત્યારે ભલે નારાજ હોય, પણ જો સામસામે વાદ-વિવાદ થશે તો સંબંધ ઘટી જશે. શ્રી વલ્લભ મૌન રહ્યા. માતાજીને પણ ઈશારાથી મૌન રહેવા સમજાવી દીધાં. પણ શ્રીવલ્લભને ત્યાં રહેવું ઠીક ના લાગ્યું. જો મામને ત્યાં રહેશે તો ઠાકોરજીની સેવામાં વિઘ્ન આવશે. તેમણે માતાજીને સમજાવ્યા અને અડધી રાતે દામોદરદાસજી, શિષ્ય કમંડલુ સાથે ઘર છોડી મનોહરકુંડ જતા રહ્યા. સવારે શ્રીવલ્લભે શિષ્ય કમંડલુને રાજસભામાં વિદ્યાવિવાદ અર્થે મોકલ્યો. કમંડલુએ બ્રહ્મ-સ્વરૂપ સચ્ચિદાનંદાકાર છે તે વાતને શ્રુતિઉક્તિ અને તર્કયુક્તિથી સમજાવીને કહ્યું, 'રાજન્, હું તો શ્રીવલ્લભનો નાનકડો શિષ્ય છું. જો શાસ્ત્રોના તત્વનિર્ણયને ગૂઢ રીતે સમજવો હોય તો શ્રીવલ્લભાચાર્યના આત્મકલ્યાણના વિચારો સાંભળવા જોઈએ. આચાર્ય દરેકના પ્રશ્નોનું સંતોષપૂર્વક સમાધાન કરશે.'

રાજા શ્રી રાય કૃષ્ણદેવજીએ ખૂબ જ આદર અને સન્માનપૂર્વક શ્રી વલ્લભાચાર્યને આમંત્ર્યા. શ્રીવલ્લભે આવીને ત્યાં ઉપસ્થિત સર્વ જ્ઞાની આચાર્યોને વંદન કર્યા અને એક પછી એક દરેકને તેમના બ્રહ્મવિષયક પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા. આ ચર્ચા અઠ્ઠાવિસ દિવસો સુધી ચાલી. શ્રીવલ્લભપ્રભુએ વેદો, અપૌરૂષેય શ્રીકૃષ્ણજીવન રહસ્ય, વ્યાસસૂત્ર અને શ્રીમદ્ભાગવતના ગૂઢ રહસ્યો છતા કર્યા. પરબ્રહ્મ શ્રીકૃષ્ણ જ સચ્ચિદાનંદમય છે, જગત તેમનું કાર્ય છે. આ જીવ તેમનો અંશ છે.

શ્રીવલ્લભાચાર્ય વિદ્યાવિવાદમાં 'દિગ્વિજયી' પદથી સન્માન પામ્યા. રાજા તરફથી તેમની કનકતુલા થઈ. એ સુવર્ણમુદ્રાઓ, ઉપરાંત સેવા અભિષેકમાં ઉપયોગમાં લેવાયેલ સોના-ચાંદીના કિંમતી પાત્રો ભેટ ધરાયાં. પંરતુ તેમણે તે લેવાનો ઈન્કાર કર્યો. એટલું જ નહિ તેમની વિરૂદ્ધ દલીલ કરતા, પોતાનો મત જ સાચો છે તેવો વાદ-વિવાદ કરતા ત્યાં હાજર અનેક વિદ્વાનો, આચાર્યો, વિદ્યાભૂષણ, વિદ્યાવિશારદ જેના ગુરૂજનોને એ સંપત્તિ વહેંચાવડાવી. કોઈના દિલને અંગત રીતે ઠેસ પહોંચાડયા વગર બહુમાન પામ્યા. સૌ જ્ઞાનીઓનો અહમ્, મોટપ અને વડપણ ઓગળી ગયું. શ્રી વલ્લભાચાર્ય એક જ વાત જાણતા હતા કે અંતઃકરણની પવિત્ર લાગણી વિવાદી શબ્દોના ભાર નીચે કચડાવી ના જોઈએ.

દલીલ કર્યા વગર જીવવું અશક્ય છે, પણ દલીલ ક્યારે કરવી, કોની સાથે કરવી એનું પ્રમાણભાન માણસનું ભવિષ્ય નક્કી કરે છે, જે વાદ-વિવાદ ઉશ્કેરણીજનક હોય અથવા વાતમાં કંઈ સાર ના હોય એવા વિવાદથી દૂર રહેવું. લિંકન પ્રમુખસ્થાને હતા ત્યારે અમેરિકામાં આંતરવિગ્રહ ચાલતો હતો. યુદ્ધસમિતિના કેટલાક વિઘ્નસંતોષી, દોષ જોનારા લિંકન વિષે જૂઠી અફવાઓ ફેલાવી બદનામ કરવા પ્રયત્નો કરતા. લિંકન સાથે કામ કરતા અધિકારીઓ જાણતા હતા કે લિંકન સાચા છે, પ્રામાણિક છે, નિર્દોષ છે. અફવા જૂઠી છે. તેમણે લિંકનને કહ્યું, 'સર, આપ ન્યૂઝ રિપોર્ટરોને બોલાવી જૂઠી વાતોનું ખંડન કેમ નથી કરતા? એમને સાચી હકીકત જણાવશો એટલે વિરોધીઓ તરત બોલતા બંધ થઈ જશે.' લિંકને કહ્યું, 'તમારી વાત સાચી છે. પણ જો હું આવી નાની નાની વાતો પર સમય બગાડી જાતને બચાવવા દલીલો કર્યા કરું તો દેશના અગત્યના કામો અટકી પડે. મારા માટે દેશના કામ પહેલાં છે પછી જાત બચાવવાની દલીલો.'

જ્યારે આપણે કોઈ વાતથી સહમત ના થઈ શકીએ ત્યારે એ વાત પડતી મૂકવી. કોઈ પ્રત્યે કડવા બનવાની જરૂર નથી. કારણ કે આપણને ખબર છે કે આપણે સાચાં છીએ. ખોટી દલીલ મીણ જેવી હોય છે. સત્યના સૂરજનું એક કિરણ તેને ઓગળવા પૂરતું છે. દલીલ ઉપેક્ષા પેદા કરે છે, અનાદર પેદા કરે છે. ઘણીવાર આપણે જ સાચાં છીએ એવું માની ઊંચા અવાજે વાદવિવાદ કરી અણગમતું વર્તન કરીએ છીએ. બીજો પણ સાચો હોઈ શકે એવું ભાગ્યે જ વિચારીએ છીએ, જો તર્કથી સાબિત પણ થાય કે આપણે સાચા છીએ તો પણ છેવટે નુકસાન જ થાય છે. માન ગુમાવીએ છીએ, પ્રેમ ગુમાવીએ છીએ. સમભાવ ગુમાવીએ છીએ, બે આંખોની શરમ ગુમાવીએ છીએ.

એકવાર 'લવમેરેજ' કર્યા બાદ પતિ-પત્ની વચ્ચે ઝઘડા શરૂ થયા. પતિને ઈન્ક્રીમેન્ટ્સ મળ્યા પછી તેની ઓફિસની જવાબદારી વધી ગઈ હતી. ઘણીવાર તે ઘરે મોડો આવતો. પત્ની રાહ જોઈને કંટાળતી, ખિજાતી, ફરિયાદ કરતી. બહાર ક્યાંય ફરવા જવાતું નથી. સવાર સાંજ વોક પર જવાનું બંધ થઈ ગયું છે. સવારની ચા પણ સાથે બેસીને નિરાંતે પીવાતી નથી. છેવટે બોલચાલ બંધ થઈ ગઈ. પાડોશમાં રહેતા એક રિટાયર્ડ પ્રિન્સિપાલ બહેન આ બધું જોતાં. તેમણે ઉપાય બતાવ્યો. 'તમે બન્ને એક કાગળ પર જે જે ફરિયાદ હોય તે લખી જણાવો. પછી ડ્રોઈંગરૂમમાં બેસી એકાંતમાં તેનું સમાધાન જાતે શોધો.' પત્નીએ ફૂલસ્કેપ કાગળ ભરી ફરિયાદો લખી.

# ભારતીય ડિજિટલ સ્પેસ અતિ જોખમી

**સાયબર ક્ષેત્રે વધતી જતી એઆઈની ઘૂસણખોરી અને તેની ગંભીર અસરો, સમકાલીન વિશ્વમાં ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને ડિજિટલ સુવિધાઓના વ્યાપક પ્રસારથી માનવ સમાજની કાર્યપદ્ધતિમાં ક્રાંતિકારી બદલાવ આવ્યો છે, પરંતુ તેની સાથે જ ડિજિટલ અપરાધોની જટિલતા અને તીવ્રતા પણ અનેકગણી વધી ગઈ છે.**

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

કૃત્રિમ બુદ્ધિમત્તા અર્થાત એઆઈના આગમનથી જ્યાં એક તરફ વ્યાવસાયિક ઝડપ વધી છે, ત્યાં બીજી તરફ સાયબર હેકર્સ અને ગેરકાયદેસર નેટવર્ક ચલાવનારા તત્વો માટે પણ આ તકનીક અત્યંત શક્તિશાળી હથિયાર બની ગઈ છે. અગાઉના સમયમાં સાયબર નેટવર્કમાં પ્રવેશ કરવો, સુરક્ષાની દીવાલો તોડવી અને ડેટાની ચોરી કરવી એ લાંબી અને મહેનત માંગી લેતી પ્રક્રિયા હતી. પરંતુ નવીનતમ એઆઈ સાધનોએ હવે સુરક્ષા ખામીઓ શોધવાનું કામ અત્યંત સરળ, સ્વચાલિત અને ક્ષણભરમાં પૂરું કરી દે તેવું બનાવી દીધું છે, જેના પરિણામે સમગ્ર વિશ્વમાં ડિજિટલ સુરક્ષા માળખું ભારે દબાણ હેઠળ આવી ગયું છે.

વિશ્વના નકશા પર સૌથી ઝડપથી ડિજિટલાઈઝ થઈ રહેલા દેશો પૈકીના એક એવા ભારત પર વૈશ્વિક સાયબર અપરાધીઓની નજર સ્થિર થઈ છે. આંતરરાષ્ટ્રીય સિક્યુરિટી એજન્સીઓ અને વૈશ્વિક અહેવાલો મુજબ, સાયબર જોખમોનો સૌથી વધુ સામનો કરનારા દેશોની યાદીમાં ભારત અગ્રણી સ્થાને આવી ગયું છે. વૈશ્વિક સ્તરે ઉત્પન્ન થતા કૂલ સાયબર જોખમોમાંથી નોંધપાત્ર ટકાવારી ભારતીય ડિજિટલ સ્પેસ તરફ નિર્દેશિત હોય છે. એમાં પણ ખાસ કરીને રાષ્ટ્રીય સુરક્ષા, સંરક્ષણ ઉત્પાદન, નાણાકીય સંસ્થાઓ અને નાગરિક સેવાઓ પૂરી પાડતા સરકારી તંત્રો પર ચોક્કસ લક્ષ્ય રાખીને કરવામાં આવતા હેકિંગ પ્રયાસોમાં અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો છે. નેટવર્કને બ્લોક કરી દઈને સિસ્ટમ ચાલુ કરવાના બદલામાં મોટી રકમની ખંડણી માંગતા રેન્સમવેર હુમલાઓ સરકારી વિભાગો માટે સૌથી મોટું માથાનો દુખાવો બની ગયા છે.

આજના સમયમાં ડિજિટલ ઘૂસણખોરો માત્ર જૂની અને જાણીતી પદ્ધતિઓ પર નિર્ભર નથી રહ્યા, પરંતુ તેમણે નાગરિકોને જાળમાં ફસાવવા માટે માનસિક ચાલાકી અને નવીન ટેકનિકનો સમન્વય કર્યો છે. ચુકવણીઓ અને માહિતી માટે વ્યાપકપણે વપરાતા ક્યુઆર કોડ્સ હવે ફિશિંગનું નવું માધ્યમ બની ગયા છે. ઈમેઈલ દસ્તાવેજો કે અન્ય ડિજિટલ પત્રવ્યવહારમાં મોકલવામાં આવેલા આ કોડ્સને જેવો વપરાશકર્તા સ્કેન કરે છે, તે સાથે જ અજાણતામાં તે પોતાના ઉપકરણનો સંપૂર્ણ કંટ્રોલ હેકર્સને સોંપી દે છે. આ ઉપરાંત, ઈન્ટરનેટ વાપરતી વખતે સ્ક્રીન પર દેખાતા સુરક્ષા કેપ્ચા અને સોફ્ટવેર અપડેટના બનાવટી બોક્સ પણ સુરક્ષા માટે મોટું જોખમ બન્યા છે. યુઝર્સને "હું મશીન નથી" તેવી સચોટતા સાબિત કરવાના નામે તેમની પાસે સિસ્ટમમાં જોખમી આદેશો ચલાવી લેવામાં આવે છે, જેનાથી લાખો સ્માર્ટ ઉપકરણો અને કોમ્પ્યુટરો હેકર્સના કબજામાં આવી ચૂક્યા છે.વ્યવસાયિક જગતમાં અને કોર્પોરેટ સંસ્થાઓમાં વિશ્વાસઘાત અને ઓળખ ચોરીના કેસોમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે. અગાઉ બેંક અથવા અજાણી સત્તાવાર સંસ્થાઓના નામે આવતા સંદેશાઓ હવે વધુ ભ્રામક બન્યા છે. હેકર્સ હવે સંસ્થાના વડા, માનવ સંસાધન અધિકારી, નાણાકીય વિભાગ અથવા વ્યાપારી ભાગીદાર હોવાનો આબેહૂબ ઢોંગ કરીને અત્યંત વ્યાવસાયિક ભાષામાં ઈમેઈલ મોકલે છે, જેથી કર્મચારીઓ સહેલાઈથી છેતરાઈ જાય છે. તાજેતરના આંકડા દર્શાવે છે કે મોટાભાગના ફિશિંગ ઈમેઈલ્સમાં કોઈ જાણીતી વ્યક્તિ કે હોદ્દેદારની ઓળખ ચોરીને મોકલવામાં આવ્યા હતા. વધુમાં, કોર્પોરેટ જગતમાં આંતરિક વાતચીત માટે વપરાતા વિડિયો અને વોઈસ કૉલિંગ પ્લેટફોર્મ્સ પર ટેકનિકલ મદદનીશ તરીકે ઓળખ આપીને કર્મચારીઓ પાસેથી સિક્રેટ પાસવર્ડ કે ડાટા મેળવી લેવાના બનાવોમાં બહુગણો ઉછાળો આવ્યો છે.




તકનીકી ઉત્ક્રાંતિના આ યુગમાં સૌથી ભયાનક બાબત એઆઈનું સંપૂર્ણપણે માનવીય નિયંત્રણ વગર કામ કરતું થવું છે. સંશોધનાત્મક પ્રયોગો દરમિયાન એ વાત સાબિત થઈ ચૂકી છે કે કૃત્રિમ બુદ્ધિમત્તા ધરાવતા સોફ્ટવેર એજન્ટોએ આપમેળે એકત્રિત થઈને સંસ્થાકીય નેટવર્ક પર તબક્કાવાર રીતે અત્યંત જટિલ સાયબર આક્રમણનું આયોજન કર્યું અને આખા નેટવર્કનો એક્સેસ મેળવી લીધો. એટલું જ નહીં, કોઈપણ માનવીય સૂચના વગર આપમેળે કાર્યરત થઈને ડેટા લોક કરી દેતા રેન્સમવેરનું આગમન એ વાતનો સ્પષ્ટ સંકેત છે કે ભવિષ્યમાં માનવ હસ્તક્ષેપ વિના પણ વિશાળ આંતરરાષ્ટ્રીય નેટવર્ક ઠપ કરી શકાશે. સોફ્ટવેરમાં રહેલી નાની ખામીઓ શોધીને તેનો દુરુપયોગ કરવાનો સમય હવે ચોવીસ કલાકથી પણ ઓછો થઈ ગયો હોવાથી, કંપનીઓ કે સંસ્થાઓ પાસે પેચ સિક્યુરિટી ઈન્સ્ટોલ કરવાનો સમય રહેતો નથી. આવનારા સમયમાં વ્યાપારી સંસ્થાઓમાં અબજોની સંખ્યામાં ડિજિટલ એઆઈ એજન્ટો રોજીંદા કાર્યો સંભાળશે, ત્યારે તેમાંથી એક પણ એજન્ટની સુરક્ષા તૂટશે તો સમગ્ર સંસ્થાનો ડેટા ચોરાઈ જવાનો ભારે ભય રહેશે. આ ભયાનક ડિજિટલ વાસ્તવિકતા સામે રક્ષણ મેળવવા માટે મજબૂત ફાયરવોલ, સતત સાયબર ઓડિટ અને દરેક સ્તરે જાગૃતિ વધારવી અત્યંત અનિવાર્ય બની ગઈ છે.

# ભવિષ્યમાં તિલક વર્મા વનડેમાં નંબર ૩ પર વિરાટ કોહલીનું સ્થાન લેશે : ભૂતપૂર્વ ક્રિકેટર વસીમ જાફર

મુંબઈ,

ભારતનો દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી ૨૦૧૨ થી વનડે ક્રિકેટમાં નંબર ૩ પર રમી રહ્યો છે અને આ સ્થાન પર બેટિંગ કરતી વખતે ઘણા મોટા રેકોર્ડ બનાવ્યા છે. ૨૦ અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનાર કોહલી ૨૦૨૭ માં વનડેમાંથી નિવૃત્તિ લઈ શકે છે, જે તેની છેલ્લી ટુર્નામેન્ટ હોઈ શકે છે. વિરાટ કોહલીના ક્રિકેટમાંથી નિવૃત્તિ પછી, નંબર ૩ પર કોણ બેટિંગ કરશે તે એક મોટો પ્રશ્ન છે. દરમિયાન, ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર વસીમ જાફર માને છે કે તિલક વર્મા પાસે આ સ્થાન પર રમવાની સંપૂર્ણ ક્ષમતા છે.

વસીમ જાફરે પોતાની યુટ્યુબ ચેનલ પર કહ્યું કે તિલક વર્માની સૌથી મોટી તાકાત એ છે કે તે કોઈપણ સ્થાન પર બેટિંગ કરી શકે છે. તેણે અગાઉ ત્રીજા નંબર પર સદી ફટકારી હતી અને હવે તે પાંચમા અને છઠ્ઠા નંબર પર શાનદાર રીતે રમી રહ્યો છે. જાફર માને છે કે રોહિત શર્મા અને વિરાટ કોહલીના ગયા પછી, ટીમમાં તેને બદલવાનો યોગ્ય સમય આવી ગયો છે. યશસ્વી જયસ્વાલ રોહિતની જગ્યાએ ઓપનિંગ કરવા માટે તૈયાર છે, જ્યારે વિરાટના ગયા પછી, ડાબા હાથનો બેટ્સમેન તિલક વર્મા ત્રીજા નંબર પર શ્રેષ્ઠ પસંદગી હશે. દુલીપ





ટ્રોફીમાં તેના પ્રભાવશાળી પ્રદર્શન અને ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં લગભગ ૫૫ ની સરેરાશને જોતાં, તે ત્રણેય ફોર્મેટમાં સરળતાથી ફિટ થઈ શકે છે. તિલક વર્મા લાંબા સમયથી ભારતની ટી ૨૦ ટીમનો ભાગ છે અને ઘણી મેચ જીતનારી ઈનિંગ્સ રમી છે. જોકે, તેમણે અત્યાર સુધીમાં ફક્ત પાંચ વનડે મેચ રમી છે, જેમાં વિવિધ સ્થાનો પર બેટિંગ કરતી વખતે કુલ ૬૮ રન બનાવ્યા છે. તેમનો છેલ્લો વનડે ડિસેમ્બર ૨૦૨૫ માં દક્ષિણ આફ્રિકા સામે હતો. ત્યારથી તેઓ વનડે રમ્યા નથી. તેઓ તાજેતરમાં એશિયન ગેમ્સમાં રમતા જોવા મળ્યા હતા. વિરાટ કોહલીને બદલવું કોઈપણ બેટ્સમેન માટે સરળ કાર્ય રહેશે નહીં. તેમણે તાજેતરમાં વેસ્ટ ઈન્ડીઝ સામેની પ્રથમ મેચમાં તેમની ૫૫મી વનડે સદી અને ૮૬મી આંતરરાષ્ટ્રીય સદી ફટકારી હતી. આ ઈનિંગ્સ દરમિયાન, કોહલીએ તેમના ૧૫,૦૦૦ વનડે રન પણ પૂર્ણ કર્યા, જે આ સીમાચિહ્ન સુધી પહોંચનાર વિશ્વ અને ભારતનો બીજો બેટ્સમેન બન્યો. સૌથી વધુ વનડે રન બનાવવાના મામલે તે મહાન સચિન તેંડુલકર પછી બીજા ક્રમે છે.

# એશિયન ગેમ્સમાં ભારતીય કુસ્તીબાજોના પરિણામોથી બ્રિજભૂષણ સિંહ અસંતુષ્ટ : આઠ મેડલની આશા હતી

નવીદિલ્હી,

ભારતીય જનતા પાર્ટીના ભૂતપૂર્વ સાંસદ અને રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ પ્રમુખ બ્રિજ ભૂષણ શરણ સિંહે જણાવ્યું હતું કે એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય કુસ્તીબાજોનું પ્રદર્શન તેમની અપેક્ષાઓ પર ખરું ઉતર્યું નથી. બ્રિજ ભૂષણે કહ્યું કે તેમને ઓછામાં ઓછા આઠ મેડલની આશા હતી, પરંતુ મહિલા કુસ્તીબાજોનું પ્રદર્શન પૂરતું સારું નહોતું.

બ્રિજભૂષણ શરણ સિંહે કહ્યું, "જુઓ, કુસ્તીમાં અમે જે અપેક્ષા રાખી હતી તે થયું નહીં. છોકરીઓનું પ્રદર્શન એટલું સારું નહોતું. મને વિશ્વાસ હતો કે કુલ આઠ મેડલ જીતવામાં આવશે, જેમાં ત્રણ ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝનો સમાવેશ થાય છે, પરંતુ અમને છ મળ્યા. આમ છતાં, ૧૯૬૬ પછી આ પહેલું આટલું પ્રભાવશાળી પરિણામ છે." એમ કહી શકાય કે અમારી મેડલ ટેલી ૨૦૨૩ એશિયન ગેમ્સ જેટલી જ હતી, પરંતુ આ વખતે ગોલ્ડ મેડલની સંખ્યા વધુ હતી.

તેમણે વધુમાં કહ્યું, "હાલમાં કુસ્તી પર કામ કરવાની જરૂર છે, કારણ કે છેલ્લા બે થી ત્રણ વર્ષ તોફાની રહ્યા છે, જેના કારણે ઘણા સારા ખેલાડીઓ તેમના પ્રદર્શનનું પુનરાવર્તન કરી શક્યા નથી. હાલમાં, સરકાર, રમત સંગઠનો અને ખેલાડીઓ વચ્ચે સંકલન છે. આ છ મેડલ જે અમે એશિયન ગેમ્સમાં જીત્યા હતા, અમે ખાતરી કરવાનો પ્રયાસ કરીશું કે તે જ છ મેડલ ઓલિમ્પિકમાં પણ જીતે."

પોતાના રાજકીય ભવિષ્ય વિશેના પ્રશ્નના જવાબમાં, બ્રિજ ભૂષણ શરણ સિંહે સ્પષ્ટતા કરી કે તેઓ ૨૦૨૭ વિધાનસભા ચૂંટણી લડશે નહીં. આગામી સંસદીય ચૂંટણીઓ અંગે, તેમણે કહ્યું કે સમય આવશે ત્યારે નિર્ણય લેવામાં આવશે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે સંસદીય ચૂંટણી લડવા અંગે આ સમયે કોઈ નિવેદન આપી શકાય નહીં.

ભારતીય પુરુષ અને મહિલા કુસ્તીબાજોએ એશિયન ગેમ્સ ૨૦૨૬માં કુલ છ મેડલ જીત્યા હતા. અમન સેહરાવતે ૫૭ કિલો ફ્રી સ્ટાઈલ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

# ૧૨૯ રનની ધમાકેદાર ઈનિંગ છતાં શ્રેણીમાં ક્લીન સ્વીપ ન થતા કેએલ રાહુલ નિરાશ

મુંબઈ,

ભારતના સ્ટાર બેટ્સમેન કેએલ રાહુલે વેસ્ટ ઈન્ડીઝ સામેની ત્રીજી અને અંતિમ વનડેમાં ૧૨૯ રનની ધમાકેદાર સદી ફટકારી હતી. જોકે, તેની શાનદાર સદી છતાં, ભારતીય ટીમને હારનો સામનો કરવો પડ્યો. મેચ પછી પોતાની લાગણીઓ વ્યક્ત કરતા રાહુલે કહ્યું કે તે સદી ફટકારીને અને મેદાન પર વધુ સમય વિતાવીને ખૂબ જ ખુશ છે, કારણ કે તેનાથી આગામી શ્રેણી પહેલા તેનો આત્મવિશ્વાસ વધ્યો છે. તેણે એ વાતનો પણ ઊંડો અફસોસ વ્યક્ત કર્યો કે ટીમ મેચ જીતીને શ્રેણીની ક્લીન સ્વીપ મેળવવામાં ચૂકી ગઈ.

ત્રીજી વનડે પછી જીઓ સ્ટાર સાથેની એક મુલાકાત દરમિયાન,



કેએલ રાહુલે કહ્યું કે જ્યારે તે વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૨૯ રન બનાવીને ખુશ હતો, ત્યારે તે મેચ હારવા અને શ્રેણીમાં ક્લીન સ્વીપ ન મેળવી શકવાથી પણ નિરાશ હતો. તેણે કહ્યું કે ક્રીઝ પર વધુ સમય વિતાવવો તેના માટે મહત્વપૂર્ણ હતો, કારણ કે જાન્યુઆરીમાં ન્યુઝીલેન્ડ સામેની મેચ પછી તેને મોટી વનડે ઈનિંગ્સ રમવાની તક મળી ન હતી. રાહુલે કહ્યું કે આ બેટિંગ આવતા વર્ષે ઓક્ટોબરમાં યોજાનાર વર્લ્ડ કપ માટે તેની તૈયારી માટે મહત્વપૂર્ણ હતી, જેથી તે નવી બાબતોને વ્યવહારમાં મૂકી શકે જે તેણે શીખી હતી. ૨૦૨૭ના વર્લ્ડ કપની તૈયારીઓ અંગે, કેએલ રાહુલે જણાવ્યું હતું કે ટીમ દ્વિપક્ષીય શ્રેણીનો ઉપયોગ નવા ખેલાડીઓની ચકાસણી માટે કરી રહી છે. હવે, વનડેમાં ૩૩૦-૩૪૦ રન બનાવવા પૂરતા નથી, તેથી બેટ્સમેનો સેટ થયા પછી આક્રમક રીતે રમીને ૩૭૦-૪૦૦ રન સુધી પહોંચવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે મધ્યમ ક્રમના બેટ્સમેનોનું કામ ઝડપથી સ્કોર કરવાનું અને ક્રીઝ પર આવતાની સાથે જ સ્ટ્રાઈક ફેરવવાનું છે. બુમરાહ અને અક્ષર જેવા મુખ્ય ખેલાડીઓની ગેરહાજરીએ નવા ખેલાડીઓની ચકાસણી કરવા અને વર્લ્ડ કપ માટે મજબૂત ટીમ બનાવવાની સારી તક પૂરી પાડી છે. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની ત્રીજી વનડેમાં, ભારતે પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૩૫૧ રન બનાવ્યા. કેએલ રાહુલે અણનમ ૧૨૯ રનની શાનદાર ઈનિંગ રમી. તેણે આ ઈનિંગ દરમિયાન ૧૦ ચોગ્ગા અને ૬ છગ્ગા ફટકાર્યા. રોહિત શર્માએ ૮૫ બોલમાં ૯૨ રન બનાવ્યા. જવાબમાં, વેસ્ટ ઈન્ડિઝે ૪૮.૪ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું.

# વેસ્ટ ઈન્ડિઝે ભારત સામેની પાંચ મેચની ટી૨૦ શ્રેણી માટે અમીર જાંગુને ટીમમાં સામેલ કર્યો

નવીદિલ્હી,

ભારત સામેની વનડે શ્રેણીમાં બેટથી ધમાલ મચાવનાર અમીર જાંગુ હવે ટી ૨૦ ફોર્મેટમાં પણ પોતાની છાપ છોડવા માટે તૈયાર છે. વેસ્ટ ઈન્ડિઝે તેને ભારત સામેની પાંચ મેચની ટી૨૦ શ્રેણી માટે ટીમમાં સામેલ કર્યો છે. યુવા વિકેટકીપર-બેટ્સમેન જવેલ એન્ડ્રૂના કવર તરીકે જાંગુનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે, જે ત્રીજી વનડે દરમિયાન આંગળીમાં ઈજાને કારણે તબીબી નિરીક્ષણ હેઠળ છે.

વેસ્ટ ઈન્ડિઝે વનડે શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કરનાર આમિર જાંગુને ટી ૨૦ ટીમમાં જવેલ એન્ડ્રૂના કવર તરીકે સામેલ કર્યો



છે. વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટે ૫ ઓક્ટોબરે જાહેરાત કરી હતી કે ઈજાગ્રસ્ત થયા બાદ એન્ડ્રૂઓને સ્કેન માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સદનસીબે, તેમની આંગળીમાં ફ્રેક્ચર થયું ન હતું. જોકે, મેડિકલ ટીમ તેમની ઈજાનું નજીકથી નિરીક્ષણ કરી રહી છે અને તેમને ટી ૨૦ શ્રેણીમાંથી સંપૂર્ણપણે બહાર કરવામાં આવ્યા નથી.

ભારત સામેની પ્રથમ વનડેના પહેલા બોલ પર કોઈ રન બનાવ્યા વિના આઉટ થયા બાદ ૧૯ વર્ષીય એન્ડ્રૂઓએ બીજી મેચમાં પોતાનું સ્થાન ગુમાવ્યું હતું. તે ત્રીજી વનડેમાં ટીમમાં પાછો ફર્યો હતો. મેચ દરમિયાન, નમન ધીરનો કેચ લેતી વખતે તેની આંગળીમાં ઈજા થઈ હતી. ત્યારબાદ તેને મૂલ્યાંકન માટે હોસ્પિટલમાં જવું પડ્યું હતું. ઈજાને કારણે, તેણે વેસ્ટ ઈન્ડિઝના સફળ રન ચેઝમાં બેટિંગ કરી ન હતી.

બીજી બાજુ, જાંગુ હાલમાં ઉત્તમ ફોર્મમાં છે. ભારત સામેની ત્રણ વનડેમાં, તેણે અણનમ ૫૮, ૧૧૪ અને ૬૭ રન બનાવ્યા. ત્રણ મેચમાં તેણે ૨૩૯ રન બનાવ્યા અને બંને ટીમો માટે કુલ રન બનાવનારા ખેલાડીઓની યાદીમાં તે ત્રીજા સ્થાને રહ્યો.

# ચેક બાઉન્સ કેસમાં ૭.૫ કરોડ ચૂકવવા બદલ સુપ્રીમ કોર્ટે રાજપાલ યાદવને ઠપકો આપ્યો

નવીદિલ્હી,

અભિનેતા રાજપાલ યાદવની મુશ્કેલીઓ ફરી એકવાર વધતી દેખાય છે. ૭.૫ કરોડની ચુકવણી સાથે સંકળાયેલા ચેક બાઉન્સ કેસમાં, સુપ્રીમ કોર્ટે અભિનેતા દ્વારા સૂચનાઓનું પાલન કરવામાં વિલંબ પર સખત નારાજગી વ્યક્ત કરી છે. સુનાવણી દરમિયાન, કોર્ટે રાજપાલ યાદવ દ્વારા ચુકવણી અંગે રજૂ કરવામાં આવેલી પ્રક્રિયા પર સવાલ ઉઠાવ્યા અને તેમના વકીલને કડક ઠપકો આપ્યો. કોર્ટે સ્પષ્ટ કર્યું કે કેસમાં ફરિયાદીને તેના પૈસા મળવા જોઈએ અને ચુકવણીમાં વધુ વિલંબ સહન કરવામાં આવશે નહીં.

સુનાવણી દરમિયાન, ૫૦ લાખ રૂપિયાના ડિમાન્ડ ડ્રાફ્ટની ફોટોકોપી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી, જેનો સુપ્રીમ કોર્ટે વાંધો ઉઠાવ્યો હતો. જસ્ટિસ જોયમલ્યા બાગચીએ રાજપાલ યાદવના વકીલને કડક સવાલો કર્યા અને કોર્ટમાં રજૂ કરવામાં આવેલા દસ્તાવેજ પર નારાજગી વ્યક્ત કરી. કોર્ટનું વલણ સ્પષ્ટ હતું કે જ્યારે ચુકવણીનો આદેશ આપવામાં આવે છે, ત્યારે તેનું પાલન કરવામાં ગંભીરતા દાખવવી જોઈએ. કોર્ટે અભિનેતા દ્વારા કેસ સંભાળવાની રીત પર પણ ટિપ્પણી કરી. સુનાવણી દરમિયાન, જસ્ટિસ જોયમલ્યા બાગચીએ કહ્યું, "આ ઘમંડને તેના યોગ્ય સ્થાને મૂકવો જોઈએ. તમારે ક્યારે બોલવું તે જાણવું જોઈએ." આ ટિપ્પણી સ્પષ્ટપણે દર્શાવે છે કે કોર્ટ હવે ચુકવણીના મુદ્દા અંગે કોઈપણ પ્રકારની બેદરકારી કે વિલંબના મૂડમાં નથી.

સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે તે રાજપાલ યાદવની અરજી ફગાવી દેવા માટે તૈયાર છે. જોકે, કોર્ટે તાત્કાલિક એવું કર્યું નહીં. ફરિયાદીના હિતોને આનું કારણ ગણાવવામાં આવ્યું હતું. કોર્ટે જણાવ્યું હતું કે તે ફરિયાદીને પહેલા તેના બાકી લેણાં મળે તેવું ઈચ્છે છે. આમ, અભિનેતાને તાત્કાલિક રાહત આપવાને બદલે, કોર્ટે તેમને ચુકવણી પ્રક્રિયા પૂર્ણ કરવાની બીજી તક આપી છે.

સુપ્રીમ કોર્ટે રાજપાલ યાદવને ચુકવણી કરવા માટે આવતીકાલ સુધીની અંતિમ તક આપી છે. કોર્ટના નિર્દેશો અનુસાર, અભિનેતાએ હવે નિર્ધારિત સમય મર્યાદામાં ચુકવણી પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે.

# ખતરોં કે ખિલાડી સીઝનમાં અવિનાશ મિશ્રાની જીત જોઈને મિત્ર ઈશા સિંહની આંખોમાં આંસુ આવી ગયા

મુંબઈ,

ટીવી અભિનેતા અવિનાશ મિશ્રાએ 'ખતરોં કે ખિલાડી'ની ૧૫મી સીઝન જીતી લીધી છે. અંતિમ ટાસ્કમાં રિત્વિક ધંજાણીને હરાવ્યા પછી, અભિનેતાએ માત્ર ૨૦ લાખ રૂપિયા જ નહીં, પણ એક નવી કાર અને બાઈક પણ જીતી. આ જીત અવિનાશ માટે વધુ ખાસ હતી, કારણ કે તેની મિત્ર ઈશા સિંહ પણ ત્યાં હાજર હતી, અને જ્યારે અભિનેતાને 'ખતરોં કે ખિલાડી ૧૫' ટ્રોફી મળી ત્યારે તેની આંખોમાં આંસુ આવી ગયા. આ ખાસ પ્રસંગે બંને ભાવુક દેખાયા.

અવિનાશ મિશ્રાની જીત જોઈને ઈશાની આંખોમાં આંસુ આવી ગયા, એટલું જ નહીં, 'ખતરોં







કે ખિલાડી ૧૫'નો વિજેતા પણ ભાવુક થઈ ગયો. તેણે કહ્યું કે છેલ્લા બે વર્ષથી તે ફક્ત એક કે બે પોઈન્ટથી હારી રહ્યો હતો, પરંતુ આટલા વર્ષોમાં આ પહેલી વાર હતું કે તે ટ્રોફી ઉપાડી રહ્યો હતો. બાદમાં, તે સ્ટેજ પરથી નીચે આવ્યો અને અવિનાશે ઈશાને ગળે લગાવી. વધુમાં, ઈશા સિંહે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર અવિનાશ સાથેનો ફોટો શેર કર્યો અને તેને અભિનંદન આપ્યા. અભિનેત્રીએ લખ્યું, "કદાચ ભગવાને ખરેખર કંઈક મોટું આયોજન કર્યું હશે... KKK ૧૫ ના વિજેતા @avinash_world પર ખૂબ ગર્વ છે. પોતાની ખુશી વ્યક્ત કરતા, અવિનાશ મિશ્રાએ કહ્યું, "ખતરોં કે ખિલાડી જીતવી ખાસ લાગે છે કારણ કે મેં વિચાર્યું હતું કે મેં કંઈક સાબિત કરવાના હેતુથી શો સાઈન કર્યો છે, પરંતુ આ પ્રવાસ દરમિયાન, મેં ખરેખર મારી જાતને સાબિત કરી. વર્ષોથી, મેં ટેલિવિઝન પર અને હા, સ્ક્રીન પર 'સુંદર વ્યક્તિ' ની છબી સાથે કામ કર્યું છે. મને તે પ્રવાસનો આનંદ માણ્યો, પરંતુ મને એ પણ ખબર હતી કે લોકો મારામાં ઘણું બધું જોઈ શકે છે. આ શોએ મને બીજું બધું બાજુ પર રાખવાની અને મારા કાર્યો દ્વારા મારી જાતને સાબિત કરવાની તક આપી. આ પ્રવાસ વાસ્તવમાં મોટે ભાગે માનસિક રમત હતી." તેમણે વધુમાં ઉમેર્યું, "તમે તમારી જાતને શારીરિક રીતે તૈયાર કરી શકો છો, પરંતુ જ્યારે તમે કોઈ ભયાનક વસ્તુની ધાર પર ઉભા હોવ છો, ત્યારે કોઈ પણ પ્રકારનો ઢોંગ કામ કરતો નથી. ફક્ત તમે, તમારો ડર અને તે ક્ષણમાં તમે જે નિર્ણયો લો છો તે જ હોય છે." મારે બહારના અવાજને અવગણવાનું, મારી જાત પર વિશ્વાસ કરવાનું અને આગળ વધતા રહેવાનું શીખવું પડ્યું. એવા દિવસો હતા જ્યારે મેં મારી જાતને આશ્ચર્યચકિત કરી હતી, અને તે ક્ષણો હંમેશા યાદગાર રહેશે. મારા વિશે ઘણું બધું શીખ્યા પછી શો જીતવો એ જ અંત હતો જેની મેં ફક્ત અપેક્ષા રાખી હતી. હું મારી જાતને ચકાસવા માટે ખતરોં કે ખિલાડીમાં આવ્યો હતો.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ર | ક | બ | પ્ર | આ | કા | ળ | મા | ભ | ર | ક્ષ | કી |
| લ | ળો | ભ | મા | કુ | ણે | લી | તી | મ | અં | કુ | મ |
| ણિ | લા | ળ | દ | ભ | મ | ણ | દ | રો | ખ | હિ | તી |
| વિ | ણે | મ | ઉ | ર | મા | ક | કા | ર | મા | લા | ઓ |
| ત | ભા | ગં | વ | ઇ | ક્રો | ર | શિ | અ | રી | અ | રો |
| વિ | શ | શ | ર | ગ | પ્ર | પ્રા | મા | ણિ | ક | ક | લી |
| બિ | મા | પ્ર | સા | દ | ભો | વ | ક | જ | ચી | બા | આ |
| ફ | ર | જ | બ | ભા | ક્ષ | મા | સ | મ | મા | દ | કા |
| ડો | ર | ભો | રા | ળ | તી | રી | હા | ગ | દ | બા | દ |
| ભો | ર | લ | બ | ર | વા | ગ | ભા | ફ | જી | કી | ન |
| લ | ન | સા | ર | ચા | લ | ર | ળ | ળ | સ | બા | ક |
| ણ | ભો | ઐ | ધ | સા | ળ | ક | રા | ગં | કા | બૂ | બા |

શબ્દ શોધો: **પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# પિતા ગોવિંદાના અફેરની અફવાઓથી નારાજ દીકરી ટીનાને પ્રશ્નો પૂછવામાં આવતા તે ગુસ્સે થઈ ગઈ



મુંબઈ,

ગોવિંદા ટૂંક સમયમાં બે નવી ફિલ્મોમાં જોવા મળશે, પરંતુ આ પછી પણ, તેમનું અંગત જીવન, તેમની વ્યાવસાયિક નહીં, ચર્ચાનો વિષય રહ્યું છે. સુનિતા આહુજા વારંવાર ગોવિંદા પર પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લગ્નેત્તર સંબંધો હોવાનો આરોપ લગાવી ચૂકી છે, પરંતુ ગોવિંદાએ સતત તેમના આરોપોને નકારી કાઢ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી, ગોવિંદાને તેમની આગામી ફિલ્મ "રૂપા" માં તેમની સહ-અભિનેત્રી કોમલ રાની સ્વર્ણકર સાથે જોડવામાં આવ્યા છે. બંને ઘણીવાર સાથે જોવા મળે છે. તાજેતરમાં, ગોવિંદાએ કોમલ સાથે લાલબાગચા રાજાની મુલાકાત પણ લીધી હતી. કાશ્મીરા શાહથી લઈને દિવ્યા ખોસલા સુધી બધાએ આ મુદ્દા પર ટિપ્પણી કરી છે, પરંતુ જ્યારે ગોવિંદા અને સુનિતા આહુજાની પુત્રી ટીનાને ગોવિંદાના કથિત અફેર વિશે પૂછવામાં આવ્યું ત્યારે તે નારાજ થઈ ગઈ. તાજેતરમાં, ટીના આહુજા એક કાર્યક્રમમાં હાજરી આપી હતી જ્યાં તેમને ગોવિંદાના કથિત અફેર વિશે પૂછવામાં આવ્યું હતું. પ્રશ્ન સાંભળીને તે નારાજ થઈ ગઈ. કાર્યક્રમમાં એક પત્રકારે તેમને પૂછ્યું, "આજકાલ તમારા પરિવારમાં ઘણું બધું ચાલી રહ્યું છે." કોમલ રાની ઈન્સ્ટાગ્રામ પર તમારા માતાપિતા વિશે પણ કંઈક લખી રહી છે.' રિપોર્ટર પોતાનો પ્રશ્ન પૂર્ણ કરે તે પહેલાં, ટીનાનો ગુસ્સો ભડકી ગયો અને તેણે તેના પર ચર્ચા કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો.

રિપોર્ટરનો પ્રશ્ન સાંભળીને, ટીના માઈક્રોફોનથી દૂર થઈ ગઈ અને કહ્યું, "ચાલો અહીં આ વિશે વાત કરીએ... આભાર" આ સાથે, ટીના આહુજા પ્રશ્નનો જવાબ આપ્યા વિના આગળ વધી ગઈ.

# અનિલ કપૂરની 'સુબેદાર' ફિલ્મે દેશનું ગૌરવ વધાર્યું, એશિયન એકેડેમી ક્રિએટિવ એવોર્ડ્સમાં શ્રેષ્ઠ ફીચર ફિલ્મ એવોર્ડ

મુંબઈ,

અનિલ કપૂરની ફિલ્મ 'સુબેદાર' ફિલ્મને એશિયન એકેડેમી ક્રિએટિવ એવોર્ડ્સમાં આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે અને ભારતનો શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો એવોર્ડ જીત્યો છે. "સુબેદાર અર્જુન મૌર્ય" ના પાત્ર માટે અનિલ કપૂરને "શ્રેષ્ઠ અભિનેતામાં અગ્રણી ભૂમિકા" શ્રેણીમાં પણ નામાંકન મળ્યું છે. આ સન્માન "સુબેદાર" ને એશિયાભરના વિજેતાઓ સાથે જોડે છે. જેકી ચાનની "ધ શેડો એજ" એ "શ્રેષ્ઠ ફીચર ફિલ્મ" શ્રેણીમાં ચીનનું પ્રતિનિધિત્વ કર્યું. અનિલ કપૂરને "સુબેદાર" માટે "શ્રેષ્ઠ અભિનેતા" નોમિનેશન મળ્યું.



"સુબેદાર" માં, અનિલ કપૂર અર્જુન મૌર્યની ભૂમિકા ભજવે છે, જે એક નિવૃત્ત અને અનુભવી સૈનિક છે જે સામાજિક અન્યાય અને તેની પુત્રી સાથેના તણાવપૂર્ણ સંબંધોનો સામનો કરતી વખતે સામાન્ય જીવનમાં સમાયોજિત થવાનો પ્રયાસ કરે છે. આ ભૂમિકા માટે, અનિલ કપૂરે શારીરિક રીતે મુશ્કેલ એક્શન દ્રશ્યો અને પિતાના પરિવારના સન્માન માટે લડવાની ભાવનાત્મક યાત્રાનું સંતુલન બનાવ્યું. તેમના કામને કારણે તેમને એશિયન એકેડેમી ક્રિએટિવ એવોર્ડ્સમાં "શ્રેષ્ઠ અભિનેતા ઈન અ લીડિંગ રોલ" માટે નોમિનેશન મળ્યું. આ તેમની ચાર દાયકાથી વધુની કારકિર્દીમાં બીજી આંતરરાષ્ટ્રીય માન્યતા દર્શાવે છે. અભિનેતાએ આ સન્માન મેળવવાની ખુશી વ્યક્ત કરી અને તેને સોશિયલ મીડિયા પર તેમની કારકિર્દીમાં એક ખાસ ક્ષણ ગણાવી.

# પૂ. પ્રમુખસ્વામીના ૧૩ ગ્રંથોમાં વિસ્તરાયેલા જીવન ચરિત્રને ગિનિશ વર્લ્ડ રેકોર્ડ એનાયત : હરિભક્તોમાં ખુશીની લહેર

## ૨૦૨૬માં ગિનિસ વર્લ્ડ રેકોર્ડસ દ્વારા સંસ્થાને બે રેકોર્ડ એનાયત કરાયા



રાજકોટ, તા.૫

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવન પર ૧૩ ગ્રંથોમાં વિસ્તરેલા, ૮,૮૪૮ પાનાં અને ૨૧,૪૬,૪૪૭ શબ્દો ધરાવતા બૃહદ્ જીવનચરિત્રને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા એક જ લેખક દ્વારા લખાયેલા વિશ્વના સૌથી વિસ્તૃત જીવનચરિત્ર તરીકે સત્તાવાર માન્યતા આપવામાં આવી છે.

સંસ્કૃતના વિદ્વાન અને પીએચ.ડી. એવા આદર્શજીવનદાસ સ્વામી દ્વારા લખાયેલું 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજઃ વિસ્તૃત જીવનચરિત્ર' બી. એ. પી. એસ. સ્વામિનારાયણ સંસ્થાના પાંચમા આધ્યાત્મિક ગુરુ પ્રમુખસ્વામી મહારાજના (૧૯૨૧-૨૦૧૬) ૯૪ વર્ષના અસાધારણ જીવન અને તેમના ચિરંજીવ પ્રદાનનું આલેખન કરે છે.આ જીવનચરિત્રમાં પ્રમુખસ્વામી મહારાજના ૧૯૨૧માં થયેલા જન્મથી લઈને ૨૦૧૬માં થયેલા અક્ષરધામગમન સુધીની જીવનયાત્રા આલેખવામાં આવી છે. તેમાં તેમનું આધ્યાત્મિક નેતૃત્વ, નમ્રતા, નિઃસ્વાર્થ સેવા અને ભક્તિ તથા વિશ્વભરમાં કરેલાં વ્યાપક સેવાકાર્યોનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. જુલાઈ ૨૦૧૭થી ઑગસ્ટ ૨૦૨૦ સુધીના ૩૮ મહિનાના ગહન સંશોધન અને લેખન દ્વારા આ ગ્રંથશ્રેણી તૈયાર કરવામાં આવી હતી.

રવિવાર, ૪ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ લંડનના ઘટઘ અરીના વેમ્બલી ખાતે પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની ૯૩મી જન્મજયંતીની ઉજવણી દરમિયાન તેમને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સનું પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

અરીનામાં ઉપસ્થિત ૧૧,૦૦૦ લોકો તથા વિશ્વભરમાં લાઈવ વેબકાસ્ટ દ્વારા જોડાયેલા બીજા લાખો લોકો આ ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બન્યા હતા. પ્રમાણપત્ર અર્પણ કરનાર ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સના વરિષ્ઠ નિર્ણાયક કાર્લ સેવિલે જણાવ્યુંઃ એક જ લેખક દ્વારા લખાયેલા સૌથી વિસ્તૃત જીવનચરિત્ર માટે આજે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ વતી આ પ્રમાણપત્ર અર્પણ કરવું મારા માટે ખરેખર આનંદ, સૌભાગ્ય અને સન્માનની બાબત છે.ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સનો એક બ્રાન્ડ તરીકે મુખ્ય ઉદ્દેશ વિશ્વભરની અદભુત સિદ્ધિઓનું દસ્તાવેજીકરણ કરવાનો અને એવી અનોખી તથા વિશિષ્ટ સિદ્ધિઓને લોકો સમક્ષ મૂકવાનો છે, જે આજ સુધી પૃથ્વી પર અન્ય કોઈએ હાંસલ કરી નથી. આથી, સમગ્ર જીવનનું દસ્તાવેજીકરણ કરતી આ વિશિષ્ટ રેકોર્ડ સિદ્ધિ સાથે તેનો ગહન સંબંધ છે.આ સિદ્ધિ અંગે લેખક આદર્શજીવનદાસ સ્વામીએ જણાવ્યુંઃ આ જીવનચરિત્રના લેખક કરતાં જેમનું જીવનચરિત્ર લખાયું છે તેમનું મહત્ત્વ અનંતગણું વધારે છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું જીવન ગહન આધ્યાત્મિકતા, અપાર નમ્રતા અને વૈશ્વિક સંવાદિતા, કરુણા તથા સહાનુભૂતિ પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાથી સભર હતું. તેમના દિવ્ય જીવન અને ચિરંજીવ પ્રદાનનું આલેખન કરવું મારા માટે સન્માન અને સૌભાગ્યની બાબત હતી. આ જીવનચરિત્ર અસાધારણ સાહિત્યિક વ્યાપનો રેકોર્ડ હોવા ઉપરાંત આધ્યાત્મિકતા, સેવા અને અન્યના કલ્યાણ માટે સમર્પિત જીવનનો વિશાળ ઐતિહાસિક દસ્તાવેજસંગ્રહ છે.તે વર્તમાન અને ભાવિ પેઢીઓ માટે પ્રમુખસ્વામી મહારાજના જીવન અને કાર્યને સંરક્ષિત કરે છે. આ ગ્રંથશ્રેણીના વિવિધ ગ્રંથોની ૩,૧૦,૦૦૦થી વધુ નકલોનું વેચાણ થઈ ચૂક્યું છે.ઉલ્લેખનીય છે કે આ જ વર્ષે ફેબ્રુઆરી ૨૦૨૬માં ભારતના વડોદરા ખાતે ૧૨,૭૨૩ બાળકોએ એકસાથે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા રચિત 'સત્સંગદીક્ષા' ગ્રંથના સંસ્કૃત શ્લોકોનું પઠન કરીને 'વિશ્વના સૌથી મોટા સામૂહિક હિન્દુ ધર્મગ્રંથ પઠન' નો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો હતો. આ વ્યાપક અભિયાનના ભાગરૂપે ૧૫,૦૦૦થી વધુ બાળકોએ આ ધર્મગ્રંથના તમામ ૩૧૫ સંસ્કૃત શ્લોકો કંઠસ્થ કર્યા હતા.

# અગ્નિવીર CLK/SKT ભરતી રેલી ૧૨ ઓક્ટોબરે મહારાષ્ટ્રના વિસાપુર ખાતે યોજાશે

## જામનગર આર્મી રિક્રૂટિંગ ઓફિસ હેઠળ ૧૩ જિલ્લાઓ અને કેન્દ્રસાશિત દીવના ઉમેદવારો ભાગ લઈ શકશે





રાજકોટ,

ભારતીય સેનામાં અગ્નિવીર તરીકે જોડાવા ઈચ્છતા ઉમેદવારો માટે અગત્યની જાહેરાત કરવામાં આવી છે. આર્મી રિક્રૂટિંગ ઓફિસ (ARO), નાગપુર દ્વારા તા. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ તાલુકા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, વિસાપુર, જિલ્લા ચંદ્રપુર (મહારાષ્ટ્ર) ખાતે અગ્નિવીર CLK/SKT ભરતી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતી રેલી ARO જામનગર હેઠળ આવતા ૧૩ જિલ્લાઓ અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશ (UT), દીવના શોર્ટલિસ્ટ થયેલા ઉમેદવારો માટે યોજાશે. તેમાં જામનગર, પોરબંદર, રાજકોટ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર, કચ્છ, ગીર સોમનાથ, બોટાદ, મોરબી, દેવભૂમિ દ્વારકા અને પાટણ — એમ કુલ ૧૩ જિલ્લાઓ, તેમજ દીવ (UT)નો સમાવેશ થાય છે.૧૨ ઓક્ટોબરના રોજ રાત્રે ૦૦:૧૫ કલાકે રિપોર્ટિંગઃઉપરોક્ત ૧૩ જિલ્લાઓ અને દીવ (UT)ના અગ્નિવીર CLK/SKT કેટેગરીના ઉમેદવારોએ તા. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ૦૦:૧૫ કલાકે નિર્ધારિત સ્થળે રિપોર્ટ કરવાનું રહેશે.ભરતી રેલી માટેના એડમિટ કાર્ડ તમામ શોર્ટલિસ્ટ થયેલા ઉમેદવારોના રજિસ્ટર્ડ ઈ-મેલ સરનામે ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ મોકલી આપવામાં આવ્યા છે. ઉમેદવારોએ પોતાનું રેલી એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવા માટu Join Indian Armyની સત્તાવાર વેબસાઈટ www.joinindianarmy.nic.in પર પોતાનો`sername y™u Passwrod વડે લોગિન કરવાનું રહેશે.વધુ માહિતી અથવા પૂછપરછ માટે ઉમેદવારો આર્મી રિક્રૂટિંગ ઓફિસ, જામનગરનો ૦૨૮૮-૨૫૫૦૩૪૬ / ૮૮૬૬૯૭૬૧૮૮ નંબર ઉપર સંપર્ક કરી શકાશે.

# વેરાવળના પ્રભાસપાટણના સદભાવના મેદાનમાં તા.૭ ઓક્ટોબરના રોજ વિકાસ જ્યોતિ યાત્રા યોજાશે

## કાર્યક્રમના સુચારૂ આયોજન માટે જિલ્લા કલેક્ટર શ્રી જીતેન્દ્રસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

મિતેશ પરમાર, વેરાવળ,

સેવા સંકલ્પ અભિયાનની ઊજવણી અંતર્ગત તા.૦૭ ઓક્ટોબરના રોજ પ્રભાસ પાટણના સદભાવના મેદાન ખાતે વિકાસ જ્યોતિ યાત્રાનો ભવ્ય કાર્યક્રમ યોજાશે.

આ સમગ્ર કાર્યક્રમના સુનિયોજીત આયોજન અંગે જિલ્લા કલેક્ટર શ્રી જીતેન્દ્રસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને એક બેઠક યોજાઈ હતી.જિલ્લા સેવા સદનના સંકલન હોલમાં કાર્યક્રમના સુચારૂ આયોજનના ભાગરૂપે સંબંધિત અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં કલેક્ટરશ્રીએ સ્થળ પરની વ્યવસ્થાઓ, આયોજન તેમજ વિવિધ તબક્કે યોજાનારી પ્રવૃત્તિઓ અંગેવિગતવાર ચર્ચા કરી હતી.

વિકાસ જ્યોતિ યાત્રાને સફળ બનાવવા માટે જરૂરી વ્યવસ્થાઓ અંગે સંબંધિત અધિકારીઓને કલેક્ટરશ્રીએ માર્ગદર્શિત કર્યા હતાં. નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલે કાર્યક્રમના સ્થળ પર બેઠક વ્યવસ્થા, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારીઓ, પાર્કિંગ વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થા, ફૂડ પેકેટ, પીવાના પાણી સહિત સેવા જ્યોતિ યાત્રાના પ્રસ્થાન થી અંત સુધીની આનુસાંગિક વ્યવસ્થાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી.ઉલ્લેખનીય છે કે, વિકાસ જ્યોતિ યાત્રાકાર્યક્રમ અંતર્ગત સદભાવના મેદાન થી સોમનાથ પાર્કિંગ સુધી,સદભાવના મેદાન થી કાજલી એ.પી.એમ.સી. સુધી અને સદભાવના મેદાન થી સરોવર પોર્ટિકોના મેદાન સુધી ત્રણરથયાત્રા યોજાશે. તેમજ જિલ્લામાં વિવિધ સ્થળોએ સર્કલ ડેવલપ કરવા માટે ભૂમિપૂજન અને ખાતમુહૂર્તના કાર્યક્રમો પણ યોજાશે.આ કાર્યક્રમમાં વિવિધ સમાજ-સંસ્થાઓ, અગ્રણીઓ અને નાગરિકો પણ જોડાવાના છે.

# કચ્છમાં ગ્રીન એનર્જી ક્ષેત્રે રોજગારીને વેગ આપવા અદાણી સ્કિલ્સ એન્ડ એજ્યુકેશન અને કચ્છ યુનિવર્સિટી દ્વારા 'સેન્ટર ઓફ એક્સેલન્સ' શરૂ કરાયુ

ભુજ,અદાણી સમૂહની ક્ષમતા-નિર્માણ અને કૌશલ્ય શાખા, અદાણી સ્કીલ્સ એન્ડ એજ્યુકેશને કચ્છ યુનિવર્સિટીના સહકારથી ગુજરાતના ભુજ ખાતે કચ્છ યુનિવર્સિટી કેમ્પસમાં ગ્રીન એનર્જી સંબંધી કૌશલ્ય નિર્માણ અને ક્ષમતા સંબંધિત પ્રવૃત્તિઓ માટેના સેન્ટર ઓફ એક્સેલન્સને આજે રાજ્યપાલ શ્રી દેવવ્રત પાઠકે ખુલ્લું મૂક્યું હતું.

કચ્છમાં વિકસી રહેલા રિન્યુએબલ એનર્જીના વિવિધ પ્રકલ્પના કારણે નવીનીકરણીય ઉર્જા માળખાના નિર્માણ, સંચાલન અને જાળવણી માટે તાલીમ પામેલા લોકોની માંગ વધી છે. હરિત ઉર્જા ક્ષેત્રે કૌશલ્ય ઘડતર સહિતની પ્રવૃત્તિઓ અંતર્ગત અદાણીએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ૨૧,૦૦૦ થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકોનું સર્જન કર્યું છે.



આ સેન્ટર નવીનીકરણીય ઉર્જાના ક્ષેત્રમાં મૂલ્ય વર્ધક ભૂમિકાઓ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરીને આ પ્રકલ્પોની જરૂરિયાતને પૂર્ણ કરવામાં મદદ કરવા સાથે યુવાનોને ઘરની નજીક ઉદ્યોગ-સાથે સંકળાયેલતાલીમની તક આપશે.આ સેન્ટરમાં સોલાર પીવી ટેક્નોલોજી, વિન્ડ એનર્જી, હાઈબ્રિડ સિસ્ટમ્સ અને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ તેમજ ડિજિટલ અને ઔદ્યોગિક ઓટોમેશનમાં વિશિષ્ટ તાલીમી કાર્યક્રમો મારફત દર વર્ષે કચ્છ યુનિવર્સિટીના ૧૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને તાલીમ આપશે. વધુમાં તે ગ્રીન એનર્જીમાં એપ્લાઈડ રિસર્ચ અને ઉદ્યોગસાહસિકતાને પણ ટેકો આપશે.

અદાણી ગ્રુપના ડિરેક્ટર શ્રી કરણ અદાણીએ જણાવ્યું હતું કે ભારતના ભવિષ્યને આકાર આપે તેવા ક્ષેત્રોમાં કામ કરવાનો અદાણી ગ્રુપનોહંમેશા પ્રયાસ રહ્યો છે. તેમણે કહ્યું કે ગ્રીન એનર્જી એક એવું ક્ષેત્ર છે જેદેશની પ્રગતિ અને આપણી ભાવિ પેઢી બન્ને માટે મહત્વનું છે ત્યારે વૈશ્વિક સેન્ટર ઓફ એક્સેલન્સ એખાતરી કરશે કે વિદ્યાર્થીઓ માત્ર નોકરીઓ માટે જ નહી, પરંતુ ભારત અને વિશ્વભરમાં ઉભરતી નવી તકો માટે પણ સજ્જ છે. અદાણી સ્કિલ્સ એન્ડ એજ્યુકેશનના મુખ્ય કારોબારી અધિકારી શ્રી રોબિન ભૌમિકે જણાવ્યું હતું કે ઝડપથી વિકસી રહેલા રિન્યુએબલ એનર્જી ઉદ્યોગની સામે તેને ટેકો આપવા જરૂરી વિશિષ્ટ કાર્યબળ એ ઝડપે તૈયાર થઈ રહ્યું નથી. આ શૂન્યવકાશને દૂર કરવા કચ્છ યુનિવર્સિટી સાથે મળીને વર્ગખંડમાં કામ કરીને અમે ઉદ્યોગની જરૂરિયાતો મુજબ વિદ્યાર્થીઓને શિક્ષણથી રોજગાર તરફ આગળ વધવામાં મદદ કરીશું.

# રાજકોટની રાષ્ટ્રીયશાળામાં પુ.ગાંધીજીની ૧૫૭મી જયંતિ દિને 'ગાંધી ક્વીઝ'-૨૦૨૬ યોજાઈ

રાજકોટ,

રાજકો રાષ્ટ્રીય શાળા ટ્રસ્ટ તથા ધ બધેકા ટ્રસ્ટના સંયુક્તે ઉપક્રમે પુ.ગાંધીજીની ૧૫૭મી જયંતિના શુભ અવસર પર રાજકોટની શ્રી ટી.એન. રાવ.કોલેજ, જે.જે.કુંડલિયા, હરિવંદના કોલેજ, એવીપીટી કોલેજ, દર્શન યુનિવર્સીટી, એમવીએમ આર્ટસ કોલેજ, આઈ.એલ.ટી.કોલેજ, કણસાગરા કોલેજમાંથી આવેલ વિદ્યાર્થીઓએ 'ગાંધી ક્વીવઝ' -૨૦૨૬માં ભાગ લીધેલ હોવાનું રાષ્ટ્રીય શાળા ટ્રસ્ટના મેનેજર નયનભાઈ પંચોલીએ જણાવ્યું છે કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીયશાળાના પ્રમુખ જયંતીભાઈ કાલરીયા, ભૂતપૂર્વ મેયર અશોકભાઈ ડાંગર, ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર શ્રી



કલ્પકભાઈ ત્રિવેદી (ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ ઉપકુલપતી શ્રી માધુરીકાબેન જાડેજા તેમજ રાષ્ટ્રીય શાળાના મેનેજી ટ્રસ્ટી જીતુભાઈ ભટ્ટ ઉપસ્થિત રહેલ. ગાંધીજીને પ્રિય એવા 'વૈષ્ણવ જન તો તેને કહીએ' ના ભજન રાષ્ટ્રીય શાળાના સંગીત વિભાગ દ્વારા ક્લાસીકલ રાગથી ગાઈને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જયંતીભાઈ કાલરીયા તથા અનામિકભાઈ શાહે અવસર અંતર્ગત પ્રવચન કરેલ. 'ગાંધી ક્વીઝ'-૨૦૨૬માં શહેરની વિવિધ કોલેજમાંથી ૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. તેમાંથી ૧ થી ૯ ક્રમ સુધીના ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓને મહેમાનો દ્વારા પુરસ્કાર આપવામાં આવેલ. આ કાર્યક્રમ સમગ્ર સંચાલન જસદણવાળાએ કરેલ. શહેરની કોલેજના વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો પણ હાજર રહ્યાનું જણાવાયું છે.

# રાજકોટ વિરાણી બહેરા-મુંગા શાળાના દિવ્યાંગજનો માટે સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો

રાજકોટ,

સેવા સંકલ્પ અભિયાન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર તેમજ જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા શ્રી અને શ્રીમતિ સી.એસ.વિરાણી બહેરા-મુંગા શાળા ટ્રસ્ટ ખાતે દિવ્યાંગજનો માટે સાધન સહાય વિતરણ અને મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત દિવ્યાંગ કલ્યાણની વિવિધ યોજનાઓ હેઠળ ૨૩૫ લાભાર્થીઓને કુલ ૧૭,૫૯,૬૦૩/- ની કિમતના ૩૪૭ જેટલા સાધનો જેમાં વ્હીલચેર, હિયરીંગ એઈડ મશીન અને ટી.એલ.એમ કિટ વગેરે સાધનો વિતરણ કરાયાં હતાં. ઉપરાંત દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ ૨ લાભાર્થીઓને ૧.૫૦ લાખની સહાય, સંત સુરદાસ યોજના હેઠળ માસિક ૧,૦૦૦/- પેન્શન સહાય તેમજ એસ.ટી. બસ ફ્રી મુસાફરી પાસ દિવ્યાંગ લાભાર્થીઓને એનાયત કરાયા હતા. આ



સાથે રાજકોટ સિવિલ હોસ્પિ ટલ દ્વારા સ્થળ પર ૪૫૦ દિવ્યાંગજનોનું મેડિકલ ચેકઅપ પણ કરાયું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા

જિલ્લા્ કલેક્ટરશ્રી ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે. દિવ્યાંગ બાળકો સમાજના મુખ્ય પ્રવાહનો જ એક અતૂટ હિસ્સો છે. દિવ્યાંગ બાળકોની અદભુત ક્ષમતાઓ અને ઝડપથી અભિવ્યક્ત કરવાની કળામાંથી દરેક વ્યક્તએ પ્રેરણા લેવી જોઈએ. કાર્યક્રમમાં ઉપસ્થિત ધારાસભ્યશ્રી ડો.દર્શિતાબેન શાહ અને અગ્રણી માધવભાઈ દવેએ પ્રાસંગિક ઉદ્બોધન કરેલ. સંસ્થા્ના માનદ તંત્રી શ્રી નરેન્દ્રભાઈ દવેએ વહીવટી તંત્રી અને રાજ્ય સરકાર કલ્યાણકારી યોજનાઓની સરાહના કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત ગાયત્રી સેવા સંસ્થા ઉદયપુર (રાજકોટ) દ્વારા બાળ લગ્ન પ્રતિબંધક અંગે વિસ્તૃંત જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન સમાજ સુરક્ષા કચેરીના મિલનભાઈ પંડિત દ્વારા કરાયું હતું.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા, જિલ્લુ સમાજ સુરક્ષા કચેરીના નાયબ નિયામક વી.એ.સૈયદ, જીલ્લાભ સમાજ સુરક્ષા અધિકારી મેહુલગીરી ગૌસ્વા્મી , સંસ્થા્ના વરિષ્ઠ તેમજ પ્રમુખ રજનીભાઈ બાવીસી પાહેબ સંસ્થાનાં આચાર્ય કશ્યપભાઈ, વી.ડી.પારેખ અંધ વિદ્યાલયના માનદ મંત્રી ડો પ્રકાશભાઈ સહિત અધિકારીઓ, શાળા પરિવારના ટ્રસ્ટીઓ તેમજ મોટી સંખ્યામાં દિવ્યાંગ બાળકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જિલ્લામાં તા. ૧૮ ઓક્ટોમ્બર સુધી મંજુરી વગર સભાસરઘસ યોજી શકાશે નહીં

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,

જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગી એ કઈ સભાસરઘસ કાઢી શકાશે નહીં તે માટે જાહેરનામુ પ્રસિદ્ધ થવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત રજૂ થતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી.એસ.બારડે તેમને મળેલ સત્તાની રૂએ કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિની જાળવણી સારું મંજુરી વગર જૂનાગઢ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં સભાસરઘસ યોજી શકાશે નહીં તેવુ મનાય હુકમ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે.

જેમાં જૂનાગઢ જિલ્લામાં તાત્કાલીક અસર થી તા. ૧૮/૧૦/ ૨૦૨૬ સુધી પરવાનગી વગર કોઈપણ સભા સરઘસ યોજી શકશે નહીં. આ જાહેરનામુ ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક મંડળીઓ, સરકારી નોકરીએ જતા કે અવર-જવર કરતા વ્યક્તિઓ, કોઈ લગ્નના વરઘોડો, સ્મશાન યાત્રા કે તેમાં જોડાનાર વ્યક્તિઓને, કે સક્ષમ અધિકારીએ કાયદેસર પરવાનગી આપી હોય તેવા વ્યક્તિઓને આ પ્રતિબંધાત્મક આદેશ લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ખંડનો કોઈપણ ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૯૫૧ ની કલમ ૧૩૫(૩) મુજબ દંડને પાત્ર થશે.

# સૌરાષ્ટ્ર ભાજપનો ચાર્જ સંભાળતા પુર્વે સોમનાથ મહાદેવના બીન્નાડીએ આર્શીવાદ લીધા

વેરાવળ,

સૌરાષ્ટ્રમાં ભાજપનાં સંગઠન સહમહામંત્રી તરીકે નિયુકત થયેલા અરૂણ બીન્નાડી ગત સપ્તાહે સૌરાષ્ટ્રની પ્રથમ મુલાકાત લીધી હતી. તેમાં અમદાવાદથી બાદમાં પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર સોમનાથ મંદિરે ગયા હતા તથા અહી તેઓએ મહાદેવની પુજા અર્ચના કરી આર્શીવાદ મેળવ્યા હતા.

આજે તેઓ ગાંધીનગર કમલમમાં પ્રથમ-પરીચય બેઠકમાં હાજરી આપીને કાલે રાજકોટ પહોંચે તેવા સંકેત છે અને તેઓ રાજકોટ કમલમમાં વિધીવત રીતે પોતાની કામગીરીનો પ્રારંભ કરશે બિન્નાડીના આગમનથી હવે સૌરાષ્ટ્રમાં પ્રદેશ મહામંત્રી અનિરૂદ્ધ દવે અને બીન્નાડી બન્ને સંગઠનની કામગીરી જોશે.

# સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા શુક્રવારથી ત્રણ દિવસ ૫૪મો હીરક સ્પંદન યુવક મહોત્સવ યોજાશે

રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિ.નો ૫૪મો હીરક સ્પંદન યુવક મહોત્સવ ૨૦૨૬-૨૭ આગામી તા. ૯ થી ૧૧ દરમિયાન આયોજિત કરવામાં આવેલ છે. જેનો ઉદઘાટન સમારોહ તા. ૯ના રોજ સવારના ૯.૩૦ કલાકે યુનિ.ના નવા ઓડીટોરીયમ હોલમાં યોજાશે.

સાહિત્ય કલા અને સાંસ્કૃતિક એમ કુલ ત્રણ વિભાગમાં યોજાનારા આ યુવક મહોત્સવમાં પ્રથમ દિવસે એટલે કે તા.૯ના સાહિત્ય વિભાગમાં વકતૃત્વ, ગઝલ શાયરી, કાવ્ય લેખન અને કિવઝ સ્પર્ધા તેમજ કલા વિભાગમાં હસ્તકલા હોબી, સર્જનાત્મક કામગીરી અને તત્કાલ છબીકલા (ફોટોગ્રાફી) જ્યારે સાંસ્કૃતિક વિભાગમાં પ્રાચીન રાસ, સમુહ લોકનૃત્ય, શાસ્ત્રી વાદ્ય સંગીત, હળવુ કંઠય સંગીત, વેસ્ટર્ન ગ્રુપ સોંગ, વેસ્ટર્ન વોકલ સોલો અને શાસ્ત્રીય કંઠય સંગીતની સ્પર્ધા યોજાશે.

તા.૧૦ને શનિવારે સાહિત્ય વિભાગમાં ડિબેટ પાદપૂર્તિ જયારે કલા વિભાગમાં ચિત્રકલા, કાર્ટુનિંગ, પોસ્ટર મેકીંગ અને મોડેલીંગ તેમજ સાંસ્કૃતિક વિભાગમાં પ્રાચીન રાસ, લઘુનાટક, સમુહ ગીત, શાસ્ત્રીય નૃત્ય, મુક અભિનય, લોકગીત, દુહા-છંદ હાલરડા અને શાસ્ત્રીય વાદ્ય સંગીતની સ્પર્ધા યોજાશે.

આ ઉપરાંત તા.૧૧ને રવિવારના કલા વિભાગમાં તેમજ સાંસ્કૃતિક વિભાગમાં એકાંકી, મિમિક્રી અને ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ તમામ સ્પર્ધાઓનું ફાઈનલ પરિણામ તા.૧૧ને રવિવારના સાંજના ૪ કલાકે જાહેર કરાશે. યુનિ. તંત્ર દ્વારા આ અંગેની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

# ભારત અને સ્વિટ્ઝર્લેન્ડ વચ્ચે અનેક કરારો થયા

## પીએમ મોદીએ નવી દિલ્હીમાં સ્વિસ રાષ્ટ્રપતિ ગાય પરમેલિન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી

નવી દિલ્હી,

ભારત અને સ્વિટ્ઝર્લેન્ડે પરિવહન ટેકનોલોજી, ગતિશીલતા પ્રણાલીઓ અને માળખાગત સુવિધાઓ પર પ્રમોશન અને સહયોગના ક્ષેત્રમાં અનેક કરારો પર હસ્તાક્ષર કર્યા છે.વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અને સ્વિસ નેશનલ સાયન્સ ફાઉન્ડેશન વચ્ચે એક ઉદ્દેશ પત્ર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અને ઝુરિચ યુનિવર્સિટી ઓફ એપ્લાઇડ સાયન્સ વચ્ચે નવીનતા, ટેકનોલોજી ટ્રાન્સફર અને ઉદ્યોગસાહસિકતામાં સહયોગ માટે અમલીકરણ વ્યવસ્થા પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સ્વિસ રાષ્ટ્રપતિ ગાય પરમેલિન વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો પછી આ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

સંયુક્ત પત્રકાર પરિષદમાં, વડા પ્રધાન મોદીએ સ્વિસ રાષ્ટ્રપતિ ગાય પરમેલિનની ભારત-સ્વિટ્ઝર્લેન્ડ સંબંધો પ્રત્યેની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે ભારતે ગયા ઓક્ટોબરમાં યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (EFTA) દેશો સાથે ઐતિહાસિક વેપાર અને આર્થિક ભાગીદારી કરાર લાગુ કર્યો હતો.



મોદીએ નોંધ્યું હતું કે આ કરાર યુરોપિયન આર્થિક બ્લોક સાથે ભારતનો પ્રથમ ફ્રી ટ્રેડ કરાર હતો. તેમણે તેને રોકાણ, નવીનતા, રોજગાર અને સહિયારી સમૃદ્ધિ માટે મહત્વાકાંક્ષી માળખા તરીકે વર્ણવ્યું હતું.પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે આ કરાર હેઠળ, ભારત આગામી ૧૫ વર્ષોમાં ૧૦૦ અબજ યુએસ ડોલરનું રોકાણ આકર્ષિત કરવાનો અને દસ લાખ સીધી નોકરીઓનું સર્જન કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભારત અને સ્વિટ્ઝર્લેન્ડે સ્વિટ્ઝર્લેન્ડમાં ભારતીય નિકાસ માટે બજાર એક્સેસ વધારવા અને બંને દેશો વચ્ચે રોકાણને વધુ સરળ બનાવવા માટે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે.તેમણે કહ્યું કે આનાથી સ્વિટ્ઝર્લેન્ડમાં ભારતીય કૃષિ ઉત્પાદનો, ફાર્માસ્યુટિકલ્સ, કાપડ અને એન્જિનિયરિંગ માલની નિકાસ વધશે. શ્રી મોદીએ કહ્યું કે તે જ સમયે, ભારત બાયોટેકનોલોજી, જીવન વિજ્ઞાન, બેંકિંગ, વીમા, ખાદ્ય પ્રક્રિયા અને ટકાઉપણું જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં નવા સ્વિસ રોકાણો આકર્ષિત કરશે.

# ભારત સાથે વ્યાપક વ્યાપારી તકો માટે વર્ષના અંત સુધીમાં વાટાઘાટો પૂર્ણ કરવાનો લક્ષ્યાંક : કેનેડા

## અર્થતંત્રને વેગ આપવા માટે ભારત સાથે CEPA ને આખરી ઓપ

ઓટાવા,

સોમવારે ઓટાવામાં 'વ્યાપક આર્થિક ભાગીદારી કરાર' (CEPA) માટેની વાટાઘાટોનો પાંચમો રાઉન્ડ શરૂ થઈ રહ્યો છે ત્યારે કેનેડાએ કહ્યું છે કે તે આ વેપાર કરારને પૂર્ણ કરવા પર "ધ્યાન કેન્દ્રિત" કરી રહ્યું છે, કારણ કે તેનાથી દેશની અર્થવ્યવસ્થા માટે "નવા દ્વાર ખુલશે".

રાજધાનીમાં ભારતીય વાટાઘાટકારો અને તેમના કેનેડિયન સમકક્ષો વચ્ચેની બેઠક પહેલાં રવિવારે એક નિવેદનમાં, આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનિન્દર સિદ્ધુએ કહ્યું, "ઊર્જાથી લઈને મહત્વપૂર્ણ ખનિજો અને એરોસ્પેસ ક્ષેત્ર સુધી, કેનેડા ભારતને જરૂરી એવો વિશ્વસનીય ભાગીદાર બનવા માટે તૈયાર છે."તેમણે ઉમેર્યું, "તેથી જ અમે એવા વેપાર કરારને આખરી ઓપ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ જે વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એકમાં કેનેડિયન વ્યવસાયો અને કામદારો માટે નવી તકો ઊભી કરશે."તેમણે વધુમાં જણાવ્યું હતું કે વાટાઘાટોનો પાંચમો રાઉન્ડ બે અઠવાડિયા પહેલાં તેમની મુંબઈની મુલાકાત અને ગયા અઠવાડિયે મિલવોકીમાં ૫૨૦ વેપાર મંત્રીઓની બેઠક દરમિયાન વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાથેની ચર્ચાઓથી મળેલી ગતિને આગળ વધારશે.તેમણે નિર્દેશ કર્યો કે ૨૦૩૫ સુધીમાં ભારતની ઊર્જાની જરૂરિયાતોમાં ૭૦%નો વધારો થશે અને ઉમેર્યું કે "કેનેડા આ જરૂરિયાત પૂરી કરવા માટે તૈયાર છે."કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે 'LNG કેનેડા ફેઝ ૨' ને ૩૩ અબજ કેનેડિયન ડોલરનું રોકાણ મળ્યું છે, જે તેને વિશ્વમાં આ પ્રકારની બીજી સૌથી મોટી સુવિધા બનાવે છે. સિદ્ધુએ નોંધ્યું હતું કે, "પાંચ વર્ષની અંદર, કેનેડા ટોચના પાંચ ન્દ્રય નિકાસકારોમાં સામેલ થઈ જશે." 'ન્દ્રય કેનેડા ફેઝ ૨' બ્રિટિશ કોલંબિયાના કિટિમેટમાં સ્થિત ટર્મિનલની ક્ષમતાને બમણી કરીને વાર્ષિક ૨૮ મિલિયન ટન સુધી પહોંચાડશે.

# ભાજપે યુપી રાજ્યસભા ચૂંટણી માટે ૮ ઉમેદવારોની જાહેરાત કરી

## ભાજપે ધરમપાલ સિંહને મેદાનમાં ઉતાર્યા, હરદીપ સિંહ પુરીને પડતા મૂકાતા આશ્ચર્ય

લખનૌ,

ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા આવનારા સમયમાં ઉત્તર પ્રદેશમાં યોજાનાર રાજ્યસભાની ૧૦ બેઠકોની ચૂંટણી માટે આઠ ઉમેદવારોના નામ જાહેર કર્યા.

ભાજપે આઠ ઉમેદવારોને ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા છે, જેમાં ઉત્તર પ્રદેશના ધારાસભ્ય (MLA) ધરમપાલ સિંહ અને વરિષ્ઠ નેતાઓ રાધાકાંત ઓઝા, ગોપી કૃષ્ણ પાંડે અને પ્રકાશ પાલનો સમાવેશ થાય છે. પક્ષે વિદ્યાસાગર સોનકરને પણ મેદાનમાં ઉતાર્યા છે, જેઓ ભૂતપૂર્વ લોકસભા સભ્ય અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ ધારાસભ્ય છે અને રાજ્યમાં ભાજપનો દલિત ચહેરો માનવામાં આવે છે.ભૂતપૂર્વ લોકસભા સભ્ય પ્રિયંકા સિંહ રાવત અને વરિષ્ઠ નેતા રામ પ્રતાપ સિંહ ચૌહાણ - જેમણે ઉત્તર પ્રદેશમાં પક્ષ માટે પાયાના સ્તરે વ્યાપક પ્રચાર કર્યો છે - તેમને પણ રાજ્યસભાની ટિકિટ આપવામાં આવી છે. ભાજપના વરિષ્ઠ નેતા અને ઝારખંડના રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવારની પુત્રી શ્રુતિ ગંગવારને પણ પક્ષે ઉમેદવાર બનાવ્યા છે.

હરદીપ પુરી અને બી.એલ. વર્માને પડતા મૂકાયા

આશ્ચર્યજનક રીતે, કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરી અને ગ્રાહક બાબતોના રાજ્ય મંત્રી બનવારી લાલ વર્મા - જેઓ રાજ્યસભાના સભ્યો છે - તેમને ભાજપે પડતા મૂક્યા છે.

# ગુનો થયા પછી આરોપીઓને પકડવા અને ધરપકડ કરવી પૂરતું નથી : સુપ્રીમ કોર્ટ

## સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં દિવસ અને રાત કડક દેખરેખનો પોલીસને આદેશ આપ્યો

નવીદિલ્હી,

દિલ્હી-એનસીઆરમાં બળાત્કાર અને જાતીય હિંસાના વધતા જતા કેસ પર સુપ્રીમ કોર્ટે સુઓ મોટો સુનાવણી હાથ ધરી હતી. સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે પ્રશ્ન એ છે કે આવા ગુનાઓને કેવી રીતે અટકાવવા. કોર્ટે કહ્યું હતું કે તે આ મુદ્દાને વધુ આગળ વધારવા માંગે છે, ખાસ કરીને શક્ય તેટલા જાતીય ગુનાઓને રોકવા માટે. કોર્ટે સ્પષ્ટપણે કહ્યું હતું કે કોઈપણ સમાજમાં બળાત્કાર અસ્વીકાર્ય છે.

સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને પૂછ્યું કે તેઓ ગુના અટકાવવા માટે શું કરી રહ્યા છે. તેમણે એમ પણ પૂછ્યું કે શું દિલ્હીમાં ગુનાઓ પર નજર રાખવા માટે વોર રૂમની જોગવાઈ છે. કોર્ટે જણાવ્યું હતું કે વિવિધ હાઈકોર્ટમાં



આવા વોર રૂમ સ્થાપિત કરવામાં આવ્યા છે. કોર્ટે જાતીય અપરાધીઓ પર રાષ્ટ્રીય ડેટાબેઝ દ્વારા શંકાસ્પદો અને જાતીય ગુનાઓમાં સંડોવાયેલા લોકો પર નજર રાખવા માટે પણ ધ્યાન કેન્દ્રિત કર્યું. કોર્ટે કહ્યું કે જો બધી એજન્સીઓ સાથે મળીને કામ કરે અને આ મુદ્દા પર ખાસ ધ્યાન આપે, તો પરિસ્થિતિ બદલી શકાય છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને આ મામલાના દરેક પાસાં પર ગંભીર ધ્યાન આપવા કહ્યું. કોર્ટે કહ્યું કે આગામી ચાર અઠવાડિયામાં આવી ઘટનાઓ ફરીથી ન બનવી જોઈએ. સુપ્રીમ કોર્ટે કોલેજોની આસપાસની પરિસ્થિતિ પર પણ ધ્યાન આપવા કહ્યું. સુનાવણી દરમિયાન, એ નોંધવામાં આવ્યું કે કેટલાક વ્યક્તિઓ છે જે મહિલા વિદ્યાર્થીઓને હેરાન કરે છે અને સતત પરેશાન કરે છે.કોર્ટને જાણ કરવામાં આવી હતી કે દિલ્હીમાં હજારો અનધિકૃત ખાવા-પીવાના સ્થળો અસામાજિક તત્વો માટે ભેગા થઈ રહ્યા છે. એ પણ બહાર આવ્યું હતું કે આમાંના કેટલાક સ્થળોએ દારૂ પણ પીરસવામાં આવતો હતો. ૨૦૧૨ના નિર્ભયા કેસનો ઉલ્લેખ કરતા, ન્યાયાધીશ જે.બી. પારડીવાલાએ જણાવ્યું હતું કે રેકોર્ડ દર્શાવે છે કે આરોપીઓ ખાવા ગયા હતા અને દારૂ પીધો હતો.

# ભારતમાં જન્મેલી માદા ચિત્તાએ કુનો નેશનલ પાર્ક ખાતે ૫ તંદુરસ્ત બચ્ચાંને જન્મ આપ્યો

## ભારતમાં ચિત્તાઓની કુલ સંખ્યા ૬૦ ને પાર

નવીદિલ્હી,

પ્રોજેક્ટ ચિત્તા માટે એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ સફળતામાં, ભારતમાં જન્મેલી ૩૨ મહિનાની માદા ચિત્તા દ્વ્ર૨૧ એ આજે કુનો નેશનલ પાર્ક ખાતે પાંચ તંદુરસ્ત બચ્ચાઓને જન્મ આપ્યો છે. આ સાથે જ ભારતમાં ચિત્તાઓની કુલ સંખ્યા વધીને ૬૦ થઈ ગઈ છે, જેમાં ભારતીય ધરતી પર જન્મેલા ૪૧ ચિત્તાઓનો પણ સમાવેશ થાય છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર એક પોસ્ટમાં આ જાહેરાત શેર કરતાં, કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે મુખી અને દ્વ્ર૧૨ પછી ક્યુનોમાં બચ્ચાંઓને જન્મ આપનારી દ્વ્ર૨૧ એ ભારતમાં જન્મેલી ત્રીજી માદા ચિત્તા છે. તેમણે ઉમેર્યું હતું કે આ ઘટનાક્રમ ભારતના ચિત્તાઓની આગામી પેઢીના ઉદભવમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.શ્રી યાદવે જણાવ્યું હતું કે આ પાંચ બચ્ચાઓનો જન્મ ભારતમાં બોત્સ્વાના વંશાવલીની શરૂઆત પણ દર્શાવે છે, કારણ કે તેમના પિતા બોત્સ્વાનાથી લાવવામાં આવેલ નર ચિત્તા છે. તેમણે કહ્યું કે આનાથી ભારતમાં વધી રહેલી ચિત્તાઓની વસ્તીમાં એક નવો આનુવંશિક વંશ ઉમેરાય છે.કેન્દ્રીય મંત્રીએ આ ઘટનાને ભારતીય ધરતી પર જન્મેલી ચિત્તાઓની આગામી પેઢી તરીકે વર્ણવી અને ભારતમાં ચિત્તાઓના પુનઃસ્થાપનની ગાથામાં એક નવો અધ્યાય ઉમેર્યો.

# રશિયાના સાઈબિરીયા ક્ષેત્રમાં એન્ટી-પ્લેગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના કર્મચારીના મોતથી ગભરાટ

## પ્લેગની શક્યતાને કારણે ૨૦૦ લેબ કામદારોને ક્વોરેન્ટાઇન કરવામાં આવ્યા

મોસ્કો,

રશિયાના સાઈબિરીયા ક્ષેત્રમાં એન્ટિ-પ્લેગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં એક પ્રયોગશાળા કાર્યકરના મૃત્યુથી પ્લેગ ફાટી નીકળવાની આશંકા છે. રાજ્ય સંચાલિત સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, આ ઘટના ઈર્કુત્સ્ક નજીક શેલેખોવમાં એન્ટિ-પ્લેગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં બની હતી. રશિયાની ફેડરલ હેલ્થ મોનિટરિંગ એજન્સી, રોસ્પોટ્રેબનાડઝોરે જણાવ્યું હતું કે મૃતક કર્મચારીને અજાણ્યા કારણોસર ન્યુમોનિયા હતો. પ્લેગની શક્યતાને કારણે લગભગ ૨૦૦ લેબ કામદારોને ક્વોરેન્ટાઇન કરવામાં આવ્યા છે.

લેબ વર્કરને ન્યુમોનિયા થયો હોવાનું જાણવા મળે છે. લક્ષણો વધુ ખરાબ થયા, જેના કારણે તેનું મૃત્યુ થયું. ઈર્કુત્સ્ક નજીક શેલેખોવમાં સ્થિત એન્ટી-પ્લેગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, વિશ્વના સૌથી ઘાતક અને ચેપી રોગો પર સંશોધન કરે છે. રશિયાની ફેડરલ હેલ્થ મોનિટરિંગ એજન્સી, રોસ્પોટ્રેબનાડઝોરે જણાવ્યું હતું કે મૃતક કર્મચારીને અજાણ્યા કારણોસર ન્યુમોનિયા હતો, અને ઈર્કુત્સ્ક, ઈર્કુત્સ્ક શહેર અને શેલેખોવમાં કામદારોનું સ્વાસ્થ્ય હાલમાં સ્થિર છે.

ઘટના બાદ સ્થાનિક રોગચાળા વિરોધી પરિષદે એક કટોકટી બેઠક યોજી હતી. ઈર્કુત્સ્કના ગવર્નર ઈગોર કોબઝેવે લોકોને ગભરાશો નહીં તેવી વિનંતી કરી હતી, ચિંતા કરવાની કોઈ જરૂર નથી. તેમણે કહ્યું કે આ બેઠક વિસ્તારના એક રહેવાસીએ અત્યંત ખતરનાક ચેપના શંકાસ્પદ કેસની જાણ કર્યા બાદ બોલાવવામાં આવી હતી. સરકારી ખાતરીઓ છતાં, મૃત્યુથી ન્યુમોનિક પ્લેગના સંભવિત કેસ અંગે ચિંતા વધી છે. શેલેખોવની આસપાસ પણ સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. સંશોધન કેન્દ્ર નજીક એક ઔદ્યોગિક એલ્યુમિનિયમ સુવિધાએ કર્મચારીઓને ફેસ કવરિંગ્સ પહેરવાની સૂચના આપી હતી. ઈર્કુત્સ્ક એલ્યુમિનિયમ પ્લાન્ટના વડા આર્ટેમ ફોમિનીખે ચાલુ અટકળો વચ્ચે લોકોને શાંત રહેવાની સલાહ આપી હતી.

# ચૂંટણી કમિશનરોની નિમણૂક પારદર્શક નથી, મણિશંકર ઐયરે સીઈસી પર સવાલ ઉઠાવ્યા

શ્રીનગર,

પાકિસ્તાન અને સર્જિકલ સ્ટ્રાઈક જેવા મુદ્દાઓ પર પોતાના નિવેદનો માટે સમાચારમાં રહેલા કોંગ્રેસના નેતા મણિશંકર ઐયરે હવે મુખ્ય ચૂંટણી કમિશનર પર પણ ટિપ્પણી કરી છે. પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું, "મને લાગે છે કે મુખ્ય ચૂંટણી કમિશનરનું વર્તન શરમજનક રહ્યું છે." આ દરમિયાન, ઐયરે બંને ચૂંટણી કમિશનરોની ટીકા કરી. તેમણે કહ્યું કે બંને ચૂંટણી કમિશનરોનું વર્તન પણ સારું નહોતું, કારણ કે તેમણે જાહેરમાં લખેલી ૧૪-૧૫ નોંધોનું સમર્થન કર્યું ન હતું. "તેથી, હું ખરેખર માનું છું કે આ અત્યાર સુધીના સૌથી ખરાબ ચૂંટણી કમિશનરો છે."

તેમણે આગળ કહ્યું, "મને લાગે છે કે ચૂંટણી પંચ તાજેતરમાં સુધી સંપૂર્ણપણે સ્વતંત્ર રીતે કાર્ય કરી રહ્યું હતું. મને નથી લાગતું કે બંધારણીય સંસ્થાને કાયદેસર રીતે સ્વતંત્ર બનાવવી જરૂરી છે. સુપ્રીમ કોર્ટને સ્વતંત્ર કહેવામાં આવતી નથી; તે એક બંધારણીય સંસ્થા છે. તેથી, તેને બંધારણીય સંસ્થા બનાવીને, તમે આપમેળે તેની સ્વતંત્રતા સુનિશ્ચિત કરો છો. પરંતુ પછી ગડબડ થઈ ગઈ છે. આ કમિશનરો અને ન્યાયાધીશોની નિમણૂક કરીને, નિમણૂકની પ્રક્રિયા બિલકુલ પારદર્શક નથી."

# સીઈસી એસઆઈઆર અને બેલેટ પેપર: કોંગ્રેસ અધ્યક્ષે સરકારને ત્રણ શરતો યાદ અપાવી

## ખડગેએ રાજધાનીમાં મહિલા પત્રકારો સાથે સંકળાયેલી કથિત ઘટના પર પણ ચિંતા વ્યક્ત કરી

નવીદિલ્હી,

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું, "આ માંગણીઓના સમર્થનમાં પાર્ટીના કાર્યકરો અને ઈન્ડિયા ગઠબંધનના સાથીઓ દેશભરમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે."

ખડગેએ લખ્યું, "કોંગ્રેસ પાર્ટી પાસે ત્રણ બિન-વાટાઘાટોપાત્ર માંગણીઓ છે. પહેલી, જ્ઞાનેશ કુમારનું રાજીનામું; બીજી, એસઆઈઆર રદ કરવી; અને ત્રીજી, બેલેટ પેપર દ્વારા ચૂંટણી યોજવી.

કોંગ્રેસ કાર્યકરો અને ઈન્ડિયા ગઠબંધનના સાથીઓ આ ત્રણ



મુદ્દાઓ પર દેશભરમાં રસ્તાઓ પર છે. અમે દેશભરમાં વિવિધ સ્થળોએ આ મુદ્દાઓ પર લડી રહેલા તમામ નાગરિક સમાજના સભ્યો અને યુવા સંગઠનોની સાથે ઉભા છીએ."

ખડગેએ રાજધાનીમાં મહિલા પત્રકારો સાથે સંકળાયેલી કથિત ઘટના પર પણ ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, "બીજી તરફ, ભાજપે દિલ્હીમાં મહિલા પત્રકારોને હેરાન કર્યા છે, જે ખૂબ જ નિંદનીય છે. સરમુખત્યાર ખૂબ જ નર્વસ છે. દિશાવિહીન યુક્તિઓના બીજા પ્રકરણ માટે તૈયાર રહો."

કોંગ્રેસ અધ્યક્ષની ટિપ્પણી ૩ ઓક્ટોબરે રાજધાનીમાં ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન અને અન્ય જૂથો દ્વારા એસઆઈઆર પ્રક્રિયાને લઈને મુખ્ય ચૂંટણી કમિશનર સામે કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનના સંદર્ભમાં આવી હતી. જંતર-મંતર પાસે વિરોધ દરમિયાન,એઆઈએસએ પ્રમુખ નેહા બોરા અને વરિષ્ઠ વકીલો કપિલ સિબ્બલ અને પ્રશાંત ભૂષણ સહિત ઘણા વિરોધીઓએ પોલીસ બેરિકેડ તોડવાનો પ્રયાસ કર્યો.

# ફોર્મ ૬ માં ગેરકાયદેસર અને એકપક્ષીય ફેરફારો કરવામાં આવ્યા : વિપક્ષ નેતા રાહુલ ગાંધી ગાંધી

## લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ફરીથી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર નિશાન સાધ્યું

નવીદિલ્હી,

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ફરીથી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર નિશાન સાધ્યું છે. તેમણે આરોપ લગાવ્યો છે કે જ્ઞાનેશ કુમારે ગેરકાયદેસર અને એકપક્ષીય રીતે ફોર્મ ૬, જે મતદાર નોંધણી ફોર્મ છે, તેમાં ફેરફાર કર્યો છે. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટની ટિપ્પણીઓ પછી આ શંકાની બહાર સ્થાપિત થઈ ગયું છે.

સોમવારે, રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કહ્યું, "હવે એ શંકાની બહાર સ્થાપિત થઈ ગયું છે કે



જ્ઞાનેશ કુમારે ગેરકાયદેસર અને એકપક્ષીય રીતે ફોર્મ ૬ માં ફેરફાર કર્યા છે. આ ભાજપને મદદ કરવા માટે તેમના પદના દુરુપયોગનો વધુ પુરાવો છે. લોકશાહી પરના આ ગુનાહિત હુમલામાં સામેલ તેઓ અને અન્ય તમામ લોકો જવાબદાર રહેશે." રાહુલ ગાંધીએ પોતાના દાવાને સમર્થન આપવા માટે ચૂંટણી પંચની જૂની પ્રેસ રિલીઝનો ફોટો પણ શેર કર્યો.

ખરેખર, સુપ્રીમ કોર્ટે સોમવારે સ્પષ્ટતા કરી કે તેણે નવા મતદારોની નોંધણી માટે ઉપયોગમાં લેવાતા સુધારેલા ફોર્મ ૬ ને મંજૂરી આપી નથી ત્યારે વિવાદ વધુ વધ્યો. આ ફોર્મનો ઉપયોગ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન દરમિયાન મતદાર યાદીમાં નવા મતદારો ઉમેરવા માટે થાય છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંતે સુનાવણી દરમિયાન કહ્યું, "અમે કોઈપણ સુધારેલા ફોર્મ ૬ ને મંજૂરી આપી નથી. આ સ્પષ્ટ છે. જ્યારે રેકોર્ડ ઉપલબ્ધ થશે, ત્યારે અમે જોવા માંગીશું કે ફેરફારો કોણે કર્યા."૨૬ સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલા એક નિવેદનમાં, ચૂંટણી પંચે જણાવ્યું હતું કે જૈંઇ માટે ફોર્મ ૬ સાથે જોડાયેલ ઘોષણાને સુપ્રીમ કોર્ટે સમર્થન આપ્યું છે. પંચે જણાવ્યું હતું કે ચૂંટણી નોંધણી નિયમો, ૧૯૬૦ હેઠળ નિર્ધારિત ફોર્મનો ઉપયોગ જૈંઇ સિવાયના સમયગાળા માટે કરવામાં આવશે.

કોકરોચ જનતા પાર્ટીના કાર્યકર આશુતોષ રંકાએ દાવો કર્યો હતો કે કમિશને પાછળથી પ્રેસ રિલીઝ દૂર કરી દીધી.

# તબીબી ક્ષેત્રનો નોબેલ પુરસ્કાર કાર્લ ડેઈસેરોથ, પીટર હેગેમેન અને જ્યોર્જ નાગેલને એનાયત કરવામાં આવ્યો

સ્ટોકહોમ (સ્વીડન),

૨૦૨૬ નો ફિઝિયોલોજી અથવા મેડિસિનમાં નોબેલ પુરસ્કાર કાર્લ ડીસેરોથ, પીટર હેગેમેન અને જ્યોર્જ નાગેલને પ્રકાશ-ગેટેડ આયન ચેનલો અને ઓપ્ટોજેનેટિક્સ સંબંધિત તેમની શોધ માટે એનાયત કરવામાં આવ્યો છે. સોમવારે કેરોલિન્સ્કા ઈન્સ્ટિટ્યૂટ ખાતે નોબેલ એસેમ્બલી દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી.

તેમના કાર્યથી કોષો, ખાસ કરીને ચેતા કોષોનો અભ્યાસ કરવાની એક શક્તિશાળી રીત સ્થાપિત કરવામાં મદદ મળી, જે પ્રકાશનો ઉપયોગ કરીને તેમની પ્રવૃત્તિને નિયંત્રિત કરે છે. ઓપ્ટોજેનેટિક્સ તરીકે ઓળખાતા આ અભિગમે સંશોધકોને ઘણી પરંપરાગત તકનીકો કરતાં ઘણી વધુ ચોકસાઈ સાથે ચોક્કસ ચેતાકોષોને સક્રિય અથવા શાંત કરવાની મંજૂરી આપીને ન્યુરોસાયન્સમાં પરિવર્તન લાવ્યું છે.

ઓપ્ટોજેનેટિક્સ પસંદ કરેલા કોષોની પ્રવૃત્તિને નિયંત્રિત કરવા માટે આનુવંશિકતાને પ્રકાશ-આધારિત તકનીકો સાથે જોડે છે. આ અભિગમના કેન્દ્રમાં ઓપ્સિન તરીકે ઓળખાતા પ્રકાશ-સંવેદનશીલ પ્રોટીન છે. આ પ્રોટીન નાના મોલેક્યુલર સ્વીચોની જેમ કાર્ય કરી શકે છે. જ્યારે ચોક્કસ કોષોમાં દાખલ કરવામાં આવે છે, ત્યારે તેઓ તે કોષોને પ્રકાશનો પ્રતિભાવ આપી શકે છે, જેનાથી સંશોધકો ચોક્કસ સમયસર પ્રકાશ ઉત્તેજના સાથે તેમની પ્રવૃત્તિને નિયંત્રિત કરી શકે છે.

આ ટેકનોલોજીનો વિકાસ પ્રકાશને પ્રતિભાવ આપતા માઈક્રોબાયલ પ્રોટીનને લગતી શોધો દ્વારા શક્ય બન્યો. શેવાળમાં પ્રકાશ-સંવેદનશીલ પ્રોટીન પર પીટર હેગેમેનના સંશોધનથી ચેનલરોડોપ્સિન ઓળખવામાં મદદ મળી, જ્યારે જ્યોર્જ નાગેલે તેમના ગુણધર્મોને સમજવામાં અને તેમના કાર્યને દર્શાવવામાં ફાળો આપ્યો. ત્યારબાદ કાર્લ ડીસેરોથે આ શોધોને ન્યુરોસાયન્સ માટે અનુકૂલિત કરવામાં અને ન્યુરોન્સની પ્રવૃત્તિને નિયંત્રિત કરવા માટે પ્રકાશ-સંવેદનશીલ પ્રોટીનનો ઉપયોગ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી. તેમના કાર્યથી ન્યુરલ સર્કિટ અને વર્તનની તપાસ માટે ઓપ્ટોજેનેટિક્સને એક સાધન તરીકે સ્થાપિત કરવામાં મદદ મળી.સામાન્ય રીતે, ચેતા કોષો વિદ્યુત સંકેતો દ્વારા વાતચીત કરે છે. પ્રકાશ-ગેટેડ આયન ચેનલો સંશોધકોને તે સંકેતોને પ્રભાવિત કરવાનો માર્ગ પૂરો પાડે છે. જ્યારે ન્યુરોનમાં પ્રકાશ-સંવેદનશીલ ચેનલ વ્યક્ત થાય છે, ત્યારે તેને યોગ્ય પ્રકાશમાં ખુલ્લા પાડવાથી આયનો કોષ પટલમાં ફરવા માટેનું કારણ બની શકે છે. આ ચેતાકોષની વિદ્યુત સ્થિતિ બદલી શકે છે અને ઉપયોગમાં લેવાતી સિસ્ટમના આધારે, તેની પ્રવૃત્તિને સક્રિય અથવા અવરોધિત કરી શકે છે.

પ્રકાશથી પસંદ કરેલા ચેતાકોષોને નિયંત્રિત કરવાની તે ક્ષમતા વૈજ્ઞાનિકોને તપાસ કરવાની તક આપે છે કે ચોક્કસ કોષો અને ન્યુરલ સર્કિટ વર્તન અને અન્ય કાર્યોમાં કેવી રીતે ફાળો આપે છે. ચેનલરોડોપ્સિન પરના સંશોધન દર્શાવે છે કે ઉચ્ચ ટેમ્પોરલ ચોકસાઈવાળા કોષોમાં વિદ્યુત પ્રવૃત્તિને ટ્રિગર કરવા માટે પ્રકાશનો ઉપયોગ કરી શકાય છે. પછીના કાર્યથી નર્વસ સિસ્ટમનો અભ્યાસ કરવા માટે ઓપ્ટોજેનેટિક્સને એક શક્તિશાળી પદ્ધતિ તરીકે સ્થાપિત કરવામાં મદદ મળી.

# સામાન્ય માણસ સહિતના નાગરિકનો મતદાનનો અધિકાર ગંભીર જોખમમાં: રાજકોટમાં SCના પૂર્વ જસ્ટિસનું નિવેદન

## સરકાર દ્વારા ચૂંટણી કમિશનરોની નિમણૂકનો અધિકાર સંપૂર્ણપણે પોતાના હાથમાં લઈ લેવાનો નિર્ણય લોકશાહી માટે 'ખતરાની ઘંટી'



રાજકોટ : સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ રોહિન્ટન ફલી નરીમાન ૨૭ સપ્ટેમ્બરે રાજકોટની મુલાકાતે આવ્યા હતા. ત્યારે તેઓ રાજકુમાર કોલેજમાં 'બંધારણ અને સામાન્ય માણસ' વિષય પર બોલી રહ્યા હતા, ત્યારે તેમને ભારતીય ચૂંટણી પંચની કામગીરી પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

પૂર્વ જસ્ટિસ નરીમાને કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં ૯ મિલિયન મતદારોના નામ કાઢી નાખવા છતાં, સુપ્રીમ કોર્ટે મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝનને રોકવા માટે કોઈ નક્કર પગલાં લીધા નથી. સામાન્ય માણસ સહિતના નાગરિકને યાદીમાંથી બહાર કરી દેવા, જેથી સરકાર જે ઇચ્છે છે તે મેળવી શકે. મતદાનનો અધિકાર ગંભીર જોખમમાં છે.

નરીમાને સરકાર દ્વારા ચૂંટણી કમિશનરોની નિમણૂકનો અધિકાર સંપૂર્ણપણે પોતાના હાથમાં લઈ લેવાના નિર્ણયને લોકશાહી માટે 'ખતરાની ઘંટી' સમાન ગણાવ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ પ્રકારે યોગ્ય રીતે કે સ્વતંત્ર રીતે કાર્ય ન કરી શકે તેવા ચૂંટણી પંચનું હોવું અત્યંત ચિંતાજનક છે. સર્વોચ્ચ અદાલતે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર અધિનિયમની બંધારણીય માન્યતા પર વહેલામાં વહેલી તકે યોગ્ય આખરી નિર્ણય લેવો જોઈએ.

પૂર્વ જસ્ટિસ નરીમાને યાદ કર્યું કે, અનુપ બરનવાલ વિરુદ્ધ ભારત સંઘ (૨૦૨૩)ના કેસમાં, સુપ્રીમ કોર્ટે વચગાળાના પગલા તરીકે આદેશ આપ્યો હતો કે CECની નિમણૂક વડા પ્રધાન, લોકસભામાં વિરોધ પક્ષના નેતા (અથવા સૌથી મોટા વિરોધ પક્ષના નેતા) અને ભારતના મુખ્ય ન્યાયાધીશની બનેલી સમિતિ દ્વારા કરવામાં આવે. જોકે, સરકારે ટૂંક સમયમાં મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરો (નિમણૂક, સેવાની શરતો અને કાર્યકાળ) અધિનિયમ, ૨૦૨૩ લાગુ કર્યો, જેનાથી CJIને સમિતિમાંથી દૂર કરવામાં આવ્યા અને તેમના સ્થાને વડાપ્રધાન દ્વારા નિયુક્ત કેન્દ્રીય કેબિનેટ મંત્રીને નિયુક્ત કરવામાં આવ્યા.

તેમણે સમજાવ્યું કે મુખ્ય ચૂંટણી કમિશનરને ફક્ત સુપ્રીમ કોર્ટ અથવા હાઈકોર્ટના ન્યાયાધીશની જેમ જ દૂર કરી શકાય છે, જેથી તેમનો કાર્યકાળ સુરક્ષિત રહે. આ તેમની સ્વતંત્રતાનું રક્ષણ કરવા માટેનું એક પગલું હતું.નરીમાને કહ્યું હતું કે, જો ચૂંટણી કમિશનરોની નિમણૂક વર્તમાન સરકારના હાથમાં હોય, તો દૂર કરવાની પ્રક્રિયા તેમની સ્વતંત્રતા અને નિષ્પક્ષતાને નોંધપાત્ર રીતે અસર કરતી નથી. દુ:ખની વાત છે કે, આ બધું તાજેતરમાં કોર્ટ સમક્ષ આવ્યું. બે ન્યાયાધીશોના અલગ અલગ મંતવ્યો હતા. હવે આ મામલો પાંચ ન્યાયાધીશોની બેન્ચ સમક્ષ છે જે નક્કી કરશે કે આ કાયદો સાચો છે કે નહીં. દરમિયાન, વર્તમાન સરકાર દ્વારા આ નિમણૂકો ચાલુ છે. અમે તાજેતરમાં આનો ભય જોયો છે. તમે બધાએ જોયું હશે કે પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ૯ મિલિયન મતદારોને મતદાનનો અધિકાર નકારવામાં આવ્યો હતો; આ એક ચોંકાવનારો આંકડો છે.

'૯ મિલિયન મતદારોના મતાધિકારથી વંચિત હોવા છતાં, સુપ્રીમ કોર્ટે આને રોકવા માટે કોઈ નક્કર પગલાં લીધાં નથી. જેમના અધિકારોથી વંચિત હતા, તેમાંથી આશરે ૨૨ લાખ મતદારોએ અપીલ કરી હતી. બાકીના લોકો પાસે ન્યાય મેળવવાના સાધનો અથવા પહોંચનો અભાવ હોઈ શકે છે. આ ૨૨ લાખ મતદારોમાંથી આશરે ૧,૦૦,૦૦૦ મતદારોની અપીલનો નિર્ણય ૯૩% મતદારોના પક્ષમાં લેવામાં આવ્યો હતો. તેથી, તમે કલ્પના કરી શકો છો કે આ સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. સામાન્ય માણસ, ભારતીય નાગરિકોને હાંકી કાઢવા માટે, જેથી સરકાર પોતાના હેતુઓ પ્રાપ્ત કરી શકે. પશ્ચિમ બંગાળમાં, અમે જોયું કે તેણે વર્તમાન સરકારને ઉથલાવી દીધી અને તેની જગ્યાએ કેન્દ્ર સરકાર બનાવી. આજે આપણા દેશમાં આ ખૂબ જ ચિંતાજનક ઘટનાક્રમ છે.'

# રાજકોટના જમીન માફિયા અલ્પેશ દોંગા સામે વધુ એક ફરિયાદ દાખલ

## ખેડૂતને રૂ.૯ લાખ વ્યાજે આપી અઢી કરોડની જમીન પડાવી, ૧ કરોડની ખંડણી માંગી, બે ની ધરપકડ

રાજકોટ:રાજકોટના સૌથી મોટા જમીન કૌભાંડી અલ્પેશ દોંગા સામે વધુ એક ફરિયાદ નોંધાઈ છે. રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાયેલી ફરિયાદમાં ખેડૂતને ૯ લાખ રૂપિયા વ્યાજે આપીને તેની કિંમતી જમીન કે જેની બજાર કિંમત અઢી કરોડ છે તે પોતાને નામ કરાવી લીધી. ખેડૂતે જમીન પાછી માંગતા અલ્પેશ દોંગાએ રૂપિયા ૧ કરોડની ખંડણી આપવાની માંગ કરી હતી. ઉલ્લેખનીય છે કે આ કેસમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી મુખ્ય આરોપી અલ્પેશ દોંગાનો જેલમાંથી કબ્જો મેળવી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ખેડૂતોની જમીન પચાવી પાડીને છેતરપિંડી આચરનાર જમીન માફિયા અલ્પેશ દોંગા સામે ક્રાઈમ બ્રાન્ચમાં વધુ એક ફરિયાદ નોંધાઈ છે. લાલજીભાઈ નામના ખેડૂતે અલ્પેશ દોંગા પાસેથી ૯ લાખ રૂપિયા અઢી ટકા વ્યાજે લીધાં હતા. બદલામાં અલ્પેશ દોંગાએ તેની જમીન કે જેની બજાર કિંમત અઢી કરોડ રૂપિયા છે તે સબ રજીસ્ટ્રાર



ઓફિસમાં લખાવી લીધી હતી.

જ્યારે ફરિયાદીએ તેને લીધેલી વ્યાજની રકમ અને મુદ્દલ મળીને કુલ ૧૩ લાખ રૂપિયા ચૂકવી દીધા છતાં અલ્પેશે તેની જમીન પાછી આપી નહિ અને એક કરોડ રૂપિયા આપશે તો જ દસ્તાવેજ રદ્દ થશે તેવું કહીને ધમકી આપી હતી. ખેડૂતને છેતરપિંડીના આ ષડયંત્રમાં અલ્પેશના રોકાણકાર જીતેન્દ્ર નશીત અને હરેશ અજાણી પણ સાથે હતા જેથી ખેડૂતની ફરિયાદ પરથી પોલીસે આ બંન્ને શખ્સોની ધરપકડ કરી જ્યારે અલ્પેશ દોંગા જ્યુડિશીયસ કસ્ટડીમાં હોય જેથી તેનો કબ્જે લેવાની તજવીજ હાથ ધરી છે.

પોલીસના કહેવા મુજબ અલ્પેશ દોંગા વર્ષ ૨૦૧૨માં મની પ્લસ સહકારી શરાફી મંડળી બનાવી હતી અને બાદમાં આ મંડળીના માધ્યમથી અલગ અલગ કાર્યક્રમો કરીને ખેડૂતોને બોલાવતો હતો. જે ખેડૂતોને રૂપિયાની જરૂરિયાત હોય તેને અઢી ટકા વ્યાજે નાણા આપતો હતો અને બદલામાં તેની કિંમતી જમીન પોતે લખાવી દેતો હતો. અલ્પેશ એટલો શાતિર હતો કે ખેડૂતની જમીન ખેડૂતને સાથે રાખીને સબ રજીસ્ટ્રાર ઓફિસમાં જ પોતાના અથવા તો તેના રોકાણકારોના નામે કરાવતો હતો અને ખેડૂત જ્યારે તેને રૂપિયા પરત આપે ત્યારે તેની જમીન આપતો નહિ. ખેડૂતની મરજીથી દસ્તાવેજ થયો હોવાથી ખેડૂત લાચાર બની કંઇ કરી શકતો ન હતો. અને જમીન પરત માંગવા માટે કરોડો રૂપિયાની ખંડણી માંગતો હતો. અલ્પેશ દોંગા વિરુદ્ધ આ જ પ્રકારના કુલ ૧૪ જેટલા ગુનાઓ નોંધાઇ ચૂક્યા છે.

# માલિયાસણ નજીક કારમાંથી વિદેશી દારૂની ૫૨૮ બોટલ સાથે બે બુટલેગર ઝડપાયા

## પીસીબીની ટીમ ત્રાટકી : દારૂ, કાર મળી રૂ.૬.૩૯ લાખનો મુદ્દામાલ કબજે



રાજકોટ: રાજકોટ- ચોટીલા ધોરીમાર્ગ પર આવેલ માલિયાસણ ગામ નજીક પીસીબીની ટીમ ત્રાટકી હતી અને સ્વીફ્ટ કારમાંથી રૂ.૧.૩૯ લાખની કિંમતની ૫૨૮ બોટલ દારૂ સાથે સુનિલ સોલંકી અને સાગર મકવાણાની ધરપકડ કરી દારૂ અને વાહન મળી ૬.૩૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

દરોડાની વિગત મુજન, વિદેશી દારૂ બંધીનો કડક અમલ કરવા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર દ્વારા આપેલી સુચના ને પગલે પીસીબીના પીઆઇ એમ.આર ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઇ પી.બી.ત્રાજિયા ,આર.કે.જાડેજા સહિતના સ્ટાફ દ્વારા શહેરના પ્રવેશદ્વારો નજીક વાહન ચેકિંગ અને પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું,

ત્યારે આજી નદીના કાંઠે આવેલ ચુનારાવાડમાં રહેતો સુનિલ કિશન સોલંકી અને દૂધસાગર રોડ નજીક શિવાજીનગરમાં રહેતો સાગર ભરત મકવાણા નામનો શખ્સ કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને આવી રહ્યા હોવાની મળેલી એએસઆઇ મહિપાલસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ રાણા અને કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે બેડી ચોકડીથી માલિયાસણ ગામ તરફ જતા માર્ગ ટીમે વોચ ગોઠવી હતી.ત્યારે સ્વીફ્ટ કાર પૂરપાટ ઝડપે આવતાં તેને અટકાવી તલાસી લેતા જેમાંથી રૂપિયા ૧.૩૯ લાખની કિંમતની ૫૨૮ બોટલ દારૂ સાથે સુનિલ સોલંકી અને સાગર મકવાણાની ધરપકડ કરી હતી પોલીસે કાર અને વાહન મળી રૂપિયા ૬.૩૯ લાખનો મુદ્દામાત કબજે કર્યો હતો ત્યારે ઝડપાયેલા બંને શખ્સો આ દારૂનો જથ્થો કોની પાસેથી લાવ્યા અને કોને ડિલિવરી આપવાની હતી તે મુદ્દે તપાસ માટે બંનેની રિમાન્ડ મેળવવા તજવીજહાથ ધરવામાં આવી છે

# ૩૦થી ૫૦ વર્ષની વયની ૯ પરિણીતાને ફસાવનાર જિમ સંચાલક આમીન મુલતાનીની પોલીસે કરી આકરી સરભરા

## વીડિયો કોલથી પરિણીતાને ન્યૂડ થવા દબાણ કરી ફોટા પાડ્યા બાદ શરીરસંબંધ બાંધતો હતો

રાજકોટ:સુરેન્દ્રનગરનાં જિમ સંચાલક વકીલ આમીન મુલતાનીને સોમવારે રાજકોટ રેન્જ આઇજી કચેરીએ લાવવામાં આવ્યો હતો અને તેની આગવી ઢબે પૂછપરછ કરવામાં આવતાં ૩૦થી ૫૦ વર્ષની ૯ જેટલી પરિણીતાઓને જાળમાં ફસાવી ન્યૂડ ફોટા પાડી શારીરિક સંબંધ બાંધવાનું છેલ્લા ચાર વર્ષથી રેકેટ ચલાવતો હોવાની કબૂલાત કરી હતી.પીઆઇ આર.એમ. સંગાડાએ જણાવ્યું હતું કે, આરોપી આમીન મુલતાની પાસેથી કબજે કરાયેલી પેનડ્રાઇવ અને મોબાઇલમાંથી ૫૦ જેટલી પરિણીતાઓ અને યુવતીઓના આશરે ૧૩૦૦ જેટલા ફોટોગ્રાફ મળી આવ્યા હતા.

જેમાંથી ૯ પરિણીત મહિલાઓ સાથે તેને સંબંધ હોવાની હકીકત પ્રકાશમાં આવી છે. આ પરિણીતાઓમાં ૭ જેટલી પરિણીતાઓ ૩૦થી ૪૦ વર્ષ વચ્ચેની અને ૨ પરિણીતાઓ ૪૫થી ૫૦ વર્ષની છે. આ ઉપરાંત આરોપીની ઓફિસમાંથી ૧૭ જેટલા વ્યાજે નાણાં લેનાર લોકોના ચેક મળી આવતાં તેમને પણ પોલીસે તેડું મોકલ્યું છે.

પીઆઇ સંગાડાએ જણાવ્યું હતું કે, આરોપી પોતાના જિમની રિસેપ્શનિસ્ટ મારફત પરિણીતાઓ સાથે પરિચય કેળવી તેમનો મોબાઇલ નંબર જિમના રજિસ્ટરમાંથી મેળવી ફરિયાદીના મોબાઇલમાંથી પ્રથમ સંપર્ક કરતો હતો. તેની સાથે સંબંધ આગળ વધ્યા બાદ પોતાના મોબાઇલમાંથી વીડિયો કોલ કરી પરિણીતાને યેનકેન પ્રકારે જાળમાં ફસાવી ન્યૂડ થવા ફરજ પાડતો હતો અને બાદમાં તેના ફોટા પાડી લઈને તેના આધારે બ્લેકમેઇલ કરી શારીરિક સંબંધ બાંધતો હતો.



તપાસનીશ અધિકારીએ જણાવ્યું હતું કે, તપાસ દરમિયાન કુલ ૧૭ લોકોના ચેક આરોપીના જિમમાંથી મળી આવ્યા છે. આ તમામ લોકોને બોલાવવામાં આવ્યા છે અને તેમની પાસેથી આરોપીએ કેટલું વ્યાજ વસૂલ્યું છે તેની જાણ થયા બાદ વ્યાજખોરીનો ગુનો નોંધાશે. આરોપી પાસે અગાઉ શાહુકાર ધારાનું લાઇસન્સ હતું, પરંતુ તે ૨૦૨૫માં એક્સપાયર થઈ ગયું છે અને અમારી પાસે જે ૧૭ લોકોનું લિસ્ટ છે, તે ૨૦૨૬માં આરોપીની વ્યાજખોરીની ચુંગાલમાં ફસાયેલા લોકો છે.રિમાન્ડ દરમિયાન પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે આરોપી આમીન મુલતાની માત્ર ગુનાહિત માનસિકતા ધરાવતો જ નહી, પરંતુ ભારે આર્થિક ગેરરીતિઓ આચરવામાં પણ માહિર હતો. વ્યવસાયે એડવોકેટ હોવાથી કાયદાની છટકબારીઓથી સુપેરે માહિતગાર આમીનની છેલ્લા કેટલાક મહિનાઓથી જિમનું ભાડું તેમજ સરકારી વેરા પણ ચૂકવતો ન હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

તપાસમાં સામે આવ્યું છે કે સુરેન્દ્રનગરના ૮૦ ફૂટ રોડ પર આવેલા 'ક્લબ ૭૧' જિમનું માસિક રૂ.૭૦,૦૦૦ ભાડું છેલ્લા ૩ મહિનાથી બાકી હતું. જ્યારે ટીબી રોડ પર આવેલા બીજા જિમનું માસિક રૂ. ૪૫,૦૦૦ લેખે છેલ્લા ૯થી ૧૦ મહિનાનું ભાડું આરોપીએ ચૂકવ્યું ન હતું. આ ઉપરાંત જિમ સંબંધિત સ્થાનિક ટેક્સની રકમ પણ તેણે ભરી ન હોવાનું સામે આવ્યું છે.

ઝાકઝમાળ અને વીજળીના અજવાળે ધમધમતા આ બંને જિમનું વીજબિલ પણ બાકી હતું. આરોપી આમીને બંને જિમના અંદાજે રૂ.૩,૦૦,૦૦૦ના વીજબિલ ન ભરતાં આખરે પીજીવીસીએલ દ્વારા બંને જિમનાં વીજ કનેક્શન કાપી નાખવામાં આવ્યાં હતાં.ઉલ્લેખનીય છે કે, મહિલાઓને બ્લેકમેઇલ કરવાના કૌભાંડની ફરિયાદ નોંધાતાં જ પોલીસે બંને જિમ સીલ કરી દીધાં છે. કાયદાના રક્ષક બનીને કાયદાનો અનાદર કરનાર આમીન મુલતાની સામે પોલીસે સકંજો વધુ મજબૂત કર્યો છે.

# વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચરનાર શિક્ષક-મોહિત ટાંક સસ્પેન્ડ

રાજકોટ:રાજકોટ શહેરમાં શિક્ષણ જગતને લાંછન લગાવતો અને ગુરુ-શિષ્યના પવિત્ર સંબંધને શર્મસાર કરતો એક અત્યંત ચકચારમચાવતો કિસ્સો સામે આવ્યો છે. ધોરણ-૯માં અભ્યાસ કરતી ૧૪ વર્ષની સગીર વિદ્યાર્થિનીને ગણિત વિષયમાં સારા માર્ક્સ અપાવવાની લાલચ અને નાપાસ કરવાની ધમકી આપીને દુષ્કર્મ આચરનાર સરકારી શાળાના શિક્ષક મોહિત ટાંકને આખરે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે. પોલીસ દ્વારા તેની ધરપકડ બાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ કડક પગલાં લેતાં ખાતાકીય તપાસના આદેશ આપ્યા છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટના તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા એક પરિવારની ૧૪ વર્ષની સગીર દીકરી રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નંબર ૮૮ માં અભ્યાસ કરે છે. આ જ શાળામાં ગણિત (મેથ્સ) વિષય ભણાવતા શિક્ષક મોહિત ટાંકે સગીરાને ગણિતમાં સારા માર્ક્સ અપાવવાની લાલચ આપી હતી. શરૂઆતમાં તેણે વિદ્યાર્થિનીને હગ કરીને શારીરિક અડપલાં કરવાનું શરૂ કર્યું હતું.

# રાજકોટના જુના માર્કેટ યાર્ડમાં યુવકનો આપઘાત

રાજકોટ:રાજકોટમાં ગ્રીનલેન્ડ ચોકડી નજીક આવેલા શિવનગરમાં રહેતા ૨૦ વર્ષીય યુવાન વિકાસ ભાવુભાઈ તલસાણીયાએ જુના માર્કેટ યાર્ડ સંકુલમાં ઝેરી દવા પી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. બકાલાના ગોડાઉનમાં પોતાની રોજિંદી મજૂરીનું કામ પૂર્ણ કર્યા બાદ તેણે નજીકમાં જ આવેલી ડિસ્ટ્રિક્ટ બેંકની પાછળના ભાગે જઈ ઝેર પીધા બાદ પોતાનો ફોટો અને લોકેશન ભાઈને મોકલીને બનાવની જાણ કરી હતી જેથી પરિવારજનો તુરંત ઘટનાસ્થળે પહોંચી યુવાનને ગંભીર હાલતમાં સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પરંતુ ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

આપઘાત કરનાર વિકાસ તલસાણીયા ચાર ભાઈઓમાં સૌથી નાનો હતો અને જુના માર્કેટ યાર્ડમાં વિશાલભાઈના શાકભાજીના ગોડાઉનમાં મજૂરી કામ કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. સાંજે ૭ વાગ્યા આસપાસ તે ગોડાઉનનું તમામ કામ પૂર્ણ કરી પોતાનું હોન્ડા ત્યાં જ મૂકીને નીકળી ગયો હતો. ગોડાઉન માલિક વિશાલભાઈએ હોન્ડા રેઢું પડેલું જોતાં વિકાસના ભાઈને ફોન કરીને તેની પુછપરછ કરી હતી. આ જ સમયે વિકાસે પોતાના ભાઈને ડિસ્ટ્રિક્ટ બેંક પાછળ ઝેર પી લીધું હોવાનો મેસેજ અને ફોટો મોકલ્યો હતો જેથી પરિવારજનોએ તાત્કાલિક સ્થળ પર પહોંચી તેને હોસ્પિટલ ખસેડ્યો હતો પરંતુ તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવિઝન પોલીસને જાણ કરતાં પોલીસે મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. યુવાને કયા કારણોસર આ પગલું ભર્યું તે અંગે પરિવારજનો પણ અજાણ હોવાથી પોલીસે આપઘાતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# જંગલેશ્વરમાં ઈકબાલ લોધીની થયેલી હત્યામાં મહિલાની સંડોવણી ખૂલતા ધરપકડ

રાજકોટ : જંગલેશ્વરમાં આવેલા ખ્વાજા એપાર્ટમેન્ટ નીચે સ્થિત પાનની દુકાન પાસે બે દિવસ પહેલા રાત્રે સામે જોવા જેવી નજીવી બાબતે પીરવાડી પાસે જૂના ગણેશનગરમાં રહેતા રીક્ષાચાલક ઈકબાલ ઉર્ફે જૂનાગઢી ઈબ્રાહીમભાઈ લોધી (ઉ.વ.૫૬)ની પાઈપના ઘા ઝીકી હત્યા કરવાના ગુનામાં ભક્તિનગર પોલીસે જંગલેશ્વરના નિલમ પાર્કમાં રહેતી રોશનબેન ઉર્ફે ગુડ્ડી અબ્દુલ્લા ધાડા નામની ૪૪ વર્ષની મહિલાની કાવતરાના આરોપ સબબ ધરપકડ કરી છે.

ભક્તિનગર પોલીસના સૂત્રોએ જણાવ્યું કે આ કેસમાં કુલ ત્રણ આરોપીઓ કે જેમાં દાનીશ, સુફિયાન અને રિયાઝ વિરૂધ્ધ એફઆઈઆર નોંધાઇ હતી. તપાસ દરમિયાન આરોપી રોશનબેન ઉર્ફે ગુડ્ડી સહિત વધુ ત્રણ આરોપીઓની સંડોવણી ખૂલી છે. જેમાંથી હાલ રોશનબેનની ધરપકડ કરવામાં આવી છે.

તેની સાથે અફઝલ અને શાહનવાઝ નામના વધુ બે આરોપીની પણ સંડોવણી ખૂલી છે. એફઆઈઆરમાં જે ત્રણ આરોપીના નામ હતા તે ઉપરાંત અફઝલ અને શાહનવાઝ થારમાં આરોપી રોશનબેનના ઘરે ગયા હતા. ત્યાંથી પાઈપ લઈ ત્રણ આરોપીઓ રવાના થયા હતા. તેની પાછળ રોશનબેન અને અફઝલ ઉપરાંત શાહનવાઝ ગયા હતા.

આ રીતે આ કેસમાં કુલ છ આરોપીની સંડોવણી ખૂલી છે. જેમાંથી હાલ રોશનબેનની ધરપકડ કરવામાં આવી છે. બાકીના પાંચેય આરોપીઓની ભક્તિનગર પોલીસ સાથે ક્રાઈમ બ્રાંચની ટીમો શોધખોળ કરી રહી છે.

# દારૂ ભરેલી સ્વીફ્ટ કાર રેઢી મળી: ૧૦૩૬ બોટલ કબ્જે કરાઈ

રાજકોટ:રૈયા રોડ પર ખોડીયાર હોટલ પાછળ અલ્કાપુરી સોસાયટીના ખૂણેથી દારૂ ભરેલી સ્વિફટ કારને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી કારમાંથી રૂ. ૨.૫૨ લાખનો ૧,૦૩૬ બોટલ દારૂનો જથ્થો અને કાર સહિત રૂપિયા ૫.૫૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે દારૂ ભરેલી કાર રેઢી મૂકી નાસી જનાર બુટલેગરને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.દરોડાની વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઇ ડી.પી. ઝાલા તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી.દરમિયાન હેડ કોન્સ્ટેબલ પુષ્પરાજસિંહ ગોહિલ, કરણભાઈ કોઠીવાળ, અમિતભાઈ ટુંડિયા અને કોન્સ્ટેબલ અરવિંદકુમાર ફતેપુરાને મળેલી હકીકતના આધારે રૈયા રોડ પર ખોડિયાર હોટલ પાછળ અલકાપુરી શેરી નંબર ૧/૧૨ના ખૂણે અંકલેશ્વર



મહાદેવ મંદિરના ગેટ પાસેથી રેઢી પડેલી સ્વિફટ કાર નંબર જીજે ૧ ડબલ્યુડી ૮૨૯૪ માં તપાસ કરતા અંદરથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે કારમાંથી રૂ.૨.૫૨ લાખનો ૧૦૩૬ બોટલ દારૂનો જથ્થો અને કાર સહિત રૂ.૫.૫૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂ ભરેલી કાર અહી રેઢી મૂકી નાસી જનાર બુટલેગરને ઝડપી લેવા કારના નંબરના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

બીજા દરોડામાં ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઇ વી.ડી. રાવલીયાની રાહબરી હેઠળ એએસઆઇ સમીરભાઈ શેખ અને કોન્સ્ટેબલ તૌફિકભાઈ જુણાચ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન પોપટપરા મેઈન રોડ વેરહાઉસ સામે રહેતા મયુર ઉર્ફે ચિરાગ મગનભાઈ ઝીઝુવાડીયાના મકાનમાં દરોડો પાડતા અહીંથી રૂ. ૬,૧૫૦ ની કિંમતના દારૂની ૪૧ બોટલ મળી આવ્યા હતા.જોકે આરોપી મયુર હાજર મળી આવ્યો ન હોય પોલીસે ગુનો નોંધી મયુરને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# બાબરીયા કોલોનીમાં બે પરિવારો વચ્ચે મારામારી: ૬ને ઈજા

રાજકોટ:બાબરીયા કોલોની પાસે પરમેશ્વર સોસાયટી નજીક ઝૂંપડપટ્ટીમાં રહેતા બે પરિવારો વચ્ચે બોલાચાલી બાદ મારામારી થતાં બંને પક્ષના છ લોકોને ઈજા પહોંચી હતી. બનાવમાં લોખંડના પાઈપ, વજનકાંટા અને ઈંટનો ઉપયોગ થયો હતો. ભક્તિનગર પોલીસે સામસામે ૧૨ સામે ગુનો નોંધ્યો હતો.પોલીસ ફરિયાદ મુજબ પારસ રમેશભાઈ ડાભી રવિવારે રાત્રે સાડા નવેક વાગ્યે પોતાના ઘર સામે ઝાડ નીચે બેઠો હતો. દરમિયાન પાડોશી હરેશ સમેચાનો મિત્ર ત્યાંથી પસાર થતાં હરેશે તેને 'પારસને કહે તને મૂકી





જાય' તેમ કહ્યું હતું. આ બાબતે હરેશની બહેન શોભનાબેને ટકોર કરતાં પારસ અને હરેશ વચ્ચે બોલાચાલી થઈ હતી. હરેશે પારસને કાઠલેથી પકડી ઢીકાપાટુનો માર માર્યો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો છે.

બાદમાં પારસ તથા તેના પરિવારજનો પાઈપ અને ઈંટો લઈને સામા પક્ષના ઘરે પહોંચ્યા હતા અને હુમલો કર્યો હોવાનો સામા પક્ષે આક્ષેપ કર્યો છે. આ દરમિયાન પુંજાભાઈએ પારસના વાળ પકડી રાખ્યા હતા અને હરેશે પાઈપ વડે પારસના કાનના ભાગે માર્યો હતો. પારસ સમેચાએ રેખાબેનના માથામાં પાઈપ માર્યો હતો, જ્યારે રવિએ કાજલને પાઈપથી ઈજા પહોંચાડી હતી. શોભનાબેને ઈંટથી નાક તથા માથાના ભાગે માર માર્યો હોવાનો પણ આક્ષેપ છે. હુમલામાં પારસ, રેખાબેન અને કાજલને ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પારસની ફરિયાદમાં હરેશ, પુંજાભાઈ સહિત સાત અને શોભનાબેનની ફરિયાદમાં પારસ સહિત પાંચ સામે ગુનો નોંધાયો છે. પીએસઆઈ પી.બી. વારોતરીયાએ તપાસ હાથ ધરી છે.